RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 23-06-2026 I VOL : 12 I Issue : 98 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**

સફળતા માટે શિસ્ત જરૂરી છે. મનની શાંતિ સૌથી મોટું સુખ છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3




ગાંધીનગરમાં જાહેરમાં પરબની આડમાં ધમધમતી નોનવેજની હાટડી પર સર્જિકલ સ્ટ્રાઇક...

4



કતારના બરજાન ગેસ પ્લાન્ટમાં ભીષણ વિસ્ફોટ, 54 ઈજાગ્રસ્ત, 18 લોકોની હજુ કોઈ...

6



'યા બાબા'ગીતમાં નોરાએ ફેન્સને ગાંડા કર્યા, સરપ્રાઇઝ એન્ટ્રી જોઇને સૌ કોઇ ચોંક્યા...

7



હરમનપ્રીત 200 T-20 રમનાર પ્રથમ ક્રિકેટર

## એક નજર...

### ક્રિતિ સેનને કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



ક્રિતી સેનન આ આઉટફિટમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. ક્રિતિની આ સ્ટાઇલ તમને જાન્હવી કપૂર અને નોરા ફતેહીને ભૂલી જશો. સોશિયલ મીડિયા પર ક્રિતીના લુકના ખૂબ વખાણ થઈ રહ્યા છે. ફેન્સ આ તસવીરો પર મનભરીને કોમેન્ટ કરી રહ્યા છે. એક્ટ્રેસના પરિવારનો ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે કોઈપણ જાતનો સંબંધ ના હોવા છતાં એક્ટ્રેસ આજે બૉલીવુડનો ચમકતો સિતારો બની ગઇ છે.

## NEWS TRACK

### બ્રિટનના રાજકારણમાં ભૂકંપ: PM કીર સ્ટાર્મરે આપ્યું રાજીનામું, પાર્ટી અધ્યક્ષ પદ પણ છોડ્યું

બ્રિટનના રાજકીય ગલિયારાઓમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. વડાપ્રધાન પદ છોડવાની સાથે જ તેમણે સત્તાધારી પક્ષ 'લેબર પાર્ટી'ના નેતા(અધ્યક્ષ) પદ પરથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. રાજીનામા પાછળના સંભવિત કારણો અને રાજકીય હલચલ કીર સ્ટાર્મરના આ અચાનક લેવાયેલા નિર્ણય બાદ બ્રિટિશ રાજકારણમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. પાર્ટીમાં આંતરિક વિખવાદ: સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી નીતિગત નિર્ણયો અને વહીવટી મુદ્દાઓ પર લેબર પાર્ટીની અંદર જ ભારે અસંતોષ જોવા મળી રહ્યો હતો. 100થી વધુ સાંસદો બળવો કરી ચૂક્યા હતા અને ખુદ ડોનાલ્ડ ટ્રમ્પે પણ તેમના રાજીનામાની ભવિષ્યવાણી કરી હતી. નવા નેતાની શોધ શરૂ: કીર સ્ટાર્મરના રાજીનામા બાદ હવે બ્રિટનના આગામી વડાપ્રધાન કોણ બનશે.

### સરહદ વિવાદ મુદ્દે ભારતના કડક વલણ બાદ નેપાળના બાલેન શાહનો યુટર્ન, કહ્યું- ત્રીજા પક્ષની કોઈ જરૂર નથી

નેપાળના વડાપ્રધાન બાલેન શાહે રવિવારે તેમના અગાઉના વિવાદાસ્પદ નિવેદન પર સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, નેપાળ-ભારત સરહદ વિવાદને ઉકેલવામાં તેઓ યુનાઈટેડ કિંગડમની કોઈ પણ પ્રકારની મધ્યસ્થતા ઈચ્છી રહ્યા નથી. ચિતવન જિલ્લામાં આયોજિત રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી(RSP)ના સામાન્ય અધિવેશનના ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કરતી વખતે તેમણે આ વાત કહી હતી. બાલેન શાહે ઉમેર્યું કે, કાલાપાની અને લિપુલેખ પર નેપાળ પાસે મજબૂત પુરાવા છે અને તેઓ પડોશી દેશ સાથે સીધી, પુરાવા આધારિત વાતચીત દ્વારા જ આ સરહદી પ્રશ્નો ઉકેલવા માંગે છે, તેથી કોઈએ પણ તેમના રાષ્ટ્રવાદ પર શંકા કરવાની જરૂર નથી. સંસદમાં આપેલા નિવેદનથી સર્જાયો હતો વિવાદ આ વિવાદની વિગતવાર માહિતી મુજબ, 31 મેના રોજ પ્રતિનિધિ સભામાં સાંસદોના પ્રશ્નોના જવાબ આપતી વખતે વડાપ્રધાને કહ્યું હતું કે, નેપાળે માત્ર ભારત અને ચીન જ નહીં પરંતુ બ્રિટિશ સરકાર સાથે પણ વાત કરી છે. શાસન હતું તે સમયના ઐતિહાસિક દસ્તાવેજો બ્રિટન પાસે હોવાથી તેમણે પણ આ બાબતમાં રસ લેવો જોઈએ.

### અનેક લોકો જીવ બચાવવા નીચે કૂદ્યા

# લખનઉમાં ગેમ ઝોનમાં વિકરાળ આગ, 15 વિદ્યાર્થીના મોત...

લખનઉ

યુપીની રાજધાની લખનઉમાં સોમવારે બપોરે 2:15 વાગ્યે એક બિલ્ડિંગમાં આગ લાગી ગઈ. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 15 લોકોના મોત થઈ ચૂક્યા છે. જેમાં 3 મહિલાઓ અને 12 પુરુષો સામેલ છે. મૃતકોમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે. જે બિલ્ડિંગમાં આગ લાગી, તે અલીગંજ વિસ્તારમાં આવેલી છે. બેઝમેન્ટ, ગ્રાઉન્ડ અને પ્રથમ માળ પર પેટ શોપ અને ક્લિનિક છે. બીજા માળ પર 'લર્નિંગ સ્પેસ' નામની લાઈબ્રેરી (કોચિંગ) અને 'હેડ હોપર સ્ટુડિયો' છે, જેમાં 3D આર્ટ પ્રોડક્શન અને ગેમ એસેટ આઉટસોર્સિંગનું કામ થાય છે. માહિતી મુજબ, આગ ફેલાયા બાદ બીજા માળ પર ચાલી રહેલા કોચિંગ ક્લાસના વિદ્યાર્થીઓએ પોતાની જાતને બાથરૂમમાં બંધ કરી લીધી હતી. જીવ બચાવવા માટે જયંત નામનો એક વિદ્યાર્થી પહેલા માળ પરથી નીચે કૂદી પડ્યો હતો, જ્યારે 5 લોકો તારના સહારે લટકીને નીચે ઉતર્યા હતા. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ બેઝમેન્ટમાં લગાવેલા ACમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાની આશંકા સેવાઈ રહી છે. ફાયર બ્રિગેડની આશરે 10 ગાડીઓએ આગ પર કાબૂ મેળવી લીધો છે. SDRF અને NDRFની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટર્સે બિલ્ડિંગની પાછળની દીવાલ તોડી હતી, જેમાંથી મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. બિલ્ડિંગમાં ઈમરજન્સી એક્ઝિટની કોઈ વ્યવસ્થા ન હતી.



## 'હવે મારી પાસે 3 સંજય', બળવાખોર સાંસદોની શિવસેનામાં સત્તાવાર એન્ટ્રીથી શિંદે ખુશ

મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં શિવસેનાના બંને જૂથો વચ્ચે ચાલી રહેલી લડાઈમાં ઉદ્ધવ ઠાકરેને વધુ એક મોટો આંચકો લાગ્યો છે. શિવસેના (UBT)ના 6 બળવાખોર સાંસદો સત્તાવાર રીતે ઉપ મુખ્યમંત્રી એકનાથ શિંદેની અસલી શિવસેનામાં સામેલ થઈ ગયા છે. શિંદે જૂથમાં જોડાનારા સાંસદોમાં સંજય દીના પાટીલ, સંજય દેશમુખ, સંજય જાધવ, ભાઉસાહેબ વાકચૌરે, પાટીલ-અષ્ટિકર અને ઓમપ્રકાશ રાજેનિમ્બાલકરનો સમાવેશ થાય છે. આ સાંસદોએ તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી ઉદ્ધવ જૂથની સંસદીય પક્ષની બેઠકથી અંતર જાળવી રાખ્યું હતું, ત્યારથી જ તેમના પક્ષપલટાની અટકળો તેજ થઈ ગઈ હતી. શિંદેની 'સિક્સર' અને વિપક્ષ પર પ્રહાર: સાંસદોના પક્ષ પ્રવેશ સમયે એકનાથ શિંદેએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, 'અમે આ વખતે સિક્સર મારી છે. હવે મારી પાસે (સંજય રાઉત સામે) ત્રણ-ત્રણ સંજય છે. આ કોઈ સામાન્ય પક્ષપલટો નથી, પણ 2022ના બળવાનો બીજો તબક્કો છે. આ 6 સાંસદો નહીં, પણ 6 ટાઈગર શિવસેના પરિવારમાં આવ્યા છે.'

# રામ મંદિરનો ચઢાવો ગણનારા 40 કર્મચારીઓ હટાવાયા

### CCTVની સંખ્યા વધારી, ધર્મ સેના અધ્યક્ષે મોદીને લેટર લખ્યો; ટ્રસ્ટ ભંગ કરવાની માંગ

અયોધ્યા

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવો ગણતા 40 કર્મચારીઓને સોમવારે હટાવી દેવામાં આવ્યા. સૂત્રો અનુસાર, તેમની જગ્યાએ અન્ય કર્મચારીઓને ડ્યુટી પર લગાવવામાં આવ્યા છે. હટાવવામાં આવેલા કર્મચારીઓને બીજી જગ્યાએ ડ્યુટી પર લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગણતરી સ્થળ પર 3 CCTV વધારવામાં આવ્યા છે. હવે CCTVની સંખ્યા 4 થઈ ગઈ છે. આ તરફ, ધર્મ સેનાના અધ્યક્ષ સંતોષ દુબેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમણે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને ભંગ કરવાની માંગ કરી છે. ચઢાવાની ચોરીની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) આજે CM યોગી આદિત્યનાથને પ્રારંભિક રિપોર્ટ સોંપી શકે છે. ટીમ રવિવારે સાંજે યોગીને મળવા પહોંચી હતી, પરંતુ તેમના મોનસૂન સેશનની મીટિંગમાં વ્યસ્ત હોવાને કારણે મુલાકાત થઈ શકી ન હતી. SITએ જે લોકોની પૂછપરછ કરી, તેમને આગામી આદેશ સુધી અયોધ્યાથી બહાર ન જવા માટે ચેતવણી આપવામાં આવી છે. આમાં ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય, ટ્રસ્ટી અનિલ મિશ્રા અને મંદિર નિર્માણ પ્રભારી ગોપાલ રાવ પણ સામેલ છે. જોકે, સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ગોપાલ રાવ અયોધ્યા છોડીને કર્ણાટક ચાલ્યા ગયા છે. હજુ એ સ્પષ્ટ નથી કે તેમણે SITને અયોધ્યા છોડવા વિશે જણાવ્યું હતું કે નહીં. ભાસ્કર રિપોર્ટરે તેમના નંબર પર ફોન કર્યો, પરંતુ કોલ રિસીવ થયો નહીં. મેસેજ મોકલીને પણ પ્રતિક્રિયા લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં.

# ગાંધીનગર સુધી કંપારી છૂટી જાય તેવો પર્દાફાશ

## કરજણને ખોખલું કરતા ખનિજ માફિયાઓ! એસી ચેમ્બરમાં મસ્ત અધિકારીઓ અને વૉશિંગ મશીનમાં સાફ થયેલા નેતાઓનો કાળો કારોબાર!

અહેવાલ: પવન માકન (ગ્રુપ એડિટર), પાક્કો ગુજરાત ન્યૂઝ

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર ખનનનો એક એવો ભયાનક પર્દાફાશ થયો છે, જેણે ગાંધીનગરના એસી ચેમ્બરોમાં બેઠેલા સત્તાધીશોના સિંહાસન હચમચાવી મૂક્યા છે! કરજણના પિંગલવાડા ગામમાં સસરોડ વાડા રોડથી નારેશ્વર રોડ તરફ જતા આખેઆખા વિસ્તારમાં કુદરતી સંપત્તિની સરેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે. ચોંકાવનારી અને શરમજનક વાત એ છે કે આ કાળા કારોબારના તાર સીધા સ્થાનિક ધારાસભ્ય અને તાલુકા પંચાયતના સદસ્ય સાથે જોડાયેલા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

### 100થી વધુ ડમ્પર અને હિટાચી મશીનો: કરજણ આખું ખોદી નાખ્યું!

સ્થાનિક સૂત્રોના ધગધગતા અહેવાલો અનુસાર, આખા કરજણ તાલુકામાં અત્યારે ૧૦૦થી વધારે ડમ્પર, ૧૫થી વધુ હિટાચી મશીનો અને લોડર મશીનો દ્વારા રાત-દિવસ જોયા વગર ગેરકાયદેસર રેતી અને માટી ખનનનું નેટવર્ક ધમધમી રહ્યું છે. રોજબરોજ લાખો રૂપિયાની રોયલ્ટી ચોરી કરીને સરકારની તિજોરીને કરોડોનો ચૂનો લગાડવામાં આવી રહ્યો છે.

આ ગોરખધંધા પાછળ કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને કરજણ તાલુકા પંચાયતના સદસ્ય ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘાનું નામ મોખરે આવી રહ્યું છે. આરોપ છે કે:

ધારાસભ્ય અક્ષય પટેલે સત્તાના જોરે અબજો રૂપિયાની જમીનો અને કાળું નાણું ભેગું કરી લીધું છે.

ગોકુલ ભરવાડ આખા તંત્રને પૈસાના જોરે ખરીદીને આ રેતી ચોરીનો મુખ્ય સૂત્રધાર બન્યો છે.

### અધિકારીઓ એસી ચેમ્બરમાં મસ્ત, માફિયાઓ ખનનમાં વ્યસ્ત!

આ ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે ગામના લોકોએ એકવાર નહીં પણ વારંવાર રજૂઆતો કરી છે. પુરાવા સાથે લેખિત અને મૌખિક રજૂઆતો આ 'મહારથીઓ'ને મોકલવામાં આવી છે:

**1. ગાંધીનગર ખાણ ખનિજ વિભાગના ફ્લાઈંગ સ્કોડના ચાવડા**

**2. વડોદરા ખાણ ખનિજ વિભાગની સ્થાનિક ટીમ**

**3. કરજણના મામલતદાર સી. આર. પઢિયાર**

**4. એસડીએમ (SDM) શિવમ બારિયા**

### વાસ્તવિકતા શું છે?

આજ દિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી! અંદરની માહિતી મુજબ, ગાંધીનગરથી લઈને સ્થાનિક વહીવટી તંત્ર સુધી મોટા પાયે 'હપ્તાખોરી' અને ભ્રષ્ટાચાર થતો હોવાને કારણે અધિકારીઓએ પોતાની આંખો પર ગાંધીછાપ નોટોની પટ્ટી બાંધી દીધી છે.

**મોટા મગરમચ્છો સામે એસડીએમ પણ લાચાર! કરજણના પિંગલવાડામાં 100 ડમ્પરોથી કુદરતનું ચીરહરણ: ધારાસભ્ય અક્ષય પટેલ અને ગોકુલ ભરવાડના પાપે તિજોરીને કરોડોનો ચૂનો!**

રિવોલ્વરથી લઈને પોલીસના અપહરણ સુધીનો ગુનાહિત ઈતિહાસ!

કૌભાંડનો મુખ્ય સૂત્રધાર ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘો કોઈ સાધારણ ગુનેગાર નથી, તેનો ભૂતકાળ કાળો ડાઘ ધરાવે છે:

અગાઉ તેની ગેરકાયદેસર રિવોલ્વર સાથે ધરપકડ થઈ ચૂકી છે.

કરજણ પોલીસ સ્ટેશનના જ એક નિષ્ઠાવાન પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણ આહીરનું અપહરણ કરીને તેમને જાનથી મારી નાખવાની કોશિશ કરવાનો ગંભીર ગુનો પણ તેના પર નોંધાયેલો છે.

આમ છતાં, રાજકીય આશીર્વાદ અને અઢળક પૈસાના જોરે તે કાયમ કાયદાના સકંજામાંથી છૂટી જાય છે અને ફરીથી નદીઓ ખૂંદવા નીકળી પડે છે.

### એસડીએમ (SDM) ની લાચારી કે સત્તા આગળ આત્મસમર્પણ?

આજરોજ 'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' ના ગ્રુપ એડિટર પવન માકન એ કરજણ એસડીએમ શિવમ બારીયાની રૂબરૂ મુલાકાત કરીને જ્યારે આ મુદ્દે વેધક સવાલો કર્યા, ત્યારે એસડીએમ સાહેબનો જવાબ સાંભળીને કાયદા પરથી વિશ્વાસ ઉઠી જાય! એસડીએમ એ જણાવ્યું કે:

**"રેતી ખનન અને માટી ખનન રોકવા મારા હાથમાં નથી, એ કામ ખાણ ખનિજ વિભાગનું છે."**

પૈસાની આગળ સાહેબ પોતાની ફરજ પણ ભૂલી ગયા છે કે એસડીએમની વહીવટી જવાબદારી શું હોય છે! આ બધું જ ખાણ ખનિજ વિભાગ પર ધોળી દેવામાં આવ્યું છે. એસડીએમ એ સ્વીકાર્યું કે તેઓ વારંવાર રેડ કરે છે અને રોયલ્ટી પણ ભરાવે છે, પણ જ્યારે તપાસ કરી ત્યારે ખબર પડી કે એ બધા તો નાની માછલીઓ હતી! મોટો ભ્રષ્ટાચાર તો ગોકુલ ભરવાડ ઉર્ફે ઘુઘો કરે છે. એસડીએમ સાહેબે લાચારી દર્શાવતા કહ્યું કે, આવા મોટા મગરમચ્છ પર હાથ નાખવાનું કામ એસડીએમનું નથી!

### બીજેપીનું વૉશિંગ મશીન અને જનતાનો આક્રોશ!

સ્થાનિકોમાં ભારે ચર્ચા છે કે, કોંગ્રેસમાંથી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરીને બીજેપીમાં આવેલ કરજણ વિધાનસભાના ધારાસભ્ય અક્ષય પટેલ જાણે બીજેપીના 'વૉશિંગ મશીન' માં ધોવાઈને પવિત્ર થઈ ગયા હોય તેમ વર્તી રહ્યા છે! આવા દલબદલુ નેતાઓને કરજણ વિધાનસભાના લોકોએ હવે જાકારો આપવાનો સમય આવી ગયો છે.

હવે પિંગલવાડા અને આજુબાજુના ગામના લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિક રહીશો માંગ કરી રહ્યા છે કે આ અબજો રૂપિયાના કૌભાંડ પાછળ ધારાસભ્ય અક્ષય પટેલ અને ગોકુલ ભરવાડ વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને તેમની અપ્રમાણસર મિલકતો જપ્ત કરવામાં આવે.

### 'પાક્કો ગુજરાત' નો ખુલ્લો પડકાર!




હવે સવાલ એ ઉભો થાય છે કે, શું રાજ્યના મુખ્યમંત્રી આ ખનિજ માફિયાઓ અને ભ્રષ્ટ અધિકારીઓ પર કડક બુલડોઝર ફેરવશે? કે પછી સત્તાધારી પક્ષના નેતાઓ હોવાને કારણે આ મામલાને પણ ઠંડા બસ્તામાં દબાવી દેવામાં આવશે?

સરકાર ભલે મૌન રહે, પણ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ગંભીર મુદ્દાને છોડવાનું નથી. જનતાના પક્ષે રહીને અમે આ મામલે છેક ગાંધીનગર સુધી સચિવાલયમાં રજૂઆત કરવા જઈશું અને જ્યાં સુધી આપણી કુદરતી નદીઓને આ રાક્ષસોથી મુક્તિ નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રાખીશું!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

પાક્કો ગુજરાત
મંગળવાર | 23 જૂન 2026 | અમદાવાદ



## બુટલેગરી કરતા ભાજપ નેતાના પુત્રોનો ખેલ ખતમ : લિંકન ઝાલા અને જીગ્નેશ ઝાલાના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે બિલોદરા જેલના હવાલે કર્યા!

**ખેડા**

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં 95 લાખ રૂપિયાના વિદેશી દારૂના જંગી જથ્થા સાથે ઝડપાયેલા ભાજપના સ્થાનિક નેતા (તાલુકા પંચાયત સભ્ય) ના પુત્રો લિંકન ઝાલા અને જીગ્નેશ ઝાલાનો અસલી મુકામ આખરે જેલના સળિયા પાછળ નક્કી થઈ ગયો છે. પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં આજે બંને આરોપીઓને કડક સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં નામદાર કોર્ટે બંને હાઈપ્રોફાઈલ બુટલેગરોને બિલોદરા જેલ ભેગા કરવાનો આદેશ કર્યો છે. રૂપિયા 95 લાખના વિદેશી દારૂના આ રેકેટમાં સત્તાધારી પક્ષના નેતાના પુત્રો જ મુખ્ય સૂત્રધાર નીકળતા સમગ્ર ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. પોલીસ કસ્ટડી દરમિયાન બંને આરોપીઓની સઘન પૂછપરછ કરવામાં આવી હતી. આટલો મોટો દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કયા નેતાઓ અને અધિકારીઓની છત્રછાયા હેઠળ આ કાળો કારોબાર ચાલતો હતો અને આગામી સમયમાં આ દારૂ ક્યાં સપ્લાય કરવાનો હતો, તે દિશામાં પોલીસે મહત્વના પુરાવા એકત્ર કર્યા હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાની ઐસીતૈસી કરીને લાખો રૂપિયાનો વેપલો કરનારા લિંકન ઝાલા અને જીગ્નેશ ઝાલાની ધરપકડ બાદથી જ જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો હતો. સોશિયલ મીડિયા પર kheda અને kapdvanj સાથે લોકો કટાક્ષ કરી રહ્યા હતા.

## જામનગરના જામજોધપુર પંથકમાં દારૂના નશામાં ધૂત બનીને ઘેર આવેલા પિતાને પુત્રએ જ પોલીસને સોંપ્યો

**જામનગર**

જામજોધપુર તાલુકાના વેણુના પુલ ગામે એક અનોખી ઘટના સામે આવી છે, જેમાં દારૂના નશામાં ધૂત થઈ ઘરે આવી હોબાળો મચાવનાર પિતાને તેના જ પુત્રે પોલીસને જાણ કરી પકડાવી દીધો હતો. બાદમાં પોલીસે દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ વેણુના પુલ ગામે રહેતા સંજયભાઈ સુભાષભાઈ પરમારે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના પિતા સુભાષભાઈ મનુભાઈ પરમાર દારૂ પીધેલી હાલતમાં ઘરે આવી તેમની સાથે ઝઘડો કરવા લાગ્યા હતા તેમજ બકવાસ કરી કાગારોળ મચાવતા હતા. જેના કારણે સંજયભાઈએ 112 ઈમરજન્સી સેવા પર ફોન કરી પોલીસને જાણ કરી હતી.

જાણ થતાં 112ની પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી અને પિતા-પુત્ર બંનેને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. પોલીસ દ્વારા બે પંચોની હાજરીમાં સુભાષભાઈ પરમારની તપાસ કરવામાં આવતા તેમની જીભ થોથરાતી હોવાનું, આંખો નશાથી લાલ દેખાતી હોવાનું તેમજ શરીરનું સમતોલન જાળવી શકતા ન હોવાથી લથડિયા ખાતા હોવાનું નોંધાયું હતું.

પોલીસે જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં નીકળવા અંગે પાસ-પરમિટ અથવા કોઈ કાયદેસર આધાર રજૂ કરવા જણાવતાં તેઓ કોઈ પરમિટ રજૂ કરી શક્યા નહોતા. જેથી પોલીસે સુભાષભાઈ મનુભાઈ પરમાર સામે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની કલમ 66(1)(બી) અને 82(1) હેઠળ ગુનો નોંધી તેમની અટકાયત કરી હતી. આ સમગ્ર બનાવમાં પોતાના પિતાના દારૂના નશા અને હોબાળાથી કંટાળીને પુત્રે જ પોલીસને જાણ કરી કાયદેસરની કાર્યવાહી કરાવતાં આ ઘટના વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

## "અમારી બહેનો આતંકવાદી નથી!": 4 મહિનાથી ઇન્સેન્ટિવ ન મળતા આશા વર્કરોનો આક્રોશ, પોલિયો કામગીરીનો બહિષ્કાર

**ગાંધીનગર**

ગુજરાતમાં પોલિયો નાબૂદીના અભિયાનમાં વર્ષોથી સંપૂર્ણ નિષ્ઠા અને ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતી આશા વર્કર બહેનો આજે સરકારની ઉદાસીનતા અને શોષણ નીતિ સામે આરપારના મૂડમાં આવી ગઈ છે. છેલ્લા 4 મહિનાથી હક્કનું માસિક ઈન્સેન્ટિવ ન મળવાને કારણે અને આકાશને આંબતી મોંઘવારી વચ્ચે પણ ભથ્થામાં કોઈ જ વધારો ન થતાં, 'ગુજરાત આશા વર્કર યુનિયન' દ્વારા વાવ થરાદ કલેક્ટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. આ સાથે જ આગામી પોલિયો કામગીરીનો સંપૂર્ણ બહિષ્કાર કરી 3 દિવસની હડતાળ પર ઉતરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. યુનિયનના પ્રમુખ પિંકીબેન કે. પરમારે આવેદન પત્રમાં ઉગ્ર આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, શરૂઆતના વર્ષોમાં માત્ર 75 રૂપિયા જેટલા નજીવા ઈન્સેન્ટિવથી કામ શરૂ કરીને આશા બહેનોએ ગુજરાતના લાખો બાળકોના ભવિષ્યને સુરક્ષિત રાખ્યું છે. તેમણે ગામડે-ગામડે, ઘેર-ઘેર અને અંતરિયાળ વિસ્તારોમાં ભટકીને તેમજ સ્થળાંતર કરતા પરિવારોના બાળકોને શોધી શોધીને પોલિયોની રસી પીવડાવી છે. આશા બહેનોની આ અથાક મહેનતનું જ પરિણામ છે કે આજે ગુજરાત સંપૂર્ણપણે પોલિયો મુક્ત બનવાનું ગૌરવ પ્રાપ્ત કરી શક્યું છે. પરંતુ અત્યંત દુઃખ સાથે જણાવવું પડે છે કે આ ગૌરવ અપાવનાર બહેનોની ફિક્સ વેતન કે લઘુત્તમ વેતન લાગુ કરવાની વર્ષો જૂની પડતર માંગણીઓ પર સરકારે પાણી ફેરવી દીધું છે.

## ભાવનગરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ:બે કલાકમાં જ દોઢ ઇંચ વરસાદ ખાબકતા શહેરના રસ્તાઓ પર પાણી વહેતા થયા

**ભાવનગર**

ભાવનગર શહેરમાં લાંબા સમયથી જેની લોકો આતુરતા થી રાહ જોઈ રહ્યા હતા એવા મેઘરાજાની 'ધૂરંધર' એન્ટ્રી થઈ છે ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા વચ્ચે વરસાદ તૂટી પડતાં થોડી જ વારમાં રોડ પર પાણી વહેતા થયા હતા ધોધમાર વરસાદ પડ્યો હતો. એકાએક ધોધમાર વરસાદ વરસતા લોકોને ગરમી -બફારાથી રાહત મળી છે. શહેરમાં બપોરે 2 થી 4 વાગ્યા દરમિયાન બે કલાકમાં જ દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગની આગાહીના પગલે ભાવનગર શહેરમાં પડેલા પ્રથમ જ ભારે વરસાદે મહાનગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી નાખી છે. શહેરના કાળિયાબીડ, વિરાણી સર્કલ, ભગવતી સર્કલ, સરદાર પટેલ સ્કૂલ વિસ્તાર, હિલ પાર્ક ચોકડી, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ રોડ અને વાઘાવાડી રોડ સહિતના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યા સર્જાઈ હતી.

પરિસ્થિતિની ગંભીરતાને જોતાં મ્યુનિસિપલ કમિશનર ડો. નરેન્દ્રકુમાર મીનાએ પોતે આ વિસ્તારોની જાત-મુલાકાત લઈ સમીક્ષા કરી હતી અને અધિકારીઓને વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે કડક સૂચનાઓ આપી હતી. વરસાદના કારણે શહેરમાંથી ઝાડ અને તેની ડાળીઓ ધરાશાયી થવાના કુલ 16 કોલ ફાયર વિભાગને મળ્યા હતા, જેના પર ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી. મનપાના ડ્રેનેજ, એન્જિનિયરિંગ, સોલિડ વેસ્ટ અને ફાયર વિભાગની ટીમોએ રસ્તાઓ પરથી કચરો અને નડતરરૂપ ઝાડ હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો. સદનસીબે આ પ્રથમ વરસાદમાં કોઈ જાનહાનિ કે મોટી નુકસાની નોંધાઈ નથી.

### એકસાથે 252 પોલીસકર્મીઓની બદલી, પણ મોટા 'વહીવટદારો'ને અભયદાન?

# SMCની રેડ બાદ મહેસાણા પોલીસ બેડામાં મોટો ભૂકંપ

### મહેસાણા જિલ્લાના સ્થાનિક પોલીસ સ્ટેશનોની મિલીભગત અથવા નિષ્ક્રિયતાના કારણે ઠેર-ઠેર ગેરકાયદે પ્રવૃત્તિઓ ફૂલીફાલી હતી

**મહેસાણા**

મહેસાણા જિલ્લા પોલીસ બેડામાં આ ખળભળાટ મચાવનારા અહેવાલ સામે આવ્યા છે. જિલ્લામાં બેરોકટોક ચાલતા જુગારધામો અને દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ પર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ત્રાટકીને કરેલી નિષ્પક્ષ રેડ બાદ પોલીસ વડાએ કડક છાપ ઊભી કરવા માટે એકસાથે ૨૫૨ પોલીસ કર્મચારીઓની બદલીનો ગંજીપો ચીપકાવી દીધો છે. જોકે, આ આખીય કાર્યવાહી સામે હવે ગંભીર સવાલો ઊભા થયા છે. ચર્ચા છે કે 'નાના માછલાં'ઓનો ભોગ લેવાયો છે, જ્યારે અડ્ડાઓ ચલાવનારા અસલી સૂત્રધારો અને 'મોટા વહીવટદારો' સાબૂત બચી ગયા છે!

નોંધનીય છે કે મહેસાણા પોલીસ વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી વહીવટી ફેરફારનો મોટો દોર ચાલી રહ્યો છે. આ અગાઉ 19 નવેમ્બર 2025 ના રોજ પણ રેકોર્ડબ્રેક 747 જેટલા પોલીસ કર્મીઓની બદલી કરીને વિભાગમાં મોટો ગંજીફો ચીપવામાં આવ્યો હતો. ત્યારબાદ છ માસ અગાઉ 205 કર્મચારીઓની બદલીના આદેશ કરાયા હતા. મહેસાણા જિલ્લાના સ્થાનિક પોલીસ સ્ટેશનોની મિલીભગત અથવા નિષ્ક્રિયતાના કારણે ઠેર-ઠેર ગેરકાયદે પ્રવૃત્તિઓ ફૂલીફાલી હતી. ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને બાતમીના આધારે દારૂ-જુગારના અડ્ડા પર દરોડા પાડ્યા હતા. આ રેડમાં લાખોનો મુદ્દામાલ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પકડાતા મહેસાણા પોલીસની કામગીરી પર મોટું પ્રશ્નાર્થચિહ્ન લાગી ગયું હતું. આ નામોશી વહોર્યા બાદ પોલીસ વડાએ એક્શનમાં આવી ૨૫૨ પોલીસકર્મીઓની સામૂહિક બદલીના ઓર્ડર ફાડી દીધા હતા.

પોલીસ તંત્રની આ કહેવાતી 'કડક' કાર્યવાહી બાદ હવે અંદરખાને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ:

નાના કર્મચારી બલીનો બકરો: કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગયેલા સિસ્ટમના મોટા માથાઓને બદલે માત્ર નાના કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલોની બદલી કરીને સંતોષ માની લેવાયો છે.

વહીવટદારો યથાવત: જે 'મોટા વહીવટદારો'ના આશીર્વાદથી અને હપ્તાખોરીના જોરે આ અડ્ડાઓ ચાલતા હતા, તેમના પર કોઈ જ સખત પગલાં ભરવામાં આવ્યા નથી.

સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત તો એ છે કે, બદલીઓના આ આદેશો બાદ મહેસાણા જિલ્લામાં ગેરકાયદેસર ધંધા માત્ર ૪ દિવસ પૂરતા જ બંધ રહ્યા હતા! તંત્રનો ડર ઓગળી જતાં જ, જાણે કંઈ બન્યું જ ન હોય તેમ ફરી એકવાર જુગારધામો અને દારૂના અડ્ડાઓ ધમધમતા થઈ ગયા છે.

સવાલ એ ઊભો થાય છે કે, શું ૨૫૨ પોલીસકર્મીઓની બદલી માત્ર જનતાની આંખમાં ધૂળ નાખવા અને એસએમસીની રેડની લપેટમાંથી બચવા માટેનું નાટક હતું? જો બદલીઓ કરવા છતાં ગેરકાયદે પ્રવૃત્તિઓ ફરી શરૂ થઈ જતી હોય, તો મહેસાણામાં કાયદાનું શાસન કોના ભરોસે?



### સચિવાલયમાં સેક્શન અધિકારીઓની જગ્યાનું રી-સ્ટ્રક્ચરિંગ કરાયું

## 606થી વધારીને 634 જગ્યા કરવવામાં આવી, GADમાં સૌથી વધુ 72ની ફાળવણી

**ગાંધીનગર**

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા સચિવાલય સંવર્ગના સેક્શન અધિકારી (વર્ગ-2) કેડરના સંખ્યાબળનું પુનઃગઠન (રી-સ્ટ્રક્ચરિંગ) કરવામાં આવ્યું છે. રાજ્યપાલના આદેશથી જાહેર કરાયેલા સત્તાવાર ઠરાવ મુજબ અગાઉ મંજૂર 606 જગ્યાઓ સામે હવે કુલ સંખ્યાબળ વધારીને 634 કરવામાં આવ્યું છે. વધતા વહીવટી કામકાજ અને વિભાગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ઠરાવમાં જણાવાયું છે.

નવી વ્યવસ્થા હેઠળ સચિવાલયના 26 મુખ્ય વિભાગોમાં કુલ 545 જગ્યાઓ ફાળવવામાં આવી છે, જ્યારે 20 જગ્યાઓ ડેપ્યુટેશન રિઝર્વ તરીકે રાખવામાં આવી છે. વિવિધ વિભાગોમાં કામગીરીના ભાર અને પ્રશાસકીય જરૂરિયાતને આધારે ફાળવણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સામાન્ય વહીવટ વિભાગ (GAD)ને સૌથી વધુ 72 જગ્યાઓ ફાળવવામાં આવી છે. ત્યારબાદ નાણા વિભાગ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા તથા કલ્પસર વિભાગને મળીને 45 જગ્યાઓ ફાળવાઈ છે, જ્યારે મહેસૂલ વિભાગ માટે 44 જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલય (CMO) માટે 7 જગ્યાઓની અલગથી ફાળવણી કરવામાં આવી છે.

### મોરબીના આંદોલન મંચ પરથી હકાભા ગઢવીની સરકારને બે હાથ જોડી વિનંતી

## 'ખેડૂતોની માંગ પૂરી કરો, હવે એ પૂરા થવાની તૈયારીમાં છે..!'

**મોરબી**

મોરબીના જેતપર ગામે ખાનગી વીજ કંપનીની લાઈનો સામે ખેડૂતોનું આંદોલન હવે ઉગ્ર અને રાષ્ટ્રિય સ્તરે ચર્ચાનો વિષય બની રહ્યું છે. પોતાની ફળદ્રુપ જમીન અને હક્ક બચાવવા માટે દિવસ-રાત લડી રહેલા અન્નદાતાના સમર્થનમાં હવે ગુજરાતના લોકસાહિત્યકારો અને કલાકારો પણ મેદાને આવ્યા છે. જેતપર ગામે ચાલી રહેલા આંદોલન દરમિયાન ખેડૂતોના જુસ્સાને વધારવા માટે એક લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરાના મંચ પરથી જાણીતા હાસ્ય કલાકાર અને લોકસાહિત્યકાર હકાભા ગઢવીએ સરકાર સામે ખેડૂતોની વેદના ઠાલવતા બે હાથ જોડીને કરેલી વિનંતીનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર જોરદાર




વાયરલ થઈ રહ્યો છે. મંચ પરથી માઈક હાથમાં લેતા જ હકાભા ગઢવી અત્યંત ભાવુક થઈ ગયા હતા અને સરકારને આડકતરો સણસણતો ટોણો મારતા જણાવ્યું હતું કે, 'હું સરકારને બે હાથ જોડીને વિનંતી કરું છું કે આ દેશના ખેડૂતોની માંગણીઓ વહેલી તકે પૂરી કરો. હવે ખેડૂતો પૂરા થવાની તૈયારીમાં છે!'

તેમણે વર્તમાન પરિસ્થિતિનો ચિતાર આપતા ઉમેર્યું કે, આજે ગામડાનો એક-એક ખેડૂત દેવાના ડુંગર નીચે દબાયેલો છે. એક-એક ખેડૂત માથે પાંચ-પાંચ લાખ રૂપિયાનું દેણું છે. આવી કપરી સ્થિતિમાં જો તેમની ફળદ્રુપ જમીનો પણ છીનવાઈ જશે કે બરબાદ થશે, તો જગતનો તાત ક્યાં જશે? મોરબીના જેતપર અને આસપાસના વિસ્તારોમાંથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનોને કારણે હજારો વીઘા જમીન જોખમમાં મુકાઈ છે. કલાકારો અને સ્થાનિક નેતાઓનો આક્ષેપ છે કે મોટા ઉદ્યોગપતિઓ અને ખાનગી વીજ કંપનીઓના ફાયદા માટે સરકાર જાણીજોઈને ખેડૂતોના હિતોનું બલિદાન આપી રહી છે. ડાયરાના મંચ પરથી ગવાયેલા શૌર્યગીતો અને હકાભાની આ કરુણ અપીલે આંદોલન કરી રહેલા ખેડૂતોની આંખોમાં આંસુ લાવી દીધા હતા.

ખેડૂત અધિકારની આ લડાઈ હવે માત્ર જમીનની લડાઈ નથી રહી, પણ અસ્મિતા અને અસ્તિત્વની લડાઈ બની ચૂકી છે. જ્યારે રાજ્યનો લોકપ્રિય કલાકાર મંચ પરથી હાસ્ય પીરસવાને બદલે ખેડૂતો માટે ન્યાયની ભીખ માંગતો હોય, ત્યારે પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેનો અંદાજો લગાવી શકાય છે.


હવે જોવાનું એ રહેશે કે, લોકસાહિત્યકાર હકાભા ગઢવીની આ બે હાથ જોડીને કરાયેલી વિનંતી ગાંધીનગરના એરકન્ડિશન્ડ બંગલાઓમાં બેઠેલા શાસકોના કાન સુધી પહોંચે છે કે કેમ? કે પછી આ અન્નદાતાને આમ જ રસ્તા પર બેસી રહેવા મજબૂર કરાશે!

### ગુજરાતી અભિનેત્રી મમતા સોની સાથે લાખોની છેતરપિંડી

## પૈસા માંગતા મળી જાનથી મારી નાખવાની ધમકી...! : કઠલાલ ભાજપ યુવા મોરચાના પ્રમુખ સામે ગંભીર આક્ષેપ

**ખેડા/કઠલાલ**

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની લોકપ્રિય અને જાણીતી અભિનેત્રી મમતા સોની સાથે લાખો રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનો સનસનાટીપૂર્ણ મામલો સામે આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં કઠલાલ તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ દીપક ડાભી સામે ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. અભિનેત્રીએ આક્ષેપ કર્યો છે કે રાજકીય વગ ધરાવતા નેતાએ તેમની પાસે કાર્યક્રમો કરાવી લીધા બાદ નક્કી કરેલું મહેનતાણું ચૂકવ્યું નથી અને હવે જ્યારે તેઓ પોતાના હકના પૈસાની ઉઘરાણી કરે છે ત્યારે તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી



છે. મળતી વિગતો મુજબ, કઠલાલ ભાજપ યુવા મોરચાના પ્રમુખ દીપક ડાભીએ કલાકાર મમતા સોની પાસે ત્રણ મોટા સાંસ્કૃતિક કાર્યક્રમો કરાવ્યા હતા. આ પ્રોગ્રામ શરૂ થતાં પહેલાં બંને પક્ષો વચ્ચે પેમેન્ટને લઈને એક નિશ્ચિત રકમ નક્કી કરવામાં આવી હતી. કલાકાર તરીકે મમતા સોનીએ પોતાના તમામ કાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હતા અને ભારે જનમેદની ઉમટી પડી હતી.

પરંતુ, કાર્યક્રમો પૂરા થયા બાદ ભાજપ નેતા દીપક ડાભીની દાનત બગડી હતી. તેમણે નક્કી કરાયેલી રકમ ચૂકવવામાં આનાકાની શરૂ કરી દીધી હતી. લાંબો સમય વીતી જવા છતાં મહેનતાણું ન મળતાં જ્યારે અભિનેત્રીએ કડક શબ્દોમાં ઉઘરાણી કરી, ત્યારે નેતાજીએ સત્તા અને સંગઠનના નશામાં ચૂર થઈને મમતા સોનીને જાનથી મારી નાખવાની ગર્ભિત ધમકી આપી દીધી હોવાનો આરોપ છે.

રાજકીય દબાણ અને ધમકીઓથી ડર્યા વગર અભિનેત્રી મમતા સોનીએ આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને પોતાની આપવીતી વર્ણવી છે. આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયુવેગે વાઈરલ થઈ રહ્યો છે અને ભારે ચર્ચાનો વિષય બન્યો છે. વીડિયો સામે આવ્યા બાદ ભાજપ સંગઠનમાં પણ આંતરિક ખળભળાટ મચી ગયો છે.

એક તરફ સરકાર કલા અને કલાકારોના સન્માનની મોટી-મોટી વાતો કરે છે, ત્યારે બીજી તરફ શાસક પક્ષના જ યુવા નેતા દ્વારા એક જાણીતી મહિલા કલાકારના પૈસા ઓળવી જવા અને તેમને ધમકાવવાનો મામલો સામે આવતા લોકમુખે અનેક સવાલો ચર્ચાઈ રહ્યા છે.

### ધુમાડાના ગોટેગોટા ઉડતા લોકોમાં મચી અફરાતફરી


## વડોદરામાં રસ્તા કિનારે પાર્ક કરેલી કારમાં અચાનક લાગી ભીષણ આગ

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં રસ્તા કિનારે પાર્ક કરીને મૂકેલી એક કારમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી.

કારમાંથી ધુમાડા નીકળ્યા બાદ જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી અને ભડભડ સળગવા લાગી હતી. આ ભયાનક દ્રશ્ય જોઈને આસપાસના સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે દહેશત અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી વિગતો મુજબ, વડોદરાના એક વ્યસ્ત વિસ્તારમાં રોડની સાઈડમાં એક કાર પાર્ક કરેલી હતી. અચાનક



કારના બોનેટમાંથી કાળો ધુમાડો નીકળવાનો શરૂ થયો હતો. આસપાસના લોકો કંઈ સમજે તે પહેલાં જ આખી કારે પળવારમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આગની મોટી જ્વાળાઓ ઉઠવા લાગી હતી. સદનસીબે કાર પાર્ક કરેલી હોવાથી અને તેની અંદર કોઈ વ્યક્તિ સવાર ન હોવાથી એક મોટી જાનહાનિ ટળી ગઈ છે.

### 'પીક એન્ડ ઈટ' દુકાનમાં નિયમોના ધજાગરા

## વડોદરાના તાંદલજામાં ફૂડ વિભાગના ધામા : ફ્રોઝન નોન-વેજ ફૂડના પેકેટો તોડી કરાતું હતું છૂટક વેચાણ

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાના ફૂડ સેફ્ટી વિભાગે આજે એક મોટી કાર્યવાહી કરતા તાંદલજા વિસ્તારમાં આવેલા મકરંદ દેસાઈ રોડ પર સપાટો બોલાવ્યો છે. મકરંદ દેસાઈ રોડ પર અલ મક્કા ખાતે આવેલી દુકાન નંબર-૨૨ માં ચાલતી 'પીક એન્ડ ઈટ' (Pick & Eat) નામની દુકાનમાં ફૂડ વિભાગની ટીમે ઓચિંતી રેડ પાડી હતી. આ રેડ દરમિયાન દુકાનમાં ફ્રોઝન નોન-વેજ ફૂડના વેચાણને લઈને ગંભીર બેદરકારી અને નિયમોના સરેઆમ ધજાગરા ઉડતા હોવાનું સામે આવ્યું છે. ફૂડ સેફ્ટી વિભાગની તપાસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે, દુકાનદાર દ્વારા ફ્રોઝન નોન-વેજ ફૂડના સીલબંધ પેકેટો તોડીને તેનું ખુલ્લેઆમ છૂટક વેચાણ કરવામાં આવતું હતું. નિયમ મુજબ, ફ્રોઝન ફૂડના પેકેટો આ રીતે ખુલ્લા કરીને વેચી શકાય નહીં, કારણ કે તેનાથી બેક્ટેરિયા અને ફૂડ પોઈઝનિંગનો ખતરો અનેકગણો વધી જાય છે. આ ગંભીર બેદરકારી બદલ ફૂડ વિભાગે દુકાનદારને કડક સૂચના આપી છે અને પેકેટ તોડીને વેચાણ ન કરવા અંગે કાયદેસરની નોટિસ ફટકારી છે. નિયમોનું ઉલ્લંઘન અહીં જ પૂરું નહોતું થતું. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ (FSSAI) ના નિયમ મુજબ દરેક ખાદ્ય પદાર્થ વેચનારે પોતાનું સરકારી લાયસન્સ ગ્રાહકો જોઈ શકે તે રીતે દુકાનમાં જાહેરમાં પ્રદર્શિત (Display) કરવું ફરજિયાત છે. પરંતુ 'પીક એન્ડ ઈટ' દુકાનમાં આવું કોઈ લાયસન્સ ડિસ્પ્લે કરવામાં આવ્યું ન હોવાનું અધિકારીઓની તપાસમાં બહાર આવ્યું હતું. લાયસન્સ જાહેરમાં ન રાખવા બદલ પણ તંત્ર દ્વારા દુકાનદારને આકરી નોટિસ આપવામાં આવી છે. બિનઆરોગ્યપ્રદ અને નિયમ વિરુદ્ધ વેચાતા નોન-વેજ ફૂડને લઈને સ્થાનિક રહીશોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોના સ્વાસ્થ્ય સાથે રમત રમતા આવા તત્વો સામે માત્ર નોટિસ આપીને સંતોષ માનવાને બદલે, ફૂડ વિભાગ કડક દંડાત્મક પગલાં ભરે તેવી માંગ ઉઠી રહી છે. પાક્કો ગુજરાત ન્યૂઝ શહેરીજનોને અપીલ કરે છે કે, બજારમાંથી કોઈ પણ ફ્રોઝન ફૂડ ખરીદતા પહેલા તેની એક્સપાયરી ડેટ અને પેકિંગ બરાબર ચેક કરી લેવું.

## ખેડા-નડીયાદ ક્રાઇમ બ્રાન્ચની મોટી સફળતા : રાયોટીંગના ગુનામાં નાસતો-ફરતો આરોપી હરપાલસિંહ રાઠોડ ઝડપાયો

**નડીયાદ**

ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને એક મોટી સફળતા મળી છે. મહુધા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા રાયોટીંગ (રમખાણ)ના ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી હરપાલસિંહ રાઠોડને ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દબોચી લીધો છે.

મળતી વિગતો મુજબ, મહુધા પોલીસ મથકે નોંધાયેલા રાયોટીંગના એક ગુનામાં સંડોવાયેલો આરોપી હરપાલસિંહ કરણસિંહ રાઠોડ પોલીસ ધરપકડથી બચવા માટે સતત નાસતો-ફરતો હતો. પોલીસ તેની શોધખોળ ચલાવી રહી હતી, તે દરમિયાન ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચને આ આરોપી અંગે ચોક્કસ કડીઓ મળી હતી. ક્રાઈમ બ્રાન્ચે સચોટ હકીકત અને ટેકનિકલ સોર્સના આધારે વોન્ટેડ આરોપી હરપાલસિંહ કરણસિંહ રાઠોડ (રહે. પરબીયા, તાલુકો: બાલાસિનોર) ને ઝડપી પાડ્યો છે. આરોપીની અટકાયત કર્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### યાત્રાધામ અંબાજીમાં કાયદો-વ્યવસ્થાના ધજાગરા

## અંબાજીના 8 નંબર વિસ્તારમાં લુખ્ખા તત્વોનો પોલીસ પર જીવલેણ હુમલો, વાહનોમાં તોડફોડ!

**બનાસકાંઠા**

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ખુલ્લો પડકાર ફેંકતી એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અંબાજીના સૌથી મોટા ગણાતા 8 નંબર વિસ્તારમાં બે થી ત્રણ અસામાજિક અને લુખ્ખા તત્વોએ રક્ષક એવી પોલીસ પર જ લાકડીઓ અને પથ્થરો વડે જીવલેણ હુમલો કરી દીધો છે. આ ગુંડાઓએ ખાખીનો જરાય ખોફ રાખ્યા વિના પોલીસની પીસીઆર (PCR) વાનમાં પણ ભારે તોડફોડ કરીને સરકારી મિલકતને નુકસાન પહોંચાડ્યું છે. જો અંબાજીની સ્થાનિક જનતા સમયસર વચ્ચે ન પડી હોત, તો કદાચ કોઈ મોટી હોનારત ઘટી ગઈ હોત. અંબાજી પોલીસની ટીમ આ વિસ્તારમાં એક શંકાસ્પદ આરોપીને દબોચવા માટે પહોંચી હતી. પરંતુ પોલીસ ત્યાં પહોંચતા જ બેફામ બનેલા બદમાશો અને લુખ્ખા તત્વોએ પોલીસકર્મીઓને ઘેરી લીધા હતા. કાયદાને ખિસ્સામાં લઈને ફરતા આ ગુંડાઓએ પોલીસ સ્ટાફ પર એકાએક લાકડીઓ અને પથ્થરોથી હુમલો શરૂ કરી દીધો હતો. લુખ્ખાઓના આ હિંસક આતંકને કારણે વિસ્તારમાં થોડીવાર માટે ભારે અફરાતફરી અને દહેશતનો માહોલ સર્જાયો હતો. આ હુમલા દરમિયાન લુખ્ખાઓ પોલીસકર્મીઓને બેરહેમીથી મારી રહ્યા હતા, ત્યારે આસપાસના સ્થાનિક નાગરિકો બહાદુરી બતાવીને વચ્ચે પડ્યા હતા. લોકોએ એકઠા થઈને ગુંડાઓનો સામનો કર્યો અને પોલીસ જવાનોને તેમની ચુંગાલમાંથી મુક્ત કરાવી બચાવી લીધા હતા. જોકે, આ હુમલામાં પોલીસકર્મીને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ગણતરીના કલાકોમાં જ હુમલો કરનારા તત્વોની ધરપકડ કરીને તેમની શાન ઠેકાણે લાવવાની તજવીજ શરૂ કરી દીધી છે.

પાક્કો ગુજરાત

મંગળવાર | 23 જૂન 2026 | અમદાવાદ

પરબ કેસરિયા ને પાણી પિનારા નોનવેજના શૌકીન..!

# ગાંધીનગરમાં જાહેરમાં પરબની આડમાં ધમધમતી નોનવેજની હાટડી પર સર્જિકલ સ્ટ્રાઇક, કમિશનરના આદેશથી આજથી ખાસ ઝુંબેશ શરૂ




ગાંધીનગર


પાટનગર ગાંધીનગરના જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વગર કોઈ ડરે ગેરકાયદેસર રીતે ઉભી થઈ ગયેલી નોનવેજની હાટડીઓ તેમજ લારી-ગલ્લાના દબાણો સામે આખરે ગાંધીનગર મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. મનપાના એસ્ટેટ વિભાગે મ્યુનિસિપલ કમિશનરના આદેશથી આજથી જ શહેરભરમાં ગેરકાયદેસર દબાણો પર 'સર્જિકલ સ્ટ્રાઇક' શરૂ કરી દીધી છે. અત્યાર સુધી કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું વહીવટી તંત્ર સત્તાધારી પક્ષના એક દિગ્ગજ નેતાની ટકોર બાદ અચાનક સફાળું જાગ્યું છે. આ સમગ્ર વિવાદની શરૂઆત ગઈકાલે રાતે ગાંધીનગરના વ્યસ્ત એવા સરગાસણ ચાર રસ્તા પાસેથી થઈ હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહદારીઓની તરસ છીપાવવાના શુભ આશયથી ગાંધીનગર ભાજપ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ઠંડા પાણીની પરબો શરૂ કરવામાં આવી છે, જેના પર ભાજપના નેતાઓના ફોટા પણ લગાવવામાં આવ્યા છે. જોકે, સરગાસણ ચાર રસ્તા નજીક આવેલી આવી જ એક ભાજપની પાણીની પરબના સામિયાણાની ઓથ હેઠળ છેલ્લા ઘણા સમયથી નોનવેજની હાટડી ધમધમી રહી હતી. નવાઈની વાત એ હતી કે લોકો આ ગેરકાયદેસર હાટડી પર નોનવેજ આરોગતા હતા અને બાજુમાં આવેલી ભાજપની પરબમાંથી જ ઠંડુ મિનરલ વોટર પીતા હતા. આ વિચિત્ર પરિસ્થિતિના કારણે સામાન્ય તરસ્યા રાહદારીઓ પરબનું પાણી પીવામાં ભારે ખચકાટ અને સંકોચ અનુભવી રહ્યા હતા. સાંજ પડતાની સાથે જ આ સ્થળ પર નોનવેજ ખાનારાઓની ભારે ભીડ જામતી હતી, જેના કારણે મુખ્ય માર્ગ પર રોજબરોજ ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. ફૂટપાથ પર જ ખુલ્લેઆમ તવા પર નોનવેજ વેચાતું હોવાથી અહીં અસામાજિક અને દારૂડિયા તત્વોનો જમાવડો પણ વધવા લાગ્યો હતો. સ્થાનિક રહીશો અને ખાસ કરીને મહિલાઓ માટે અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું હતું.

પોલીસ, જેલ અને વન વિભાગની ભરતીમાં 20% અનામત

# રાજ્યના પૂર્વ અગ્નિવીરો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો

ગાંધીનગર

રાજ્યના પૂર્વ અગ્નિવીરો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-3 સંવર્ગની સીધી ભરતીમાં હવે પૂર્વ અગ્નિવીરોને 20 ટકા અનામતનો લાભ મળશે. આ ઉપરાંત ભરતી પ્રક્રિયામાં શારીરિક ક્ષમતા કસોટીમાંથી મુક્તિ તેમજ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ પણ આપવામાં આવશે.



મુખ્યમંત્રીના નિર્ણય મુજબ રાજ્ય પોલીસ દળના હથિયારી વિભાગ, SRP, જેલ વિભાગ તેમજ વન અને પર્યાવરણ વિભાગ હેઠળની વિવિધ ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને વિશેષ લાભ મળશે. ભરતી માટેની નિર્ધારિત ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષની છૂટ આપવામાં આવશે, જ્યારે અગ્નિવીર યોજનાની પ્રથમ બેચના ઉમેદવારોને પાંચ વર્ષ સુધીની વયમર્યાદાની રાહત મળશે. આ નિર્ણયના કારણે હથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, SRPના પ્લાટૂન કમાન્ડર અને પોલીસ કોન્સ્ટેબલ જેવી જગ્યાઓની ભરતીમાં પૂર્વ અગ્નિવીરોને સીધો લાભ મળશે. ઉપરાંત જેલ વિભાગના જેલર ગ્રુપ-2 અને જેલ સિપાઈ તેમજ વન વિભાગના વનરક્ષક વર્ગ-3 અને વનપાલ વર્ગ-3ની ભરતીમાં પણ આ જોગવાઈ લાગુ પડશે.

કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના હેઠળ દેશસેવા પૂર્ણ કરનારા યુવાનોને રાજ્યમાં રોજગારીની વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારે લીધેલો આ નિર્ણય મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. સરકારના આ પગલાથી પૂર્વ અગ્નિવીરોના અનુભવ અને તાલીમનો લાભ રાજ્યની સુરક્ષા તથા વહીવટી વ્યવસ્થાને પણ મળશે.

સુરત બન્યું ડુપ્લિકેટિંગનું હબ!

# સરથાણામાં જાણીતી બ્રાન્ડના નકલી સાબુ બનાવતી ફેક્ટરી ઝડપાઇ, લાખોનો મુદ્દામાલ જપ્ત

સુરત

ટેક્સટાઈલ અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતું સુરત હવે ધીમે-ધીમે ડુપ્લિકેટ પ્રોડક્ટ્સ બનાવવાનું હબ બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ખાસ કરીને સુરતનું સરથાણા અને મોટા વરાછા વિસ્તાર નકલી ચીજવસ્તુઓના કાળા કારોબાર માટે બદનામ થઈ રહ્યા છે. સરથાણા પોલીસ અને યામી શોપ પ્રાઈવેટ લિમિટેડની સતર્કતાના કારણે સરથાણા વિસ્તારમાં જાણીતી બ્રાન્ડના નામે નકલી સાબુ બનાવતી એક આખી ફેક્ટરી ઝડપાઈ ગઈ છે. પોલીસે આ રેડ દરમિયાન લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કારખાનેદારની ધરપકડ કરી લીધી છે.




મળતી વિગતો મુજબ, સરથાણાના સૂર્યોદય રો હાઉસમાં એક મકાનની અંદર જ આ ગેરકાયદેસર કાળો કારોબાર ધમધમી રહ્યો હતો. બ્રાન્ડેડ કંપનીના નામે નકલી સાબુ બનાવીને બજારમાં તેમજ ઓનલાઈન વેચીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હતા. યામી શોપ પ્રાઈવેટ લિમિટેડને આ અંગે શંકા જતાં તેમણે અલગ-અલગ ૧૦ વેબસાઈટ પરથી ઓર્ડર આપીને સાબુ મગાવ્યા હતા. જ્યારે આ સાબુની ચકાસણી કરવામાં આવી ત્યારે કંપનીના અસલી સાબુની સામે આ તમામ નકલી સાબુ હોવાનું સામે આવ્યું હતું. આખરે કંપની દ્વારા આ અંગે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કંપનીની ફરિયાદના આધારે સરથાણા પોલીસે સૂર્યોદય રો હાઉસમાં સપાટો બોલાવીને દરોડા પાડ્યા હતા. પોલીસની આ કાર્યવાહીમાં જાણીતી બ્રાન્ડના લોગોવાળા બનાવટી સાબુ, સાબુ બનાવવા માટે વપરાતી લોખંડની ડાઈ (બીબાં), કેમિકલ અને પેકિંગ મટીરિયલ સહિત કુલ ૬.૬૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે નકલી પ્રોડક્ટ્સ બનાવીને લોકો સાથે છેતરપિંડી કરનાર મુખ્ય કારખાનેદારની ધરપકડ કરીને આ રેકેટમાં અન્ય કોણ-કોણ સામેલ છે તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.


આ ઘટનાએ સુરતની જનતાને ચોંકાવી દીધી છે. રોજિંદા જીવનમાં વપરાતા સાબુ જેવી વસ્તુઓ પણ જો આ રીતે ડુપ્લિકેટ બનવા લાગે, તો સામાન્ય માણસે વિશ્વાસ કોની પર કરવો? ઓનલાઈન શોપિંગના નામે પણ કેવું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે તેની પોલ આ કિસ્સાએ ખોલી નાખી છે. નકલી સાબુના કારણે લોકોની ચામડીના ગંભીર રોગો થવાનો ખતરો રહેલો છે.

ખાખીની રહેમનજર હેઠળ ધમધમતો કાળો કારોબાર!

# દારૂના અડ્ડા પર 'પડે એના કકડા' જોયા છે? બાપોદમાં 'બુટલેગર રાજ'ના દર્શન તો કરો..!

વડોદરા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતા જો અસલી નજારે જોવા હોય, તો વડોદરાના બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારની મુલાકાત લેવા જેવી છે! અહીં કાયદાનો કોઈ ખોફ નથી, બલ્કે ખુલ્લેઆમ 'બુટલેગર રાજ' ચાલી રહ્યું છે. દારૂના અડ્ડાઓ પર જે રીતે 'પડે એના કકડા' જેવી સ્થિતિ સર્જાય છે અને દારૂડિયાઓ-બુટલેગરો જે રીતે બેફામ બન્યા છે, તે જોઈને સામાન્ય નાગરિકોના મનમાં એક જ સવાલ ઉઠે છે કે- શું બાપોદ પોલીસ મથકનો આ આખો વિસ્તાર ગુજરાતની હદ બહાર આવેલો છે? કે પછી અહીં કાયદો અને વ્યવસ્થા બુટલેગરોના ખિસ્સામાં ગુલામ બનીને પડ્યા છે?



સ્થાનિક સૂત્રો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બાપોદ વિસ્તારના અમુક ચોક્કસ વિસ્તારોમાં વિદેશી અને દેશી દારૂની હાટડીઓ એવી રીતે ધમધમી રહી છે જાણે કોઈ કાયદેસરની દુકાનો હોય! સાંજ પડતાં જ અહીં તત્વોનો જમાવડો થાય છે, ગાળાગાળી થાય છે અને કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડે છે. સવાલ એ છે કે સ્થાનિક જનતાને જે અડ્ડાઓ નરી આંખે દેખાય છે, તે બાપોદ પોલીસના 'દૂરબીન'માં કેમ ઝડપાતા નથી? પીસીઆર વાન આંખ આડા કાન કરીને કેમ નીકળી જાય છે? આ અંધેર નગરી પાછળ કયા હપ્તાખોરીના સમીકરણો કામ કરી રહ્યા છે, તે હવે જગજાહેર થઈ ચૂક્યું છે.

આ 'બુટલેગર રાજ'ના કારણે વિસ્તારની બહેન-દીકરીઓનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. અસામાજિક તત્વોના ત્રાસથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. વારંવારની રજૂઆતો છતાં બાપોદ પોલીસ કુંભકર્ણની નિદ્રામાંથી જાગવા તૈયાર નથી. જ્યારે કાયદા રક્ષકો જ ભક્ષકોની પીઠ થાબડતા હોય, ત્યારે જનતાએ ન્યાયની આશા કોની પાસે રાખવી?

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા દારૂબંધીને લઈને મોટી-મોટી વાતો કરવામાં આવે છે, પણ બાપોદ જેવા પોલીસ સ્ટેશનો તેમની આબરૂના ધજાગરા ઉડાવી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે વડોદરા પોલીસના ઉચ્ચ અધિકારીઓ આ બાપોદ વિસ્તારના બુટલેગરો અને તેમને છાવરતા પોલીસ કર્મચારીઓ સામે કોઈ કડક હાથ કામ લેશે ખરા? કે પછી બાપોદમાં આમ જ 'વાહ બુટલેગર વાહ'નો ખેલ ચાલુ રહેશે? જનતા હવે આ આરપારની લડાઈમાં ન્યાય અને શાંતિ ઝંખી રહી છે.

ભાજપના નેતાઓનો 'જોરદાર વિકાસ'

# કપડવંજના ભાજપ સભ્યનો પુત્ર 95 લાખના વિદેશી દારૂ સાથે ઝડપાયો..!

ખેડા

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર છે કે નેતાઓના આશીર્વાદથી ચાલે છે, તેનો વધુ એક જીવતો જાગતો પુરાવો ખેડા જિલ્લામાંથી સામે આવ્યો છે. ગાંધીના ગુજરાતમાં જ્યાં સામાન્ય માણસ માટે દારૂબંધીના કડક કાયદા છે, ત્યાં સત્તાધારી પક્ષ ભાજપના નેતાઓના ઘરમાં જ 'વિકાસની નદીઓ' વહી રહી હોય તેમ લાગી રહ્યું છે. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ભાજપના સભ્યના પુત્ર લાખો રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે રંગેહાથ ઝડપાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને ભાજપનો અસલી ચહેરો જનતા સામે ખુલ્લો પડી ગયો છે. મળતી વિગતો મુજબ, પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી એક મોટી કાર્યવાહીમાં કપડવંજ તાલુકા પંચાયતના ભાજપના સભ્યના પુત્રને આંતરીને તપાસ કરવામાં આવતા તેના કબજામાંથી નાની-મોટી નહીં, પણ પૂરા 95 લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો છે. આટલી મોટી માત્રામાં વિદેશી દારૂ ક્યાંથી આવ્યો, કોને સપ્લાય કરવાનો હતો અને આ કાળા કારોબારની પાછળ કયા મોટા માથાઓના હાથ છે, તે હવે તપાસનો વિષય બન્યો છે. પરંતુ આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ખાખી અને ખાદીના મેળાપીપણા વગર આટલો મોટો જથ્થો ઘુસાડવો અશક્ય છે. એક તરફ ભાજપના નેતાઓ મંચ પરથી સંસ્કાર, સંસ્કૃતિ અને નશાબંધીની મોટી-મોટી સુફિયાણી વાતો કરે છે, તો બીજી તરફ તેમના જ ઘરના ચિરાગો લાખો રૂપિયાના દારૂના વેપલામાં લિપ્ત જોવા મળે છે. સોશિયલ મીડિયા પર પણ હવે જનતા કટાક્ષ કરી રહી છે કે, 'વાહ ભાજપ વાહ! આ જ છે તમારો જોરદાર વિકાસ?' ખેડા જિલ્લામાં ભાજપના નેતાઓ અને તેમના સગા-સંબંધીઓ કાયદાને ખિસ્સામાં લઈને ફરતા હોય તેમ આ કિસ્સા પરથી સ્પષ્ટ દેખાઈ આવે છે. રાજ્યમાં અવારનવાર પકડાતા દારૂના જથ્થા વચ્ચે જ્યારે શાસક પક્ષના હોદ્દેદારોના સંતાનો જ આ ગુનામાં પકડાય ત્યારે કાયદા વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા થાય છે.

ખેડૂત, ખેતી અને ગામડું બચાવવા કિસાન કોંગ્રેસ મેદાને

# 26 જૂનથી વ્રજવાણીથી દ્વારકા સુધી કિસાન અધિકાર યાત્રા પાર્ટ-2નો પ્રારંભ થશે

અમદાવાદ

ગુજરાતના ખેડૂતોના હક્ક અને ન્યાય માટે કિસાન કોંગ્રેસ દ્વારા એક મોટા આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. ખેડૂત અધિકાર ટ્રેક્ટર યાત્રાની ઐતહાસિક સફળતા બાદ હવે આગામી ૨૬ જૂનથી કચ્છના વ્રજવાણીથી દેવભૂમિ દ્વારકા સુધી કિસાન અધિકાર યાત્રા પાર્ટ-૨ એટલે કે પદયાત્રા શરૂ કરવામાં આવશે. કિસાન કોંગ્રેસના નેતાઓ પાલભાઈ આંબલીયા, મહેશ રાજકોટીયા, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ અને ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષ જયેશ પટેલે એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને આ અંગેની વિગતવાર માહિતી આપી હતી.

પત્રકાર પરિષદમાં નેતાઓએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં વીજ કંપનીઓ દ્વારા ઊભા કરવામાં આવી રહેલા દોઢ લાખ નવા થાંભલાઓને કારણે રાજ્યના ખેડૂતોની ૩૮ લાખ વીઘાથી વધુ ફળદ્રુપ જમીન જોખમમાં મુકાઈ ગઈ છે. કચ્છ-જામનગર લાઈનમાં રણ અને દરિયાઈ વિસ્તારનો વૈકલ્પિક રૂટ ઉપલબ્ધ હોવા છતાં, જેમાં માત્ર બહુ ઓછા ખેડૂતોને અસર થાય તેમ છે, સરકાર જાણીજોઈને ૩૦૦૦ જેટલા ખેડૂતોની ફળદ્રુપ ખેતીલાયક જમીનમાંથી આ વીજ લાઈનો પસાર કરી રહી છે. આ જ રીતે રીલાયન્સની વીજલાઈનો માટે પણ બિનઉપજાઉ જમીનનો વૈકલ્પિક રૂટ છ મહિના પહેલા જામનગર, કચ્છ અને મોરબી કલેક્ટરને આપવામાં આવ્યો હોવા છતાં સરકાર ખેડૂતોના ખેતરો બરબાદ કરવામાં રસ દાખવી રહી છે.

કિસાન કોંગ્રેસે ચીમકી આપી છે કે જ્યાં સુધી ખેડૂતોને તેમનો હક્ક નહીં મળે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે. તેમની મુખ્ય માંગણીઓમાં નીચેના મુદ્દાઓ સામેલ છે: ૧. ૨૦૧૩ના જમીન સંપાદન કાયદા મુજબ ખેડૂતોને બજાર ભાવ કરતાં ચાર ગણા ભાવ મળવા જોઈએ. ૨. માસિક વીજ પોલદીઠ ૫૦,૦૦૦ રૂપિયાનું ભાડું આપવામાં આવે. ૩. વન ટાઈમ સેટલમેન્ટ પેટે પોલદીઠ ૨ કરોડ રૂપિયા ચૂકવવામાં આવે.

આ કિસાન અધિકાર પદયાત્રા જે પણ ગામોમાંથી પસાર થશે, ત્યાંના સ્થાનિક ખેડૂતોને વીજ લાઈન અને થાંભલાથી થનારા નુકસાન અંગે માહિતગાર કરવામાં આવશે. યાત્રાના અંતે દેવભૂમિ દ્વારકા ખાતે એક વિશાળ ખેડૂત મહાસભાનું આયોજન કરવામાં આવશે.

# એડવાન્સ પૈસા લીધા પછી પણ કારીગરની કરતૂત : સરગાસણમાં આડેધડ કલર લગાવીને ફ્લેટ ચિત્રી કાઢ્યો,1.08 લાખના મશીનો ચોરીને ફરાર

ગાંધીનગર

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં કલરકામના બહાને ઘરમાં ઘૂસેલા અમદાવાદના એક શખ્સે ઘરમાલિકને આર્થિક ચૂનો લગાવ્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. મકાન માલિકે એડવાન્સમાં માંગેલા વધુ રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા આ કારીગરે આખા ઘરમાં આડેધડ કલર લગાવીને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. સાથે જ ઘરમાં રાખેલા 1.08 લાખના કિંમતી પ્રોફેશનલ મશીનો ચોરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, સરગાસણના અતિશય સ્કાય ફ્લેટમાં નિકુંજભાઈ મહેશભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ રકનપુર ખાતે આવેલી નાઈન્ટી ડીગ્રી પ્રોજેક્ટ કંપનીમાં ઈન્ટિરિયર પ્રોજેક્ટ હેડ તરીકે ફરજ બજાવે છે. પોતાના નવા મકાનમાં કલરકામ તેમજ પોલિશ કામ કરાવવાનું હોવાથી નિકુંજભાઈએ તેમની જ કંપનીના એક પરિચિત વ્યક્તિ મારફતે અમદાવાદના વટવા ખાતે રહેતા પ્રેમપાલ કિશનલાલ નામના કારીગરનો સંપર્ક કર્યો હતો. બંને પક્ષો વચ્ચે મટિરિયલ સાથે કલરકામ કરી આપવાનું નક્કી થયું હતું. જે અંતર્ગત ગત 24 એપ્રિલથી પ્રેમપાલે મકાનમાં કલરકામ શરૂ કર્યું હતું. આ કામ દરમિયાન મટીરીયલ લાવવાના જુદા જુદા બહાના હેઠળ પ્રેમપાલે અલગ-અલગ તારીખોએ કુલ 40,000 રૂપિયા એડવાન્સ પેટે મેળવી લીધા હતા. દરમિયાન ગત 23 મેના રોજ બપોરના સમયે કારીગર પ્રેમપાલે નિકુંજભાઈ પાસે વધુ 20,000 રૂપિયાની માંગણી કરી હતી. જોકે નિકુંજભાઈએ તે સમયે ઓફિસે હોવાથી સાંજે ઘરે આવીને પૈસા આપવાનું જણાવ્યું હતું. આ વાતથી નારાજ થયેલા પ્રેમપાલે ઘરમાં નુકસાન કરવાનું શરૂ કરી દીધું હતું. તે જ દિવસે સાંજે નિકુંજભાઈના પિતાએ ફોન કરીને જણાવ્યું કે, કલર કામ કરનાર પ્રેમપાલ ઘરમાં કલરકામ વ્યવસ્થિત કરવાને બદલે જ્યાં ત્યાં આડેધડ કલર લગાવીને મોટું નુકસાન કરીને ભાગી ગયો છે.

# ગાંધીનગરમાં સત્તાવાર એક પણ કતલખાનું નથી! તો સેક્ટર-24માં નરી આંખે જે દેખાય છે એ શું છે?

## પાટનગરના નાક નીચે આવા ગંભીર કૃત્યો થતા હોવા છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં કેમ પોઢી રહ્યું છે? શું પોલીસ અને કોર્પોરેશનના અધિકારીઓ જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે?

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાંથી એક એવો સનસનાટીપૂર્ણ ખુલાસો થયો છે, જે સાંભળીને કાયદો-વ્યવસ્થા અને વહીવટી તંત્રના હોશ ઉડી ગયા છે. એક આર.ટી.આઈ. (RTI) ના જવાબમાં સરકારી ચોપડે સત્તાવાર રીતે એવું જાહેર કરવામાં આવ્યું છે કે ગાંધીનગરમાં એક પણ કતલખાનું (Slaughterhouse) અસ્તિત્વમાં જ નથી!

આ ખુલાસા બાદ હવે પાટનગરમાં એક મોટો યક્ષ પ્રશ્ન ઊભો થયો છે કે, જો સરકારી કાગળ પર એક પણ કતલખાનું નથી, તો પછી સેક્ટર-૨૪ સહિતના વિસ્તારોમાં નરી આંખે ધમધમતા ગેરકાયદેસર કતલખાના અને માંસના વેપલાનું સત્ય શું છે? શું જનતાની આંખો ખોટી છે કે પછી ગાંધીનગર મહાનગરપાલિકા અને સ્થાનિક તંત્ર ઘોર અંધારામાં છે? સ્થાનિક રહીશો અને ગૌભક્તો દ્વારા લાંબા સમયથી સેક્ટર-૨૪ વિસ્તારમાં ચાલતી શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને પશુઓની કતલ અંગે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. સોશિયલ મીડિયા પર પણ ★Sector24 અને Gaumata સાથે જનતા આક્રોશ ઠાલવી રહી છે. આર.ટી.આઈ. ના આ ખુલાસાએ સાબિત કરી દીધું છે કે પાટનગરમાં જે પણ કંઈ ચાલી રહ્યું છે તે સંપૂર્ણપણે ગેરકાયદેસર અને કાયદાના લીરેલીરા ઉડાવનારું છે. જો કાગળ પર કોઈ મંજૂરી જ નથી, તો કોના આશીર્વાદથી આ અડ્ડાઓ ધમધમી રહ્યા છે? આ કાળા કારોબાર પાછળ કયા મોટા માથાઓની રહેમનજર છે, તે હવે તપાસનો સૌથી મોટો વિષય બન્યો છે. જ્યારે સામાન્ય નાગરિક એક નાનું કેબિન કે લારી પણ મંજૂરી વગર ઊભી રાખે, તો મહાનગરપાલિકાનું દબાણ હટાવવાનું તંત્ર તાત્કાલિક ત્રાટકે છે. પરંતુ પાટનગરના નાક નીચે આવા ગંભીર કૃત્યો થતા હોવા છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં કેમ પોઢી રહ્યું છે? શું પોલીસ અને કોર્પોરેશનના અધિકારીઓ જાણીજોઈને આંખ આડા કાન કરી રહ્યા છે? આર.ટી.આઈ. ના આ જવાબથી ગાંધીનગર મહાનગરપાલિકાની પોલ ખુલ્લી પડી ગઈ છે. આ ચોંકાવનારા ખુલાસા બાદ હવે સમગ્ર ઘટના કાયદાકીય અને પોલીસ તપાસનો વિષય બની છે. ગૌભક્તો અને સ્થાનિક જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

માંગ ઉઠી રહી છે કે પોલીસ તંત્ર તાત્કાલિક આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર દરોડા પાડીને કડક કાર્યવાહી કરે. હવે જોવાનું એ રહેશે કે ગાંધીનગર પોલીસ આ અહેવાલ બાદ સફાળી જાગીને સેક્ટર-૨૪ માં 'સર્જિકલ સ્ટ્રાઈક' કરશે, કે પછી કાગળ પર 'સબ સલામત' બતાવીને મામલો રફેદફે કરી દેવાશે? પાક્કો ગુજરાત ન્યૂઝ આ ગંભીર મુદ્દા પર નજર રાખશે!

# પ્રદેશ પ્રમુખ ઇસુદાન ગઢવીએ 165 વિધાનસભા સંગઠન મંત્રીઓના નામ જાહેર કર્યા!

અમદાવાદ

ગુજરાતમાં ભલે વિધાનસભા ચૂંટણીને હજુ વાર હોય, પરંતુ રાજકીય પક્ષોએ અત્યારથી જ પોતપોતાની સોગઠાઓ ગોઠવવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી (AAP) આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લઈને ફૂલ એક્શન મોડમાં આવી ગઈ હોય તેમ દેખાઈ રહ્યું છે. 'આપ'ના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આજે એક મહત્વની જાહેરાત કરતા રાજ્યની ૧૬૫ વિધાનસભા બેઠકો માટે સંગઠન મંત્રીઓની વરણી કરી દીધી છે. આમ આદમી પાર્ટીની આ વહેલી તૈયારીઓએ ભાજપ અને કોંગ્રેસ છાવણીમાં પણ સળવળાટ શરૂ કરી દીધો છે. અમદાવાદ ખાતેથી વિગતો જાહેર કરતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી જનતાના પ્રશ્નોને લઈને હંમેશા રસ્તા પર લડતી આવી છે. ૨૦૨૭માં ગુજરાતની જનતાને એક મજબૂત વિકલ્પ આપવા માટે સંગઠનનું માળખું તળિયે સુધી મજબૂત કરવું અનિવાર્ય છે. આ જ હેતુથી પ્રદેશ નેતૃત્વ દ્વારા લાંબી મથામણ બાદ ૧૬૫ જેટલા સક્રિય અને પાયાના કાર્યકરોને વિધાનસભા સંગઠન મંત્રી તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

# દીવ-દમણ, દાદરા-નગર હવેલીના પ્રશાસક પ્રફુલ પટેલના ધર્મપત્નીનું નિધન : વડાપ્રધાન મોદીએ વ્યક્ત કરી સંવેદના

## હું પરિવારજનોને હૃદયપૂર્વક સાંત્વના પાઠવું છું અને પરમાત્મા સ્વર્ગસ્થ આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરું છું : PM

અમદાવાદ

સંઘ પ્રદેશ દીવ-દમણ, દાદરા-નગર હવેલીના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની ભાવનાબેન પટેલનું નિધન થતાં રાજકીય અને સામાજિક વર્તુળોમાં શોકની લાગણી વ્યાપી છે. તેમના અવસાનના સમાચાર મળતા જ દેશભરના આગેવાનો અને શુભેચ્છકો દ્વારા સંવેદના વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમની હિંમતનગરમાં અંતિમવિધિ કરવામાં આવશે.




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર શોક વ્યક્ત કરતાં લખ્યું કે, સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની ભાવનાબેન પટેલના અવસાનના સમાચારથી દુઃખ થયું. વર્ષોથી આ પરિવાર સાથે મારો નિકટનો પરિચય અને ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. આ દુઃખની ઘડીમાં હું પરિવારજનોને હૃદયપૂર્વક સાંત્વના પાઠવું છું અને પરમાત્મા સ્વર્ગસ્થ આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરું છું.

મળતી માહિતી મુજબ, ભાવનાબેન પટેલનો પાર્થિવ દેહ આજે ચાર્ટર્ડ પ્લેન મારફતે અમદાવાદ લાવવામાં આવશે. ત્યારબાદ પરિવારજનો, સ્નેહીજનો અને શુભેચ્છકો માટે અંતિમ દર્શનની વ્યવસ્થા કરવામાં આવશે. ભાવનાબેન પટેલના અવસાનથી પટેલ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. રાજકીય આગેવાનો, અધિકારીઓ અને સમાજના વિવિધ વર્ગોના લોકો દ્વારા પરિવારને સાંત્વના પાઠવવામાં આવી રહી છે. એન્કાઉન્ટર કેસમાં નરેન્દ્ર મોદીના ખાસ એવા ગૃહ રાજ્યમંત્રી અમિત શાહને ગુજરાતની બહાર રહેવાના(તડીપાર) આદેશ અપાયા હતા, અને તે સમયે મોદી સરકાર પર આફત આવી પડી હતી તે જ સમયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અમિત શાહના અનુગામી તરીકે 2010થી 2012 દરમિયાન તેમને રાજ્યના રાજ્યકક્ષાના ગૃહ મંત્રી બનાવ્યા હતા.

## તંત્રી લેખ...

# લાગણી સમજવા 'શબ્દો' ની ક્યાં જરૂર છે, વાંચતા આવડે તો 'આંખ' પણ પૂરતી છે!

માનવ જીવનની સૌથી સુંદર ભેટ જો કોઈ હોય, તો તે છે 'લાગણી'. બે હૃદય વચ્ચે વહેતો અદ્રશ્ય પ્રવાહ એટલે અહેસાસ. આજના હાઈટેક અને ડિજિટલ યુગમાં આપણે સવારથી સાંજ સુધી શબ્દોના મહાસાગરમાં ડૂબેલા રહીએ છીએ. વ્હોટ્સએપના મેસેજો, ઈન્સ્ટાગ્રામની કેપ્શન્સ, ફેસબુકની પોસ્ટ્સ અને ટ્વિટરના શબ્દયુદ્ધો–ચારેય તરફ બસ શબ્દોનો જ કોલાહલ છે. પણ ક્યારેય શાંતિથી બેસીને વિચાર્યું છે ખરું કે આટ-આટલા શબ્દો હોવા છતાં માણસ આજે કેમ આટલો એકલો અને અશાંત છે? લાંબા પત્રો કે હજારો મેસેજ લખ્યા પછી પણ કેમ સામેવાળી વ્યક્તિ આપણી વેદના



સમજી શકતી નથી? કારણ બહુ સ્પષ્ટ છે; શબ્દો મગજમાંથી નીકળે છે અને કાન સુધી પહોંચીને અટકી જાય છે, જ્યારે સાચી લાગણી હૃદયમાંથી નીકળે છે અને તેને કોઈ ભાષાની મર્યાદા નડતી નથી. કોઈકે બહુ ઊંડી વાત કહી છે કે–'લાગણી સમજવા 'શબ્દો' ની ક્યાં જરૂર છે, વાંચતા આવડે તો 'આંખ' પણ પૂરતી છે!'

આંખો: હૃદયનો અબોલ અરીસો

કુદરતે માણસને ચહેરો આપ્યો છે, જેની પર તે હજારો નકાબ ઓઢી શકે છે. હોઠથી માણસ ગમે તેટલું મોટું જૂઠ બોલી શકે છે, ખોટું હસી શકે છે અને પોતાની અંદરની ઉદાસીને છુપાવી શકે છે. પણ ભગવાને આ ચહેરા પર બે એવી બારીઓ મૂકી છે જે ક્યારેય જૂઠું બોલી શકતી નથી–તે છે આપણી આંખો. આંખો એ આત્માનું પ્રતિબિંબ છે. તમે ગમે તેટલા મજબૂત હોવાનો ઢોંગ કરો, પણ જો અંદરથી તૂટી ગયા હશો તો તમારી શૂન્યમાં તાકતી, સુની અને અબોલ આંખો બધું જ સત્ય પ્રગટ કરી દેશે. આંખોની પોતાની એક આગવી લિપિ છે, એક આગવી વ્યાકરણ છે. આ ભાષા શીખવા માટે કોઈ શાળા કે કોલેજમાં જવું પડતું નથી, આ તો બસ પ્રેમ અને સંવેદનાની પાઠશાળામાં આપોઆપ આવડી જાય છે.

સંબંધોના જુદા જુદા આયામો અને આંખોનો સંવાદ

જો આપણે રોજિંદા જીવનમાં બારીકાઈથી જોઈએ તો સમજાશે કે આ સૃષ્ટિનો શ્રેષ્ઠ વહેવાર શબ્દો વગર જ ચાલે છે: માતૃત્વનો અહેસાસ: એક નવજાત શિશુ જ્યારે દુનિયામાં આવે છે ત્યારે તેને કોઈ ભાષા નથી આવડતી. તે રડીને કે માત્ર માંની આંખોમાં જોઈને સંવાદ કરે છે. માં પણ બાળકની આંખોના ભીનાશ કે તેની નજરની દિશા જોઈને સમજી જાય છે કે પેટમાં ભૂખ છે, પીઠમાં દુખાવો છે કે તેને ઊંઘ આવી રહી છે. આ દુનિયાનો સૌથી પવિત્ર અને અબોલ સંવાદ છે. મૌન પ્રેમની પરાકાષ્ઠા: જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે સાચો અને પવિત્ર પ્રેમ હોય છે, ત્યારે થિયેટરો કે હોટલોના ઘોંઘાટ વચ્ચે પણ તેઓ એકબીજાની બાજુમાં બેસીને કલાકો સુધી મૌન રહી શકે છે. તેમની આંખો એકબીજાને એ બધું જ કહી દે છે જે ડિક્શનરીના મોટા-મોટા શબ્દો પણ નથી કહી શકતા. શબ્દોમાં શંકા હોઈ શકે, પણ નજરોની નીતરતી ભીનાશમાં માત્ર ને માત્ર શ્રદ્ધા હોય છે. મિત્રતાનો વણલખ્યો કાયદો: દોસ્તોની ભીડમાં જ્યારે તમે હોવ અને કોઈ એવી વાત બને જે તમને અંદરથી દુઃખ પહોંચાડે, ત્યારે તમારો અસલી મિત્ર ભીડની વચ્ચે પણ માત્ર તમારી આંખો જોઈને સમજી જાય છે કે કંઈક ગરબડ છે. તે કોઈ સવાલ કર્યા વગર તમારા ખભા પર હાથ મૂકી દે છે. આ ખભા પર મુકાયેલો હાથ અને આંખોનો મેળ એ જ સાચી મિત્રતા છે. શબ્દો છેતરી શકે, આંખો નહીં!

આજના સોશિયલ મીડિયાના જમાનામાં 'ખુશામતખોરી' વધી ગઈ છે. લોકો ટાઈપ કરીને 'I miss you' કે 'I care you' લખી દે છે, પણ એ શબ્દો પાછળ ઘણીવાર કોઈ ઊંડાણ હોતું નથી. શબ્દો એવા વસ્ત્રો છે જે કોઈ પણ પહેરી શકે છે–કપટી માણસ પણ સુંદર શબ્દો બોલી શકે છે. પરંતુ, કોઈની તકલીફ જોઈને આંખમાંથી સરી પડતું અશ્રુબિંદુ ક્યારેય કાવતરું નથી કરી શકતું. કોઈને મળીને આંખોમાં આવી જતી અચાનક ચમક ક્યારેય નકલી નથી હોતી.

જે સંબંધો માત્ર 'કહેવા' અને 'સાંભળવા' પર ટકેલા હોય છે, તે બહુ કાચા હોય છે. અસલી સંબંધો તો એ છે જ્યાં બે વ્યક્તિઓ વચ્ચે એટલી આત્મીયતા હોય કે એક વ્યક્તિ નજર નીચી કરે અને બીજી વ્યક્તિ તેના દિલનો ભાર સમજી જાય.

જીવનનો અમૂલ્ય વળાંક: મૌનને માણતા શીખીએ

આપણે એટલા બધા દોડતા થઈ ગયા છીએ કે આપણી પાસે સામેવાળા વ્યક્તિના ચહેરા તરફ જોવાનો પણ સમય નથી. પતિ-પત્ની, મા-બાપ કે સંતાનો–બધા એક જ ઘરમાં રહે છે છતાં પોતપોતાના મોબાઈલની સ્ક્રીનમાં વ્યસ્ત હોય છે. આપણે કાનથી સાંભળીએ છીએ, પણ આંખોથી જોવાનું ભૂલી ગયા છીએ.


જો જિંદગીને ખરેખર સુંદર અને અર્થસભર બનાવવી હોય, તો ક્યારેક મોબાઈલ બાજુ પર મૂકીને પોતાના સ્નેહીજનોની સામે બેસો. તેમની આંખોમાં છુપાયેલા થાકને, તેમની આંખોમાં રહેલી આશાને અને તેમની આંખોના મૌનને વાંચવાનો પ્રયત્ન કરો.

અંત પ્રોક્ત: જો તમારી જિંદગીમાં કોઈ એક પણ એવી વ્યક્તિ હોય, જે તમારા હોઠ ખોલતા પહેલાં તમારી આંખો વાંચીને કહી દે કે 'ચિંતા ન કર, હું બેઠો છું ને!', તો માની લેજો કે તમે આ બ્રહ્માંડના સૌથી નસીબદાર અને અમીર માણસ છો. કારણ કે દુનિયા શબ્દો સાંભળે છે, પણ હૃદય તો માત્ર આંખોની ભાષા જ સમજે છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પૃથ્વી ઉપર હવે સૂર્યપ્રકાશનું બેલેન્સ પણ ડગમગી રહ્યું છે !

- આર્કટિક અને એન્ટાર્કટિકા જેવા ઠંડા પ્રદેશોમાં ગરમી વધે તો વાદળોમાં પાણીનું સ્તર વધવા લાગે છે. પાણીથી ભરેલા વાદળો વધારે સફેદ અને ચમકદાર હોય છે. સૂર્યનો પ્રકાશ જ્યારે પૃથ્વી તરફ આવે છે ત્યારે આ સફેદ વાદળો જ તેને અવકાશમાં પરાવર્તિત કરવા લાગે છે. ધ્રુવીય પ્રદેશોમાં ભેજ, વરાળ અને તેના કારણે બનતા વાદળોને પગલે સૂર્યપ્રકાશ વધારે પરાવર્તિત થાય છે. તેથી અહીંયા ગરમી ઓછી લાગે છે : જ્યારે સૂર્યપ્રકાશ વાતાવરણને પાર કરીને સીધો જ જમીન સુધી પહોંચે છે. તેને ડાઉનવર્ડ સરફેસ સોલાર રેડિયેશન કહેવાય છે. આ સૂર્યપ્રકાશ આકરો હોય છે. તે જમીનને ગરમ કરે છે અને બરફ ઓગાળવા લાગે છે. સોલાર ફાર્મ ચલાવવામાં આવી ગરમી ઉપયોગી સાબિત થાય તેમ છે પણ બાકીના વિસ્તારોની સ્થિતિ વધારે કફોડી થઈ જાય : નોર્ધન મિડ લેટીટયૂડમાં આવેલા દેશોની સ્થિતિ ધ્રુવ્રીય પ્રદેશો કરતા કફોડી થવાની છે. ખાસ કરીને આ વિસ્તારમાં નોર્થ અમેરિકા, યુરોપ અને એશિયાના મોટાભાગના પ્રદેશોનો સમાવેશ થાય છે. ખાસ કરીને ભારત ઉપર પણ તેની આડઅસરો અને ઘાતક અસરો જોવા મળશે.



પૃથ્વી ઉપર જીવન ટકાવવા અને ચલાવવામાં સૂર્ય પ્રકાશ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હવામાનમાં ફેરફાર, વૃક્ષો અને અન્ય સજીવ સૃષ્ટિનું સંચાલન આ બધું જ સૂર્યપ્રકાશ ઉપર આધારિત છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે, પૃથ્વી ઉપર તમામ જગ્યાઓએ સૂર્યનો પ્રકાશ સમયાંતરે એક સરખો આવતો રહે છે. તેના કારણે બધાને એક સરખી ગરમી અને ઊર્જા મળી રહે છે. તાજેતરમાં થયેલા સંશોધનોએ જણાવ્યું કે, પૃથ્વીનું સંતુલન ખોટકાયું છે. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે સૂર્ય પ્રકાશની પૃથ્વી ઉપર વહેંચણીમાં મોટાપાયે ફેરફાર આવ્યા છે. આગામી સમયમાં આ સ્થિતિ વધારે ખરાબ થવાની છે. તેના કારણે પૃથ્વી ઉપર કેટલાક ભાગમાં અસહ્ય પ્રકાશ આવશે જ્યારે કેટલાક ભાગમાં અંધકાર જ રહેશે.

ઉલ્લેખનીય છે કે, ચીનની ઓશન યુનિવર્સિટીમાં આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. સંશોધકોએ દુનિયાભરના એડવાન્સ ક્લાઈમેટ મોડલ્સનો ઉપયોગ કરીને સૂર્ય પ્રકાશ અને તેના વિસ્તરણનો અભ્યાસ કર્યો હતો. સંશધકો માને છે કે, સૂર્યપ્રકાશની વહેંચણીમાં જ તફાવત આવશે અને તેના કારણે હવામાન, સોલાર પાવર અને ખેતી ઉપર વ્યાપક અસર પડશે. છેલ્લાં કેટલાક સમયથી દુનિયાભરના કેટલાક પ્રદેશોમાં જે રીતે ગરમી વધી રહી છે અને કેટલાક પ્રદેશોમાં ઠંડીમાં સખત વધારો થઈ રહ્યો છે તેને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ હાથ ધરાયો હતો. ગ્લોબલ વોર્મિંગની સૂર્યપ્રકાશ ઉપર કેવી અને કેટલી અસર થઈ છે તે જોવા માટે એડવાન્સ મલ્ટિપલ ક્લાઈમેટ મોડલ્સની મદદ લેવામાં આવી હતી. આ ઉપરાંત કમ્પ્યૂટર સિમ્યુલેશનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ચિંતાજનક બાબત એવી હતી કે, દુનિયાભરની લેબમાંથી વિવિધ ડેટા લેવામાં આવ્યા હતા. હવામાનના આ ડેટાને જ્યારે કમ્પ્યૂટર સિમ્યુલેશનની મદદથી અલગ અલગ એડવાન્સ ક્લાઈમેટ મોડલ્સ સાથે જોડવામાં આવ્યા તો તેના પરિણામો એક જેવા જ જોવા મળ્યા હતા. તેમાં જણાવાયું હતું કે, ધ્રુવીય વિસ્તારોમાં એટલે કે પોલ ઝોનમાં ધીમે ધીમે સૂર્યપ્રકાશ વધારે ઝાંખો થવા લાગશે. બીજી તરફ નોર્થ મીડ લેટીટયૂડ વિસ્તારોમાં સૂર્યપ્રકાશમાં અતિશય વધારો થઈ જશે. આ વધારાની અસર ઉનાળા દરમિયાન સૌથી વધારે વર્તાશે.

જ્યારે સૂર્યપ્રકાશ વાતાવરણને પાર કરીને સીધો જ જમીન સુધી પહોંચે છે. તેને ડાઉનવર્ડ સરફેસ સોલાર રેડિયેશન કહેવાય છે. આ સૂર્યપ્રકાશ આકરો હોય છે. તે જમીનને ગરમ કરે છે અને બરફ ઓગાળવા લાગે છે. સોલાર ફાર્મ ચલાવવામાં આવી ગરમી ઉપયોગી સાબિત થાય તેમ છે પણ બાકીના વિસ્તારોની સ્થિતિ વધારે કફોડી થઈ જાય. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ ઘણી વખત સૂર્યપ્રકાશની ગરમીમાં વધારો અને ઘટાડો નોંધાયો છે. તાજેતરની જ વાત કરીએ તો ૧૯૫૦થી ૧૯૮૦ સુધીમાં પૃથ્વી ઉપર આવતા સૂર્યપ્રકાશમાં ઘટાડો થયેલો હતો. ત્યારબાદ તેમાં ધીમે ધીમે વધારો થવા લાગ્યો છે. તાજેતરનું સંશોધન ચેતવણી આપે છે કે, હવે જે રીતે વધારો અને ફેરફાર થઈ રહ્યા છે તે આગામી સમયમાં પૃથ્વી ઉપર ઉથલપાથલ લાવી દેશે. ઉલ્લેખનીય છે કે, દુનિયાભરમાં સૂર્યપ્રકાશના સ્તરમાં ફેરફાર થવાનો છે. તેમાંય ધ્રુવીય પ્રદેશોમાં તેમાં ઘટાડો થવાનો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે જ દુનિયાભરમાં આ પરિવર્તન આવવાનું છે. તેના પાછળ વોટર વેપર અને વાદળોની પણ મોટી ભૂમિકા રહેલી છે. સામાન્ય રીતે હવા જ્યારે ગરમ થાય છે ત્યારે તેમાં વોટર વેપર એટલે વરાળને રોકવાની ક્ષમતા વધી જાય છે. આ ભેજ આકાશમાંથી આવતા સૂર્યના કિરણોને જમીન સુધી પહોંચતા પહેલાં જ પોતાનામાં શોષી લે છે. તેના પગલે વાતાવરણ સાફ હોવા છતાં આકાશ સ્વચ્છ દેખાવા છતાં ભેજના કારણે તડકો ઓછો લાગે છે. જાણકારો માને છે કે, માત્ર ભેજ અને વરાળના કારણે આવું થતું હોત તો સમગ્ર વિશ્વમાં સૂર્યપ્રકાશની તિવ્રતા ઘટી ગઈ હોત. અહીંયા વાદળોની ભૂમિકા પણ એટલી જ મહત્ત્વની છે. આર્કટિક અને એન્ટાર્કટિકા જેવા ઠંડા પ્રદેશોમાં ગરમી વધે તો વાદળોમાં પાણીનું સ્તર વધવા લાગે છે. પાણીથી ભરેલા વાદળો વધારે સફેદ અને ચમકદાર હોય છે. સૂર્યનો પ્રકાશ જ્યારે પૃથ્વી તરફ આવે છે ત્યારે આ સફેદ વાદળો જ તેને અવકાશમાં પરાવર્તિત કરવા લાગે છે. ધ્રુવીય પ્રદેશોમાં ભેજ, વરાળ અને તેના કારણે બનતા વાદળોને પગલે સૂર્યપ્રકાશ વધારે પરાવર્તિત થાય છે. તેથી અહીંયા ગરમી ઓછી લાગે છે. ઉલ્લેખનીય છે કે, સૂર્યપ્રકાશ અને ગરમીનું જે અસંતુલન સધાયું છે તે ૨૦૮૦ કે તેના પછી વધારે આક્રમક દેખાશે તેવું નથી. તેની શરૂઆત ઘણા સમય પહેલાં થઈ ગઈ હતી અને આગામી સમયમાં તેની અસર વધારે આકરી થશે. છેલ્લાં બે દાયકામાં પણ તેની પેટર્નમાં તફાવત જોવા મળ્યો છે. સંશોધકોનું માનવું છે કે, ભવિષ્યમાં જે આકરી સ્થિતિ આવવાની છે તેની આ શરૂઆત છે. તેઓ સ્પષ્ટ માને છે કે, ભવિષ્યમાં ગરમી વધવાની છે તે કોઈ અનુમાન નથી પણ વાસ્તવિકતા છે અને તેનો અણસાર અત્યારથી આવવા લાગ્યો છે.

સંશોધન દરમિયાન લો, મિડિયમ અને હાઈ ઈમિશનનો સિનારિયો જોવા મળ્યો હતો. દરેક સ્થિતિમાં આ પેટર્ન ખૂબ જ સ્પષ્ટ અને મજબૂત જોવા મળી હતી. આ સંશોધન બાદ ખાસ ટકોર કરવામાં આવી છે કે, જેમ જેમ ગ્લોબલ વોર્મિંગની અસર વધશે તેમ તેમ સ્થિતિ વધારે આકરી થતી જશે. સંશોધકોએ જણાવ્યું કે, જે લોકો હવામાનના જૂના ડેટાના આધારે ધારણા બાંધતા હશે તેમની ધારણા ખોટી પડશે. અત્યારે જ હવામાનના વરતારામાં મોટાપાયે ફેરફાર નોંધાઈ રહ્યા છે. તેના કારણે આગામી સમયમાં ગરમી અથવા તો ઠંડીની શું સ્થિતિ રહેશે તેનું ચોક્કસ અનુમાન કાઢી શકાય તેમ જ નથી. ભૂતકાળની પેટર્ન એક જ બાબત જણાવે છે કે, ગ્લોબલ વોર્મિંગ જેટલું આકરું થશે તેટલી સ્થિતિ વધારે ખરાબ થશે. બીજી તરફ સૂર્યનો પ્રકાશ ધરતીની સપાટી ઉપર આવે ત્યારે એનર્જીનો સૌથી મોટો સોર્સ હોય છે. તેમાં થનારા પરિવર્તનો સમગ્ર પૃથ્વીને અસર કરશે. આ ઉપરાંત વિશ્વભરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુદરતી પ્રક્રિયાઓને પણ અસર કરશે. ખાસ કરીને ધ્રુવીય પ્રદેશો ઉપર એવા સમયમાં સૂર્યપ્રકાશ ઘટવાના વરતારા છે જ્યારે ગરમીની સીઝન હોય અને બરફ ઓગળવાની શરૂઆત થઈ ગયો. હવે જો બરફ ઓગળવાની સીઝન દરમિયાન જ ગરમી ઘટશે તો પોલર એમ્પ્લિફિકેશન પ્રોસેસને અસર પડશે. આગામી સમયમાં આર્કટિકમાં દુનિયાના અન્ય ત્રણ ભાગ કરતા ગરમીમાં વધારો થશે. તેમ છતાં સૂર્ય પ્રકાશની ઝડપ અને વાદળોની સ્થિતિ આ બાબત નક્કી કરશે. આ સંશોધનથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે, દુનિયાના કેટલાક વિસ્તારોમાં ગરમી ઘટવાથી ત્યાં ઠંડીનું પ્રમાણ વધશે અને કેટલાક વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ અસહ્ય રીતે વધી જશે. તેના કારણે રિવર ફ્લો, ગ્લેશિયરો, દરિયા, સોલાર પાવર આઉટપુટ વગેરેમાં પણ વ્યાપક તફાવત અને ફેરફાર જોવા મળશે. જાણકારોના મતે આ નવા ફેરફારોની અત્યારથી જ નોંધ લઈને તેના ઉપર કામ કરવામાં આવે તો નવો ડેટા બની શખે. આ તમામ ડેટાના આધારે નવું ફોરકાસ્ટ મોડલ બનાવી શકાય તેમ છે. ૧૯૮૦ બાદ જે પણ સુધારા જોવા મળ્યા તેને ધ્યાનમાં રાખીને આગામી સદી સુધી વાતાવરણ કેવું રહેશે તેનો અભ્યાસ કરી શકાય તેમ છે. - ભારત સહિત એશિયા, અમેરિકા અને યુરોપમાં અસહ્ય ગરમીમાં વધારો નોંધાશે જાણકારોએ ચેતવણી ઉચ્ચારી છે કે, નોર્ધન મિડ લેટીટયૂડમાં આવેલા દેશોની સ્થિતિ ધ્રુવ્રીય પ્રદેશો કરતા કફોડી થવાની છે.

ખાસ કરીને આ વિસ્તારમાં નોર્થ અમેરિકા, યુરોપ અને એશિયાના મોટાભાગના પ્રદેશોનો સમાવેશ થાય છે. ખાસ કરીને ભારત ઉપર પણ તેની આડઅસરો અને ઘાતક અસરો જોવા મળશે. અહીંયા ઘણા વખતથી વાતાવરણમાં અને ઋતુચક્રમાં ફેરફાર આવેલો છે ત્યાં હવે સૂર્યપ્રકાશના પ્રમાણમાં પણ ફેરફાર આવવાની શક્યતાઓએ લોકોની ચિંતા વધારી દીધી છે. આ વિસ્તારોમાં વાદળોનું સ્તર પાતળું હોવાથી અહીંયા ગરમી વધારે હોય છે. અહીંયા વાદળો ઓછા હોય છે અને જ્યાં હોય છે ત્યાં પાતળું સ્તર ધરાવે છે તેથી સૂર્યના કિરણો સીધા જ જમીન સુધી પહોંચી જાય છે. આકાશમાં રહેલો ભેજ કેટલીક ગરમી શોષી લે છે તેમ છતાં આકાશ સાફ હોવાના કારણે અહીંયા તડકો વધી જાય છે અને ગરમીનું પ્રમાણ અસહ્ય રીતે વધી જાય છે. તેના પગલે સોલાર એનર્જી અને હીટ બંનેમાં વધારો થાય છે. આ વિસ્તારો જ્યારે સૂર્ય તરફ સરકે છે ત્યારે અહીંયા ગરમી અને તડકાનું પ્રમાણ અસહ્ય રીતે વધી જશે. સંશોધનમાં સામે આવ્યું છે કે, હાઈ એમિશન ધરાવતા વિસ્તારોમાં આર્કટિકમાં ગરમીમાં ૧૫ ટકાનો ઘટાડો આવી શકે છે. તેવી જ રીતે એન્ટાર્કટિકાની ગરમીમાં પણ સાત ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે. બીજી તરફ મિડ લેટીટયૂડવાળા દેશોમાં ગરમી અને ઠંડાના તફાવતમાં ૨ થી ૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. ચિંતાજનક વાત એ છે કે, મોટાભાગના ક્લાઈમેટ મોડલ દ્વારા આવી જ પેટર્ન રજૂ કરવામાં આવી હતી.

# મોદી શાસનના બાર વર્ષ: શાસકીય સિદ્ધિઓ અને રાજકીય જાહેરાતોમાં ફરક

બાર વર્ષ મહત્વનું સીમાચિહ્ન ગણી શકાય. મોદી સરકાર પ્રથમ વાર ૨૦૧૪માં ચૂંટાઈ હતી, ૨૦૧૯માં ફરી ચૂંટાઈ અને ૨૦૨૪માં ફરી ચૂંટાઈ પણ નોંધપાત્ર રીતે ઓછી સંખ્યા સાથે. ભાજપે મોદીના સમયગાળાને કોઈપણ ચૂંટાયેલા વડા પ્રધાન કરતા સૌથી લાંબો ગણાવીને પ્રશંસા કરી. તદ્દન બિનજરૂરી રીતે આ સમયગાળાની જવાહરલાલ નહેરુ સાથે સરખામણી કરાઈ. તમામને જાણ છે કે નહેરુ સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન હતા, તેમણે ૧૯૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં ચૂંટણીઓ જીતી હતી, અને તેઓ ૧૭ વર્ષ વડા પ્રધાન રહ્યા હતા. તેમણે અત્યાર સુધી સૌથી વધુ વર્ષો માટે વડા પ્રધાન તરીકે કામગીરી બજાવી. દરેક સરકારને દાવા કરવાનો અધિકાર છે અને થોડા પ્રમાણમાં અતિશયોક્તિ પણ વાજબી છે. પણ હાલની જાહેરાતો આ અતિશયોક્તિથી આગળ નીકળી ગઈ. લોકોએ બે વર્ષ અગાઉ મોદીના અતિશયોક્તિભર્યા દાવા માપી લીધા અને લોકસભામાં ભાજપની બેઠકો ૨૪૦ સુધી મર્યાદિત રાખીને ગૃહમાં પક્ષને સાદી બહુમતિથી વંચિત રાખ્યો. બે વર્ષ પછી ફરી આવા જ દાવા કરાઈ રહ્યા છે. કોઈપણ પૂર્વગ્રહ વિના કોઈપણ પૂર્વગ્રહ વિના હું કેટલાક દાવાના નમૂના લઈને તેના વિશે તથ્ય ઉજાગર કરવા ઈચ્છું છું : - સરકારે ત્રણ કરોડ લખપતિ દીદી સર્જી સરકારની વ્યાખ્યા મુજબ લખપતિ દીદી સેલ્ફ હેલ્પ ગુરપ (એસએચજી)ની મહિલા સભ્ય છે. ઓગસ્ટ ૨૦૨૫માં એવા અહેવાલ હતા કે ૧,૪૮,૦૦,૦૦૦ એસએચજી સભ્યો લખપતિ દીદી બન્યા છે. માર્ચ ૨૦૨૬માં એક સંસદીય સવાલના જવાબમાં જણાવાયું હતું કે ૩,૦૭,૩૩,૮૨૦ એસએચજી સભ્યોએ સ્વ જાહેરાત કરી હતી કે તેઓ લખપતિ દીદી છે. એસએચજી કાર્યક્રમ મોદી સરકાર અગાઉ શરૂ થયો હતો, તેમાં મહિલાઓનું સશક્તિકરણ થયું હતું અને તેઓ વધુ આવક કરી શકે તેવી કુશળતા શીખવવામાં આવી હતી. પણ મોદી સરકારે ત્રણ કરોડ લખપતિ દીદી બનાવી એવો દાવો વધુ પડતો છે. આ દાવાના ખરાપણા બાબતે કોઈ સ્વતંત્ર ચકાસણી થઈ હોવા વિશે મને શંકા છે. આપણે આ દાવાનું બારીકાઈથી વિશ્લેષણ કરીએ. ભારતની કામ કરતી મહિલાઓની વસતી (૧૫ વર્ષ અને વધુ) ૫૩ કરોડ છે અને મહિલા ભાગીદારી(લગભગ ૪૧.૭ ટકા પ્રમાણે) લગભગ બાવીસ કરોડ છે, આ સંખ્યા એવી મહિલાઓની છે જે કામ કરે છે અથવા તો સક્રિયપણે કામ માગી રહી છે.જો ત્રણ કરોડ લખપતિ દીદીનો દાવો એમ જ સ્વીકારી લેવામાં આવે, તો કામ કરતી મહિલાઓના સાતમાંથી એક લખપતિ છે. એસએચજી સભ્યો (લગભગ તમામ મહિલાઓ)ની સંખ્યા અંદાજે ૯થી ૧૦ કરોડ છે, જેનો અર્થ એવો થયો કે એસએચજીના દરેક ત્રણમાંથી એક સભ્ય લખપતિ છે! સત્ય એ છે કે આ દાવો મહિલાની ચોખ્ખી સંપતિ બાબતે નથી પણ તેના પરિવારની વાર્ષિક આવક બાબતે છે. પરિવારના અન્ય સભ્યોની આવક હોઈ શકે, પરિવારની કુલ વાર્ષિક આવક એક લાખ રૂપિયા હોઈ શકે અને તેમાં મહિલાનો હિસ્સો નજીવો હોઈ શકે તેવી બાબતો આ દાવામાં છુપાડવામાં આવી છે. પરિવારની વાર્ષિક આવક



એક લાખ રૂપિયા હોવી કોઈ દુર્લભ અથવા અસાધારણ બાબત નથી. હકીકતમાં રૂા. ૨,૦૫,૩૨૪ની માથા દીઠ આવક સાથેના દેશમાં આ બાબત સામાન્ય છે. આથી સરકારે ત્રણ કરોડ લખપતિ દીદીનું સર્જન કર્યું તેવો દાવો પોકળ સાબિત થાય છે. - સરકારે કાર્યરત એરપોર્ટની સંખ્યા 74માંથી 164 કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર દર વર્ષે બનતું રહે છે, અને તેમાં એએઆઈ માલિકીના એરપોર્ટ સામેલ હોય છે જે પીપીપી મોડલ અને ખાનગી એરપોર્ટના આધારે હોય છે. ૧૬૪ની સંખ્યા ખરી છે, પણ મહત્વનો શબ્દ છે કાર્યરત. સામાન્ય નાગરિક માનવા પ્રેરાય કે કાર્યરત એરપોર્ટ એટલે નિયમિત કમર્શિયલ ફ્લાઈટ સંભાળતા એરપોર્ટ. આ દ્રષ્ટિએ સરકારનો દાવો ખરો નથી. એરપોર્ટમાં એવા પણ એરપોર્ટ સામેલ હોય છે જે સંરક્ષણ, કાર્ગો અને તાલીમ સંબંધિત હોય છે, પણ તેમાં કોઈ નિયમિત કમર્શિયલ પેસેન્જર ફ્લાઈટ નથી હોતી. ઉડાન યોજના હેઠળ અનેક નાના એરપોર્ટ કાર્યરત કરાયા અને પેસેન્જર સેવાઓ શરૂ કરાઈ. એરલાઈન્સને ૭૭૪ રૂટ ઓફર કરાયા પણ, સી એન્ડ એજીના જણાવ્યા અનુસાર ૪૦૩ રૂટ પર કોઈ કમર્શિયલ સેવાઓ શરૂ ન કરાઈ. સી એન્ડ એજીએ એવું પણ જણાવ્યું કે ત્રણ વર્ષના સબ્સિડી સમય દરમ્યાન માત્ર ૧૧૨ રૂટ કાર્યરત થયા હતા અને એકવાર સબ્સિડી સમાપ્ત થયા પછી માત્ર ૫૪ રૂટ કાર્યરત રહ્યા. ૨૦૨૫માં સરકારે કબૂલ કર્યું કે પંદર ઉડાન એરપોર્ટ બિનકાર્યરત બની ગયા. ઉદ્યોગના અંદાજે કાર્યરત એરપોર્ટની સંખ્યા ૧૨૦ છે. - સરકારે 19 હજાર કરતા વધુ જન ઔષધિ દુકાનો ખોલી જન ઔષધિ દુકાનો કાર્યક્રમ ૨૦૦૮માં શરૂ કરાયો હતો પણ ૨૦૧૩માં નિષ્ફળ ગયો. સરકારે ધંધો કરવાની કોઈ જરૂર નથી તેવી જાહેરાત કરીને મોદી સરકારે ૨૦૧૫માં કાર્યક્રમને નવા રૂપે ફ્રેન્ચાઈસી મોડલમાં ફરી શરૂ કર્યો જેથી ઉચ્ચ ગુણવત્તાની દવાઓ વાજબી દરે ઉપલબ્ધ કરાવી શકાય. દવાની ગુણવત્તાનું નિયમન ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીજીસીઆઈ) અને સ્ટેટ ડ્રગ કંટ્રોલ ઓથોરિટી દ્વારા થાય છે. જરૂરી દવાની કિંમતનું નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) દ્વારા નિયમન થાય છે. લીગલ મેટ્રોલોજી નિયમો મુજબ પ્રત્યેક પેકેજ પર એમઆરપી પ્રદર્શિત કરવી ફરજિયાત છે. ઉદ્યોગના અંદાજ મુજબ ૨૦૨૪-૨૫માં રિટેલ ફાર્મસી વેપારનું ટર્નઓવર રૂા. ૨,૨૫,૦૦૦ કરોડ હતું. સરકારી કાર્યક્રમો મધ્યમ રૂપે સફળ રહ્યા છે. વસ્તુસ્થિતિ પ્રમાણિકપણે ઉજાગર કરવાથી વિશ્વસનીયતા વધશે.

# કતારના બરજાન ગેસ પ્લાન્ટમાં ભીષણ વિસ્ફોટ, 54 ઈજાગ્રસ્ત, 18 લોકોની હજુ કોઈ ભાળ ન મળી

કતારના પ્રખ્યાત રસ લાફાન ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા બરજાન ગેસ સપ્લાય પ્લાન્ટમાં રવિવારે મોડી રાત્રે એક ભયાનક વિસ્ફોટ થયો હતો, જેના કારણે ત્યાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં આશરે 54 કર્મચારીઓ ઘાયલ થયા છે, જ્યારે અન્ય 18 કર્મચારીઓ હજી પણ ગુમ છે. આ અકસ્માતને કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં મોટો આંચકો લાગવાની આશંકા સેવાઈ રહી છે. ટર્મિનલ ફરી શરૂ કરતી વખતે સર્જાયો અકસ્માત વાસ્તવમાં આ અકસ્માત ત્યારે થયો જ્યારે કર્મચારીઓ ગેસ ટર્મિનલ ફરીથી શરૂ કરી રહ્યા હતા. ઈરાને કરેલા બોમ્બમારા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ કરી દેવાને કારણે કતાર બહારના દેશોને ગેસ મોકલી શકતું ન હતું, જેથી કતારે ગેસનું ઉત્પાદન બંધ કરવું પડ્યું હતું. જો કે, યુદ્ધનો કાયમી અંત લાવવા માટે ચાલી રહેલી શાંતિ મંત્રણા વચ્ચે ઈરાને આ દરિયાઈ માર્ગ પરથી પોતાનો પ્રતિબંધ હળવો કર્યો હતો. આ તકનો લાભ લઈને કતારે પોતાનું નિકાસ ટર્મિનલ ફરી ચાલુ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે જ સમયે આ ભયાનક બ્લાસ્ટ થઈ ગયો. દુનિયાના અગ્રણી કુદરતી ગેસ ઉત્પાદક દેશોમાં કતારનું નામ ટોચ પર છે.

# તાઈવાનને ફરી એકવાર ચીને ઘેરી લીધું યુદ્ધ જહાજો તેમજ યુદ્ધવિમાનોથી ડરાવે છે

તેઈપી


ટાપુ રાષ્ટ્ર તાઈવાનની આસપાસ છેલ્લા કેટલાયે મહિનાઓથી ચીનની સૈન્ય ગતિવિધિ તેજ થઈ છે. તાઈવાનનાં સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે અમારા દેશ ફરતા ચીનનાં ૮ યુદ્ધ જહાજો ઉપરાંત કેટલાયે અન્ય સરકારી અને ખાનગી જહાજો ઘેરો નાખી પડયાં છે. તેમજ યુદ્ધ વિમાનો પણ અમારી આકાશી સીમા કાપીને ઊડી રહ્યાં છે. જોકે અમારી સેના પણ ચીનની આ ગતિવિધિ ઉપર સતત નજર રાખી રહી છે. જોકે તાઈવાન તે અંગે સંપૂર્ણ રીતે તૈયાર છે જ. તે કોઈપણ ભોગે તાઈવાન લઈ લેવા માગે છે, અને વર્તમાન પ્રમુખ શી જિનપિંગ તાઈવાન ચીન સાથે મેળવી દેવા માગે છે. ૨ ઓક્ટો. ૧૯૪૯ ના દિને માઓ-ત્સે-તુંગ અને આઉટમેન-લાઈ નાં નેતૃત્વ નીચે સામ્યવાદીઓએ સમગ્ર ચીન પર કબ્જો કર્યો ત્યારે તાઈવાન ઉપર શાસન કરતી ક્વોમિંગ નાન પાર્ટીના નેતાઓ ડૉ. સોન-યાન-સેન અને તેમના સાથી ચ્વાંગ કાઈ શેક ચીનની જન્મભૂમિ છોડી તાઈવાન ચાલ્યા ગયા અને ત્યાંથી રીપબ્લીક ઓફ ચાઈના તરીકે તે ટાપુ રાષ્ટ્રો જાહેર કર્યો. ત્યારે માઓ ત્સે તુંગ તાઈવાન પર કબ્જો ન જાળવી શક્યા. તેના બચાવમાં અમેરિકી નૌકાદળ હાજર હતું. હવે શી-જિનપિંગ, તાઈવાને જીબી યોગને માઓથી પણ મહાન દર્શાવવા માને છે. વાસ્તવમાં ૧૮૯૬માં તાઈવાન ઉપર જાપાનનો કબ્જો હતો. ૧૯૪૫માં દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાન પરાજિત થયું તેથી તાઈવાન ઉપર અમેરિકી કબજો આવ્યો. પછી અમેરિકાએ તાઈવાનને સ્વતંત્ર જાહેર કર્યું અને સોનયાન એન તથા ચ્યાંગકાઈ શહેરને પૂરું સમર્થન મળ્યું. તાઈવાનીઝ કહે છે કે અમે હાન વંશીઓ છીએ પણ સામ્યવાદી ચીનથી સ્વતંત્ર છીએ. તાઈવાનના લોકો પોતાને ચાઈનીઝ કહેવાને બદલે તાઈવાનીઝ કહે છે. અમે હાનવંશી- તાઈવાનીઝ છીએ. જે દેશો વન ચાઈના પોલીસી અનુસરે છે તે દેશો ભારત સહિત તાઈવાન સાથે સીધો રાજદ્વારી સંબંધ નથી રાખતા. રાજદૂતો મોકલતા નથી કે રાજદૂતો સ્વીકારતા નથી પરંતુ શૈક્ષણિક તથા વ્યાપારી હેતુઓ માટેની ઓફિસો રાખે છે.



પાક્કો ગુજરાત
મંગળવાર | 23 જૂન 2026 | અમદાવાદ

ગ્રામીણ પંથકમાં મેઘરાજા ભારે મહેરબાન થયા : રસ્તાઓ પાણી-પાણી

# સાવરકુંડલાના ગ્રામ્ય પંથકમાં સતત 5મા દિવસે ભારે વરસાદ





ઝાલોદ, પંકજ પંડિત

હજુ ગુજરાતમાં સત્તાવાર રીતે ચોમાસાનું આગમન નથી થયું, પરંતુ તે પહેલાં જ અમરેલી જિલ્લામાં મેઘરાજાએ ધડબડાટી બોલાવવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગ દ્વારા ચોમાસાની સત્તાવાર જાહેરાત થાય તે પહેલાં જ અમરેલીમાં સતત 5મા દિવસે વરસાદનું ધમાકેદાર આગમન થયું છે.

આજે સાવરકુંડલાના ગ્રામીણ પંથકમાં મેઘરાજા ભારે મહેરબાન થયા છે. સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના વીજપડી, ખડસલી અને છાપરી સહિતના ગામોમાં વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને વીજપડી ગામે વહેલી સવારથી જ ધોધમાર વરસાદ તૂટી પડતાં રોડ-રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા અને માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

ચોમાસાની સત્તાવાર એન્ટ્રી પહેલાં જ પડી રહેલા આ મધ્યમ અને ધોધમાર વરસાદના કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. વાવણીના સમય પહેલાં જ અમૃત સમાન વરસાદ વરસતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખેડૂતોના ચહેરા ખીલી ઉઠ્યા છે.

બીજી તરફ રાજુલા પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. રાજુલા પંથકના નાની ખેરાળી, ખારી, બાબરીયાધાર અને મેરીયાણા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયું હતું અને જોતજોતામાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. પવનના સુસવાટા સાથે પડેલા આ વરસાદને કારણે ગામના મુખ્ય માર્ગો અને સોસાયટીઓમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા અને રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. આ પહેલા વરસાદ જ વાવણી લાયક વરસ્યો હોવાથી જગતના તાત એવા ખેડૂતોમાં હર્ષોલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે.

અહેવાલો અનુસાર, ગુજરાતને સ્પર્શતા અરબી સમુદ્ર અને સોમાલિયા તટની આસપાસ આગામી 5 દિવસ દરમિયાન પવનની ગતિ અતિ જોખમી સ્તરે પહોંચી શકે છે. દરિયામાં પવનની સામાન્ય ગતિ 40 થી 55 કિમી પ્રતિકલાક રહેશે, જે કેટલાક સમય માટે ઝટકા સાથે વધીને 60 થી 65 કિમી પ્રતિકલાકની ઝડપ પકડી શકે છે.

આ સિસ્ટમના કારણે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની તીવ્રતા વધશે અને સમુદ્રમાં ભારે કરંટ (ઊંચા મોજા) ઉછળશે.

સમુદ્રમાં સર્જાનારી આ જોખમી સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને કોસ્ટ ગાર્ડ દ્વારા ગુજરાતના તમામ નાના-મોટા માછીમારોને આગામી સૂચના સુધી દરિયો ન ખેડવા માટે કડક આદેશ આપવામાં આવ્યા છે. જે માછીમારો હાલ દરિયામાં છે તેમને તાત્કાલિક સુરક્ષિત કિનારે પરત ફરી જવા અને બંદરો પર બોટ સુરક્ષિત જગ્યાએ બાંધવા તાકીદ કરાઈ છે. હવામાન નિષ્ણાતોના વિશ્લેષણ અનુસાર, ચોમાસું હાલ ધીમે-ધીમે તેની ગતિ પકડી રહ્યું છે. આગામી 48 કલાકમાં ચોમાસું મહારાષ્ટ્રના વધુ વિસ્તારોને આવરી લે તેવી સાનુકૂળ પરિસ્થિતિ છે. જોકે, ગુજરાતના બાકીના ભાગોમાં ચોમાસાના સાર્વત્રિક અને વ્યાપક પ્રવેશ માટે હજુ પણ રાજ્યના નાગરિકોએ થોડી રાહ જોવી પડશે.

## હિંમતનગર હાઈવે પર ખાનગી લક્ઝરી બસનો ભયાનક અકસ્માત: ડ્રાઈવર સહિત 7 મુસાફરો ઘાયલ

ઈડર (સાબરકાંઠા), જાકીર મેમણ

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે 48 પર કાટવાડ નજીક રવિવારે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરતથી જોધપુર જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસ કોઈ અજાણ્યા વાહન સાથે ધડાકાભેર અથડાતાં અકસ્માતનો ભોગ બની હતી. આ દુર્ઘટનામાં બસના ચાલક સહિત કુલ સાત મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે.

અકસ્માત એટલો સર્જરીક હતો કે બસના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો, જેના કારણે બસનો ચાલક કેબિનમાં જ ફસાઈ ગયો હતો અને તેનો પગ ક્લચ નીચે દબાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ હિંમતનગર ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ઓફિસર મયંક પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ઘટના રવિવારે રાત્રે આશરે પોણા બે વાગ્યાની આસપાસ બની હતી. ફાયરની ટીમે કપમશીન વડે બસના પતરા કાપીને ભારે જહેમત બાદ ૨૫ મિનિટની અંદર ચાલકને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.




અકસ્માતને પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિકો અને તંત્રની મદદથી તમામ ૭ ઈજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.

સ્થાનિકોએ ચાલકને બચાવ્યો

## ડભોઈમાં મોટી દુર્ઘટના ટળી : સહયોગ શાક માર્કેટ પાસે ઈકો કાર તળાવમાં ખાબકી

ડભોઈ

ડભોઇ નગરમાં આવેલી સહયોગ શાક માર્કેટ પાસે આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાતા-સર્જાતા રહી ગયો હતો. શાકભાજી ખરીદવા આવેલા એક ઈકો કારના ચાલકે કાર પરનો કાબૂ ગુમાવી દેતાં કાર સીધી તળાવના ઊંડા પાણીમાં ખાબકી હતી. જોકે, સ્થાનિક લોકોની તત્પરતા અને સમયસૂચકતાને કારણે કાર ચાલકને હેમખેમ બહાર કાઢી લેવાતા એક મોટી હોનારત ટળી છે.

મળતી માહિતી મુજબ, શિનોર તાલુકાના બીથલી ગામના રહેવાસી



નિલેશભાઈ પાટણવાડીયા પોતાની ઈકો કાર લઈને ડભોઈના સહયોગ શાક માર્કેટ ખાતે શાકભાજીની ખરીદી કરવા માટે આવ્યા હતા. માર્કેટના ફૂટપાથ નજીક કાર પાર્ક કરતી વખતે અથવા વળાંક લેતી વખતે અચાનક જ સ્ટેયરિંગ પરથી તેમનો કાબૂ છટકી ગયો હતો. કાબૂ ગુમાવતા જ ઈકો કાર તળાવના કિનારા તરફ ધસી ગઈ હતી અને જોતજોતામાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. કાર તળાવમાં ખાબકતા જ આસપાસના શાકભાજી વિક્રેતાઓ અને ખરીદી કરવા આવેલા ગ્રાહકોમાં ભારે નાસભાગ અને બૂમાબૂમ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા સમજીને સ્થાનિક યુવાનો અને વેપારીઓએ જરાય સમય ગુમાવ્યા વિના તળાવ તરફ દોડ મૂકી હતી. સ્થાનિકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરીને પાણીમાં ડૂબી રહેલી કારમાંથી ચાલક નિલેશભાઈને સલામત રીતે બહાર કાઢી લીધા હતા. સમયસર મદદ મળી જતાં નિલેશભાઈનો આબાદ બચાવ થયો છે અને તેમણે સ્થાનિકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ અકસ્માત બાદ સ્થાનિક રહીશો અને વેપારીઓમાં તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનો આરોપ છે કે સહયોગ શાક માર્કેટ જેવા વ્યસ્ત વિસ્તારમાં ફૂટપાથની બિલકુલ નજીક તળાવ આવેલું હોવા છતાં ત્યાં સુરક્ષા માટે કોઈ રેલિંગ કે પ્રોટેક્શન વોલ બનાવવામાં આવી નથી. રોજ હજારો લોકો અહીં શાકભાજી લેવા આવે છે અને વાહનોની ભારે અવરજવર રહે છે.

## અંકલેશ્વરના સ્ક્રેપ ગોડાઉનમાં ભીષણ આગ : કેમિકલ વેસ્ટથી વિકરાળ બની





ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના બાકરોલ ઓવરબ્રિજ નજીક આવેલા એક સ્ક્રેપ ગોડાઉનમાં આજે બપોરે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગ કેમિકલ વેસ્ટના કારણે વિકરાળ બની હતી અને નજીકના શ્રમજીવીઓના ઝૂંપડા સુધી પણ ફેલાઈ હતી. ગોડાઉનમાં પ્લાસ્ટિક સહિત વિવિધ પ્રકારનો વેસ્ટ અને કેમિકલ વેસ્ટનો મોટો જથ્થો સંગ્રહ કરાયો હતો. કેમિકલ વેસ્ટને કારણે આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાઈ રહ્યા હતા, જેના પગલે વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આગની જાણ થતાં જ પાનોલી ફાયર વિભાગની બે ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ ગોડાઉનની બાજુમાં આવેલા શ્રમજીવી પરિવારના ઝૂંપડામાં પણ ફેલાઈ હતી. જેના કારણે ઝૂંપડામાં રાખેલો ઘરવખરીનો સામાન બળીને ખાક થઈ ગયો હતો અને મોટું નુકસાન થયું હતું.

## છોટાઉદેપુરની ગાયત્રી નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીઓનો વધારાની ફી અને સુવિધાઓના અભાવે ધરણા પ્રદર્શન

પ્રાથમિક સુવિધાઓ અને સમસ્યાઓ માટે જિલ્લા કલેક્ટરના દ્વાર ખખડાવ્યા

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

સ્થાનિક ગાયત્રી નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ પ્રશાસન સામે ગંભીર આક્ષેપો સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. કોલેજમાં પૂરતી પ્રાથમિક સુવિધાઓ ન મળવા, સ્ટાફની અછત અને નિયમ વિરુદ્ધ ઉઘરાવવામાં આવતી વધારાની ફીના વિરોધમાં વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસમાં જ ધરણા પર બેસી ગયા હતા અને સૂત્રોચ્ચાર કરીને હલ્લાબોલ કર્યો હતો. આ અંગે વિદ્યાર્થીઓએ 'આદિવાસી યુવા સમિતિ'ના નેજા હેઠળ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની વહેલી તકે માંગ કરી છે.



વિદ્યાર્થીઓએ મીડિયા અને વહીવટી તંત્ર સમક્ષ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોલેજ પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમની વધારાની ફી વસૂલવામાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે, આ ફી લીધા બાદ તેની કોઈ સત્તાવાર પાવતી (Receipt) પણ આપવામાં આવતી નથી, જે નાણાકીય ગેરરીતિ તરફ આંગળી ચિંધે છે. આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી, સ્વચ્છતા કે અન્ય જરૂરી શૈક્ષણિક અને વ્યવહારિક સુવિધાઓ મળતી નથી.

આવેદનપત્રમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કોલેજમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે પૂરતો શૈક્ષણિક સ્ટાફ જ ઉપલબ્ધ નથી. વળી, જે સ્ટાફ હાલમાં ફરજ બજાવી રહ્યો છે, તે પણ નર્સિંગ કાઉન્સિલના નિયમો મુજબ રજિસ્ટર્ડ કે લાયકાત ધરાવતો નથી. લાયકાત વગરના સ્ટાફને કારણે વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ અને થિયરી શિક્ષણ પર માઠી અસર પડી રહી છે, જે તેમના ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં સમાન છે. કોલેજ સંલગ્ન હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની હાલત પણ દયનીય છે, જ્યાં રહેવા-જમવાની કોઈ યોગ્ય સુવિધા નથી. આ અન્યાય સામે લાંબા સમયથી પીડાતા વિદ્યાર્થીઓનો આક્રોશ આખરે ફાટી નીકળ્યો હતો. વિદ્યાર્થીઓએ એકજૂથ થઈને કોલેજ સામે મોરચો માંડ્યો હતો.

## નેત્રંગમાં ગેરકાયદે ખનીજ પરિવહન સામે કડક કાર્યવાહી : ₹90 લાખના મુદ્દામાલ સાથે વધુ બે ટ્રક સીઝ કરાયા

ભરૂચ, રંગુની જાકીર

નેત્રંગ તાલુકામાં બિનઅધિકૃત ખનીજ ખનન અને પરિવહન સામે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી ચાલુ છે. તાજેતરમાં, આશરે 90 લાખના મુદ્દામાલ સાથે રેતી ભરેલા વધુ બે ટ્રક સીઝ કરવામાં આવ્યા છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ 9 ટ્રક જપ્ત કરવામાં આવ્યા છે.

મામલતદાર કલ્પેશ બી. ગળિયા (GAS) અને તેમની ટીમને નેત્રંગ-રાજપારડી માર્ગ પર જૂના નેત્રંગ વિસ્તારના હોળી ચકલા ફળિયા પાસે રેતી ભરેલા બે ટ્રક ઊભા હોવાની બાતમી મળી હતી. સ્થળ પર તપાસ કરતા, ટ્રકના ચાલકો વાહનો બિનવારસી મૂકીને ફરાર થઈ ગયા હતા.

ત્યારબાદ, બંને ટ્રકને રાત્રિ દરમિયાન પોલીસ બંદોબસ્ત હેઠળ મામલતદાર કચેરી ખાતે લાવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, ટ્રક નં. GJ-22-U-3609 અને GJ-16-W-2060 પાસે રોયલ્ટી પાસ ન હોવાનું સામે આવ્યું હતું.

રોયલ્ટી પાસ ન હોવાને કારણે બંને વાહનોને તાત્કાલિક સીઝ કરી ખનિજ કાયદા અને નિયમો મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અંકલેશ્વર ઉદ્યોગ મંડળ ચૂંટણી: 10 બેઠક, 20 ઉમેદવારો મેદાને : મેનેજિંગ કમિટીના સભ્યો માટેનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (AIA) ની વર્ષ 2026-27 માટેની મેનેજિંગ કમિટીના સભ્યોની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત ગણાતી અંકલેશ્વરમાં 10 બેઠકો માટે 20 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.




ચૂંટણીના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 6 જૂન હતી. જનરલ કેટેગરીની 8 બેઠકો માટે 45 ફોર્મ ભરાયા હતા, જ્યારે રિઝર્વ અને કોર્પોરેટ કેટેગરીની એક-એક બેઠક માટે અનુક્રમે ત્રણ અને ચાર ફોર્મ ભરાયા હતા.

ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસ સુધીમાં કુલ 47 ફોર્મમાંથી 27 ફોર્મ પાછા ખેંચવામાં આવ્યા હતા. પરિણામે, હવે 20 ઉમેદવારો મેદાનમાં છે, જેમાં સહયોગ પેનલના 10 અને વિકાસ પેનલના 10 ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ચૂંટણી જનરલ કેટેગરીની 8 બેઠકો તેમજ કોર્પોરેટ અને રિઝર્વ કેટેગરીની 1-1 બેઠક પર યોજાશે.

નોંધનીય છે કે AIA ના વહીવટમાં લાંબા સમયથી સહયોગ પેનલનો દબદબો રહ્યો છે, પરંતુ પાછલી ત્રણ ચૂંટણીઓમાં તેણે પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો. વિકાસ પેનલે છેલ્લી બે ચૂંટણીઓમાં મજબૂત પ્રદર્શન કર્યું છે, જે આ ચૂંટણીમાં સહયોગ પેનલ માટે પડકારરૂપ બની શકે છે.

હાલમાં, AIA ની મેનેજિંગ કમિટીમાં સહયોગ પેનલના કુલ 14 સભ્યો છે, જેમાંથી 8 સભ્યોની ટર્મ પૂરી થાય છે. આથી તેમની સભ્ય સંખ્યા 6 પર આવી ગઈ છે. બીજી તરફ, સત્તાધારી વિકાસ પેનલની સભ્ય સંખ્યા 15 છે, અને તેમના બે સભ્યોની ટર્મ પૂરી થાય છે. આગામી ચૂંટણીમાં વિકાસ પેનલને ઓછામાં ઓછી ત્રણ બેઠકો જીતવી અનિવાર્ય રહેશે, જ્યારે સહયોગ પેનલને 9 બેઠકો જીતવી પડશે. આ પરિસ્થિતિ સહયોગ પેનલ માટે કપરા ચઢાણ સૂચવે છે.

## દેવગઢ બારીઆ તાલુકાના ઉચવાણ ગામે ગેરકાયદેસર રેતી ખનન કરતા રેત માફીયા ઉપર પોલીસની રેડ એક હીટાચી મશીન ઝડપી પાડતાં અન્ય રેત માફિયાઓમાં ફફડાટ ખનીજ વિભાગે કાર્યવાહી હાથ ધરી

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દેવગઢ બારીઆ તાલુકામાં પાનમ તેમજ ઉજળ નદી માંથી સફેદ રેતી નો કાળો કારોબાર મોટાપાયે ચાલતો હોય તેમ પોલીસે ઉચવાણ ગામેથી ગેરકાયદેસર રેતી ખનન કરતા રેત માફિયા ઉપર રેડ કરી એક હિટાચી મશીન ઝડપી પાડતા રેત માફિયાઓમાં ફફડાટ વર્ષો પછી પોલીસ દ્વારા રેત માફિયા ઉપર સકંજો કસ્તા અન્ય રેત માફિયાઓમાં ફફડાટ પોલીસે હિટાચી મશીન ઝડપી પાડી ખનીજ વિભાગને સુપ્રત કર્યું ખનીજ વિભાગે વધુ કાર્યવાહી હાથ ધરી. પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ તાલુકા માંથી પસાર થતી પાનમ તેમજ ઉજ્જળ નદી માં સફેદ રેતી નો કાળો કારોબાર મોટા પાયે ચાલતો હોય તેમ જોવા મળી રહ્યું છે આ ગેરકાયદેસર રેતી ખનન લઈ અનેક રજૂઆતો કરવા છતાં પણ ખનીજ વિભાગ કે સ્થાનિક તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી જેને લઈ રોજની હજારો ટન રેતી ગેરકાયદેસર પગ કરી જતી હોય તેમ જોવા મળી રહ્યું છે હાલ ખનીજ વિભાગ દ્વારા પણ ગેરકાયદેસર રેતી વહન કરતા વાહનોને ઝડપી પાડી પોતાની કામગીરી કરી નો સંતોષ અનુભવતા જોવા મળે છે જ્યારે ગેરકાયદેસર રેતી ખનન કરતા રેત માફીયાઓ સુધી તંત્ર પહોંચવામાં નિષ્ફળ નીવડતું હોય તેમ જુના બારિયા ઉંચવાણ જેવા ગામોમાં થી પસાર થતી પાનમ નદી માં ગેરકાયદેસર મોટા પાયે રાત દિવસ રેતી ખનન કરતા રેત માફિયાઓ નો કાળો કારોબાર ફાલ્યો ફૂલ્યો હોય તેમ જોવા મળી રહ્યો છે.

ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી

## સાબરકાંઠામાં તાલિબાની કૃત્ય : પ્રેમયુગલનું અપહરણ કરી મુંડન કરાયું, યુવકને નપુંસક બનાવવાનો પ્રયાસ...

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાંથી માનવતાને શર્મસાર કરતી અને કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક પ્રેમયુગલનું બળજબરીપૂર્વક અપહરણ કરી, તેમને ગોંધી રાખીને ક્રૂરતાપૂર્વક મુંડન કરવામાં આવ્યું હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થયો છે. આટલું જ નહીં, ભોગ બનનાર યુવકે ગંભીર આરોપ લગાવ્યો છે કે હુમલાખોરોએ તેને નપુંસક બનાવવાનો પણ ઘાતકી પ્રયાસ કર્યો હતો.

મળતી માહિતી મુજબ, સાબરકાંઠા જિલ્લાના સ્થાનિક પ્રેમયુગલને યુવતીના પરિવારજનો અને અન્ય શખ્સો દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. વાઈરલ



થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આસપાસ ઉભેલા લોકો ડર્યા વગર યુવક અને યુવતી બંનેના માથાના વાળ કાપી (મુંડન કરી) રહ્યા છે અને અપશબ્દો બોલી રહ્યા છે.

પીડિત યુવકે મીડિયા સમક્ષ પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, 'અમારું અપહરણ કરીને એક અવાવરૂ જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં મારી અને યુવતી સાથે અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો. હુમલાખોરો એટલા ક્રૂર બન્યા હતા કે તેમણે ગુપ્ત ભાગે ઈજા પહોંચાડીને મને નપુંસક બનાવવાનો પણ પ્રયાસ કર્યો હતો.' આ ઘટના બાદ સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

આ અમાનવીય ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ સાબરકાંઠા પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. સમગ્ર મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે:

વીડિયો અને પીડિતોની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કડક કલમો હેઠળ ગુનો નોંધી લીધો છે.

ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને વીડિયોમાં દેખાતા અને ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીઓ સહિતના શખ્સોની અટકાયત કરી લીધી છે.

## ભરૂચ LCBએ નેત્રંગમાં જુગાર રમતા 4 ઝડપ્યા : કાંટીપાડા નજીકથી ₹45000 મુદ્દામાલ સાથે પકડાયા, 3 ફરાર

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે નેત્રંગ પોલીસ મથક વિસ્તારમાંથી જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી નેત્રંગ-કાંટીપાડા રોડ નજીક એક ક્વોરી પાછળના ડુંગર પર ખુલ્લી જગ્યામાં કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી કુલ 45,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.




LCBની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે નેત્રંગથી કાંટીપાડા જતા રોડ નજીક આવેલી એક ક્વોરીની પાછળના ડુંગર પર કેટલાક ઈસમો પત્તાપાનાનો રૂપિયાથી હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે LCBની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોતા જુગાર રમતા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, પોલીસે ચાર ઈસમોને ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય ત્રણ ઈસમો પોલીસની રેઈડ જોઈને સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. ઝડપાયેલા ઈસમો પાસેથી રોકડા રૂપિયા, ચાર મોબાઈલ ફોન અને જુગાર રમવાના પત્તાપાના સહિત કુલ 45,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે જુગાર રમતા પકડાયેલા અને નાસી ગયેલા કુલ સાત ઈસમો વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરી છે. પકડાયેલા ઈસમોમાં જફરખાન અબ્દુલરશીદ પઠાણ, પિન્ટુકુમાર મિઠાલાલ જૈન અને સલમાન અબ્દુલમલીક પઠાણ (રહે. નેત્રંગ, જિ. ભરૂચ), ઉમેય રવિશંકર વસાવા (રહે. રાજપીપળા, જિ. નર્મદા) તથા એકનાથ નારાયણ માળી (રહે. ચલથાણ, તા. પલસાણા, જિ. સુરત)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બે અજાણ્યા ઈસમો પણ ફરાર થયા છે.



### બિગ બોસ માટે કપડાં ન આપનાર ડિઝાઇનર્સે શૉ બાદ લાખોની ઓફર આપી

# 'યા બાબા'ગીતમાં નોરાએ ફેન્સને ગાંડા કર્યા, સરપ્રાઇઝ એન્ટ્રી જોઈને સૌ કોઈ ચોંક્યા...

મુંબઇ

જ્યારથી ફિલ્મ 'ધુરંધર' સુપરહિટ થઈ છે ત્યારથી સિનિયર કલાકાર રાકેશ બેદીના સ્ટાર્સ ચમકી રહ્યા છે, જોકે અત્યાર સુધીની એની ફિલ્મી જર્ની પણ દમદાર રહી છે. દરેક નાના પાત્રથી તેઓ અત્યારે મોટા પાત્ર સુધી પહોંચ્યા છે. જમીલ જમાલી તરીકે એક નવો જ અવાતર એમનો જોવા મળ્યો છે. ખાસ કરીને એમની ડાયલોગ ડિલેવરી કરવાની અદાએ લાખો-કરોડો લોકોના દિલ જીતી લીધા હતા.એક્શન ફિલ્મમાં પણ પોતાનો દમદાર રોલ પ્લે કર્યા બાદ હવે તે કોમેડી કરીને હસાવતા અને ડાન્સની દુનિયામાં થિરકતા જોવા મળશે.એ પણ નોરા ફતેરી સાથે તે સ્ટેપ કરવા જઈ રહ્યા છે. વર્લ્ડ મ્યુઝિક ડેના દિવસે 'યા બાબા' મ્યુઝિક વિડિયો સોંગ સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થઈ રહ્યું છે.

આ ગીતને એક મ્યુઝિક વિડિયો તરીકે રિલીઝ કરવામાં આવ્યું છે. ગીતનું સૌથી મોટું અને સરપ્રાઈઝ ફેક્ટર રાકેશ બેદી છે. કોમિક ટાઈમિંગ, કોમેડી અને મસ્ત સ્ક્રિન પ્રેઝન્સથી રાકેશ બેદી બધા કલાકાર કરતા અલગ પડે છે. આ ગીતમાં તે કોઈ ફેસ્ટિવ સીઝનના રંગે રંગાઈ ગયા છે. એની એન્ટ્રીથી વિડિયોમાં અને મ્યુઝિકમાં એક અલગ એનર્જી આવી ગઈ છે. આમ પણ આ ગીત અને રીધમ દરેક ઉંમરના લોકોને પસંદ પડી રહી છે પણ યુથમાં આ ગીત લોકપ્રિય થઈ રહ્યું છે. નોરા સાથે ગ્લેમરસ પર્ફોમન્સથી રાકેશજીનો અલગ અદાજ જોવા મળી રહ્યો છે. યા બાબા ગીતની સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, એમાં એક અરેબિક ફીલ આવે છે. અરેબિક ઈન્ફ્લુએંસ તથા હાઈ એનર્જી બીટ મૂકવામાં આવી છે. સંજોયે આ ગીતને કંપોઝ કર્યું છે. ગીતના શબ્દો ખુદ નોરાએ સંજોય અને વાયુએ મળીને લખ્યા છે. પહેલીવાર એવું બન્યું છે કે, રાઈટિંગની દુનિયામાં નોરાએ કંઈક મસ્ત સાહસ કર્યું છે. આ ગીતમાં નોરાનો અલગ અદાજ જોવા મળે છે, માત્ર બોલ્ડ લૂકની વાત નથી પણ ડાન્સ મુવ પણ જોરદાર જોવા મળી રહ્યા છે. આ ગીતમાં નોરાએ પોતાનો અવાજ પણ આપ્યો છે. શિલ્પા રાવે ફરી પોતાની બેસ્ટ અને દામદાર ગાયિકી સાબિત કરી દીધી છે. મ્યુઝિક લવર્સ માટે આ ગીત એક સરપ્રાઈઝ ગિફ્ટ સમાન છે. ડાન્સ ક્વિન નોરા પોતાની જાદુઈ અવાજ લઈને શિલ્પા રાવ સાથે કોમ્બિનેશનમાં આવી છે. યા બાબા રિલીઝ થતા જ ઈન્ટરનેટ પર છવાઈ ગયું છે. પોતાના અલગ અંદાજથી રાકેશજીએ આ વિડિયોમાં એક અલગ રંગ આપી દીધો છે.

ફિલ્મી કેરિયરની વાત કરવામાં આવે તો રાકેશ બેદી આગામી બેથી ત્રણ કોમેડી ફિલ્મમાં જોવા મળી શકે છે. આ ફિલ્મમાં પણ એનો એક અલગ અવતાર જોવા મળશે.

**આ ગીતને લઈને નોરાના સોશિયલ મીડિયા પર ફેન્સ દિલવાળું ઈમોજી પેસ્ટ કરી રહ્યા છે**

# રાજામૌલીની બિગ બજેટ ફિલ્મ 'વારાણસી'નું શુટિંગ શરૂ

## 'બાહુબલી' ફિલ્મના બન્ને ભાગે દમદાર સફળતા મેળવી છે. માત્ર ભારત જ નહીં વર્લ્ડવાઈડ જોરદાર ક્લેક્શન કરતા ફિલ્મની સફળતા પુરવાર થઈ



મુંબઇ

'બાહુબલી'ફિલ્મના બન્ને ભાગે દમદાર સફળતા મેળવી છે. માત્ર ભારત જ નહીં વર્લ્ડવાઈડ જોરદાર ક્લેક્શન કરતા ફિલ્મની સફળતા પુરવાર થઈ હતી. હવે ફિલ્મ ડાયરેક્ટર રાજામૌલી વધુ એક મોટાબજેટન ફિલ્મ લઈને આવી રહ્યા છે.આ ફિલ્મથી પ્રિયંકા ચોપરાનું ફિલ્મમાં કમબેક થવાનું છે, એક લાંબા બ્રેકબાદ તે મોટી સ્ક્રિન પર દેખાવવાની છે. ફિલ્મ 'વારાણસી'નું શુટિંગ શરૂ થઈ ગયું છે. આ ફિલ્મના શેડ્યુલ પણ નક્કી થઈ ગયા છે. આ ફિલ્મ પણ ગ્લોબલ બ્લોકબ્લસ્ટર થશે એવું એટલા માટે કહી શકાય કારણે રાજામૌલીની વાર્તા બાકીની ફિલ્મો કરતા ઘણી અલગ હોય છે. પહેલો શેડ્યુલ શૂટ થવાનું શરૂ 'વારાણસી' ફિલ્મનો પહેલે શેડ્યુલ શુટ થવાનો છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની છે. દમદાર સેટ અને એકથી એક ચડિયાતા ડાયલોગથી ફિલ્મે ફેન્સનો ઉત્સાહ અત્યારથી વધારી દીધો છે. પ્રિયંકા ચોપરા આ ફિલ્મમાં મંદાકિનીનું પાત્ર પ્લે કરી રહી છે.આ ફિલ્મને લઈને તેનો લૂક પણ થોડા સમય પહેલા વાયરલ થયો હતો. રૂદ્રના રૂપમાં મહેશબાબુ, કુંભાના રૂપમાં પૃથ્વીરાજ સુકુમારનની નાનકડી ઝલક પણ સામે આવી છે. આ ફિલ્મ માટેના પ્લોટ પણ તૈયાર થઈ ગયા છે. સૂત્રોમાંથી વિગત એવી મળી રહી છે કે, ફિલ્મ વારાણસીના કેટલાક ઓરિજિનલ લોકેશન ઉપર પણ શુટ થવાની છે. આ ફિલ્મના ક્લેપબોર્ડની તસવીર પણ મેકર્સે શેર કરી દીધી છે. ફિલ્મની ભવ્યતા એના સેટ પરથી જોવા મળશે. આ ફિલ્મની વાર્તા કેવી હશે અને ફિલ્મની થીમ શું હશે એના પર હવે સૌની નજર છે. ફેન્સ આ ફિલ્મનું ટિઝર સામે આવે એની રાહ જોઈ રહ્યા છે. હકીકત એવી છે કે, આ ફિલ્મની સંભવતઃ રિલીઝ ડેટ આવતા વર્ષે એપ્રિલ મહિનામાં છે. ત્યાં સુધીમાં તમામ શુટિંગ શેડ્યુલ પૂરા થઈ જશે અને ફિલ્મ એટિડ થવાની પણ શરૂ થઈ જશે. ફિલ્મમાં પ્રભુ શ્રી રામનું પાત્ર કોણે પ્લે કર્યું એના પર સસ્પેન્સ છે. મહેશ બાબુએ આ ફિલ્મ માટે છેલ્લા સાતેક મહિનાથી પોતાના પર કામ કરવાનું શરૂ કરી દીધું હતું.

# યશની 'Toxic' શ્રદ્ધા કપૂરની 'Eetha' સાથે થશે રિલીઝ

## વારંવાર પોસ્ટપોન થયા બાદ નવી રિલીઝ ડેટ જાહેર 'Toxic' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તે સતત ચર્ચામાં છે

મુંબઇ

સાઉથ સિનેમાના સુપરસ્ટાર યશના ફેન્સ માટે એક લાંબા ઈંતેજાર બાદ આખરે ખુશખબર આવી ગઈ છે. અવારનવાર પાછળ ઠેલાતી રહીને ચર્ચામાં રહેલી યશની આગામી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'Toxic: A Fairy Tale for Grown-Ups'ની નવી રિલીઝ ડેટની સત્તાવાર જાહેરાત થઈ ચૂકી છે. જોકે, આ નવી તારીખની સાથે જ બોક્સ ઓફિસ પર એક જબરદસ્ત ક્લેશના એંધાણ પણ વર્તાઈ રહ્યા છે, કારણ કે આ જ વીકેન્ડ પર શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'Eetha' પણ સિનેમાઘરોમાં દસ્તક દેવા જઈ રહી છે. વારંવાર પોસ્ટપોન થયા બાદ નવી રિલીઝ ડેટ જાહેર 'Toxic' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તે સતત ચર્ચામાં છે, પરંતુ તેના શૂટિંગ અને અન્ય કારણોસર રિલીઝ ડેટમાં વારંવાર ફેરફાર કરવા પડ્યા હતા. શરૂઆતમાં આ ફિલ્મ માર્ચ મહિનામાં રણવીર સિંહની 'ધુરંધર: ધ રિવન્જ' સામે રિલીઝ થવાની હતી, જે બાદમાં લંબાવીને 4 જૂન કરવામાં આવી હતી. જોકે, આખરે તમામ અટકળોનો અંત લાવતા અભિનેતા યશે ગઈકાલે 21 જૂનના રોજ સોશિયલ મીડિયા પર ફિલ્મનું એક શાનદાર પોસ્ટર શેર કર્યું છે. યશે કેપ્શનમાં લખ્યું, 'Honour Thy Father... ★Toxic વિશ્વભરના સિનેમાઘરોમાં 26-08-2026થી.' આ જાહેરાત સાથે જ સ્પષ્ટ થઈ ગયું છે કે ફિલ્મ ઓગસ્ટ 2026માં ધમાકો કરવા તૈયાર છે. યશની 'Toxic' 26 ઓગસ્ટ 2026ના રોજ થિયેટરોમાં રિલીઝ થશે, જ્યારે તેના બરાબર બે દિવસ બાદ એટલે કે 28 ઓગસ્ટ 2026ના રોજ શ્રદ્ધા કપૂરની મુખ્ય ભૂમિકા વાળી 'Eetha' રિલીઝ થવાની છે. એક જ વીકેન્ડ પર બંને મોટી ફિલ્મો સામસામે આવતા બોક્સ ઓફિસ પર રોમાંચક જંગ જોવા મળશે. તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર 'Eetha' ફિલ્મમાંથી શ્રદ્ધા કપૂરનો પાવરફુલ લુક સામે આવ્યો હતો, જેને સોશિયલ મીડિયા પર ઘણો સારો રિસ્પોન્સ મળ્યો છે. હવે જોવાનું એ રહેશે કે આ મહામુકાબલામાં કઈ ફિલ્મ બાજી મારે છે. બંને ફિલ્મોની સ્ટાર કાસ્ટ પર એક નજર બંને ફિલ્મોમાં કલાકારોની લાંબી ફોજ જોવા મળવાની છે, જેના કારણે સિનેપ્રેમીઓમાં ભારે ઉત્સાહ છે. 'Toxic'ની સ્ટાર કાસ્ટ: ગીતુ મોહનદાસના નિર્દેશનમાં અને KVN પ્રોડક્શન્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મમાં રોકિંગ સ્ટાર યશની સાથે નયનતારા, કિયારા અડવાણી, હુમા કુરેશી, રુકમિણી વસંત અને તારા સુતારિયા જેવા જાણીતા ચહેરાઓ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.




# સોના મોહાપાત્રાએ બોલિવૂડ મ્યુઝિક ઇન્ડસ્ટ્રી સામે ઉઠાવ્યા સવાલો



## પોતાના બેબાક અંદાજ અને સ્પષ્ટ વક્તા તરીકે જાણીતી ગાયિકા સોના મોહાપાત્રા ફરી એકવાર ચર્ચામાં છે

મુંબઇ

પોતાના બેબાક અંદાજ અને સ્પષ્ટ વક્તા તરીકે જાણીતી ગાયિકા સોના મોહાપાત્રા ફરી એકવાર ચર્ચામાં છે. મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં પ્રવર્તતા સેક્સિઝમ અને મહિલા કલાકારોને પૂરતું પ્રતિનિધિત્વ ન મળવાના મુદ્દે તે હંમેશા અવાજ ઉઠાવતી આવી છે. તાજેતરમાં જ કેરળના એક લિટરેચર ફેસ્ટિવલમાં આપેલા નિવેદન બાદ તેણે સોશિયલ મીડિયા પર બોલિવૂડની સિસ્ટમ સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. સોનાનું કહેવું છે કે, હિન્દી સિનેમામાં દિલ તૂટવાના ગીતો માત્ર પુરુષ ગાયકો માટે જ 'રિઝર્વ' રાખવામાં આવે છે. આ સંદર્ભમાં તેણે ફિલ્મ 'Raees' ના સુપરહિટ ગીત 'ઝાલિમા'નો ઉલ્લેખ કર્યો હતો. સોનાએ કહ્યું કે, જ્યારે તેને આ ગીત ગાવા માટે ઓફર મળી ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. ગીતનો મુખડો અને અંતરો બધું જ પુરુષ ગાયક દ્વારા ગવાયું હતું. તેણે સંગીતકાર પ્રીતમને સવાલ પણ કર્યો હતો કે, 'શું પુરુષ અહીં પોતાની જાતને જ પ્રેમ કરી રહ્યો છે? આ કેવું ડ્યુએટ છે, જેમાં મહિલાનો અવાજ માત્ર છેલ્લે જ આવે છે?' જોકે, સોનાએ સ્પષ્ટ કર્યું હતું કે આમાં ગાયક અરિજીત સિંહની કોઈ ભૂલ નથી, તે એક શાનદાર કલાકાર છે, પરંતુ આખી સિસ્ટમ જ ખામીયુક્ત છે. મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં મહિલા સ્ટાર્સ કેમ નથી બનતી? સોના મોહાપાત્રાએ આ મુદ્દાને ઈન્સ્ટાગ્રામના કોમેન્ટ સેક્શનમાં વધુ વિગતવાર સમજાવ્યો હતો. તેણે લખ્યું કે આ લડાઈ કોઈ વ્યક્તિગત સિંગર સામે નથી, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓના યોગ્ય પ્રતિનિધિત્વની છે. વાર્તાઓ અને ગીતોમાં અસમાનતા: બોલિવૂડ હવે મહિલા કેન્દ્રીત યાદગાર પ્રેમકથાઓ કે દિલ તૂટવાના ગીતો લખવાનું ઓછું કરી ચૂક્યું છે. 90 ટકા હિસ્સો પુરુષો પાસે: છેલ્લા બે દાયકાથી મોટી રોમેન્ટિક અને હાર્ટબ્રેક વાર્તાઓનો 80થી 90 ટકા ભાગ માત્ર પુરુષ ગાયકોને જ આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે વર્ષ 2017માં રિલીઝ થયેલી શાહરુખ ખાન અને માહિરા ખાન સ્ટારર ફિલ્મ 'Raees' નું 'ઝાલિમા' ગીત ભારે હિટ રહ્યું હતું. સોના મોહાપાત્રા જે ગીતનો ઉલ્લેખ કરી રહી છે, તે ફાઈનલ વર્ઝનમાં અરિજીત સિંહ અને હર્ષદીપ કૌરના અવાજમાં રિલીઝ કરવામાં આવ્યું હતું.

# OTT પર આવેલી 'મારીચિકા'નો ક્લાઈમેક્સ જોઈને ચોંકી જશો!, એક યુવતીના દાવા બાદ પોલીસ પણ મૂંઝવણમાં પડી ગઈ

મુંબઇ

જો તમે ક્રાઈમ, સસ્પેન્સ, ટ્વિસ્ટ, રીસર્ચ અને માઈન્ડ-બ્લોઈંગ ટ્વિસ્ટ ધરાવતી ફિલ્મો જોવાના શોખીન છો, તો એમેઝોન પ્રાઈમ વિડિયો પર અત્યારે એક તેલુગુ ફિલ્મ ભારે ટ્રેન્ડ કરી રહી છે. આ ફિલ્મનું નામ છે 'મારીચિકા'છે. આ એક એવી સાયકોલોજિકલ મર્ડર મિસ્ટ્રી છે જેનો ક્લાઈમેક્સ અંદરથી હલાવી દેશે. ખાસ કરીને ફિલ્મમાં જે રીતે દરેક ફ્રેમ પર કામ કરવામાં આવ્યું છે એ જોઈને દર્શકો ચોંકી જશે.

ફિલ્મની વાર્તા સામાન્ય રીતે શરૂ થાય છે અને કલ્પનાના ઘોડા આગળ દોડે એ પહેલા જ ઝટકો લાગે છે. વાત વેંકટ લક્ષ્મી નામની એક યુવતીની થાય છે.

ફિલ્મમાં જે રીતે ફ્રેમ ટુ ફ્રેમ કામ કરવામાં આવ્યું છે એ ક્નેક્ટિવિટી જોઈને માની ન શકાય એવો ટ્વિસ્ટ આગળ આવે છે. લક્ષ્મી હાંફતી-ભાગતી પોતાના પ્રેમી સંજુ પાસે પહોંચે છે, પરંતુ ત્યાં જઈને જુએ છે તો સંજુનું મોત થઈ ચૂક્યું હોય છે. વેંકટ લક્ષ્મી ત્યાંથી 'મારીચિકા' નામની રહસ્યમય છોકરીને ભાગતી જુએ છે. તે સીધી પોલીસ સ્ટેશન પહોંચે છે અને પોલીસને જણાવે છે કે સંજુને ખતમ કરનાર કોઈ પુરૂષ નહીં પણ મારીચિકા નામની યુવતી છે. ફિલ્મ અહીંયાથી શરૂ થાય છે. ભૂતકાળમાં આખો કેસ જાય છે. વેંકટ લક્ષ્મી ગરીબ પરિવારમાંથી આવીને કોલેજમાં ભણતી હોય છે.

તેને કોલેજ પાસે કેફે ચલાવતા સંજુ સાથે પ્રેમ થઈ જાય છે. આ દરમિયાન વિદેશથી 'મારીચિકા' નામની એક અમીર છોકરીની એન્ટ્રી થાય છે. વેંકટ લક્ષ્મી અને મારીચિકા પાક્કા મિત્રો બની જાય છે. સંજુની મુલાકાત કરતા જ્યારે મારીચિકા સાથે સંબંધ ઘણા નિકટ થાય છે ત્યારે ડખો થાય છે. સંજુ મારીચિકાને ઈમ્પ્રેસ કરવા માટે ક્યારેક તેના ઘરે કેક લઈને જાય છે તો ક્યારેક તેના પૈસા બચાવવામાં મદદ કરે છે. મારીચિકા આ બધી વાતો વેંકટ લક્ષ્મીને જણાવે છે, જેનાથી વેંકટ લક્ષ્મીને અંદર જ અંદર અદેખાઈ થવા લાગે છે. આ પછી પણ લક્ષ્મી સંજુ સાથે જીવન જીવવા તૈયાર થાય છે. જ્યારે સંજુ અને વેંકટ લક્ષ્મી આ બધું સેટલ કરીને ખુશ થઈ રહ્યા હોય છે, ત્યારે જ મારીચિકા પાછી આવે છે! હકીકતમાં તે સંજુના હુમલામાંથી બચી ગઈ હતી અને હવે બદલો લેવા આવી હતી.રીવેન્જ સ્ટોરી તો ફિલ્મોમાં સામાન્ય છે પણ જે રીતે આખી વાતને સ્ક્રિનથી સમજવવામાં આવી છે દમદાર છે.



પાક્કો ગુજરાત
મંગળવાર । 23 જૂન 2026 । અમદાવાદ

## સ્પોર્ટ્સ

### ઇજિપ્તે ન્યુઝીલેન્ડને 3-1 થી હરાવીને ટુર્નામેન્ટના ઇતિહાસમાં પોતાની પ્રથમ જીત નોંધાવી

# ફિફા વર્લ્ડ કપમાં કેપ વર્ડેનો અપસેટ:2 વખતના ચેમ્પિયન ઉરુગ્વેને 2-2 પર રોકી

વોશિંગ્ટન

ફિફા વર્લ્ડ કપ 2026માં સોમવારે ગ્રુપ G અને ગ્રુપ Hની મેચો રમાઈ. ગ્રુપ G માં ઈજિપ્તે ન્યુઝીલેન્ડને 3-1 થી હરાવીને ટુર્નામેન્ટના ઈતિહાસમાં પોતાની પ્રથમ જીત નોંધાવી. ઈજિપ્તે પોતાનો પ્રથમ વર્લ્ડ કપ 1934માં રમ્યો હતો. જ્યારે, બેલ્જિયમ અને ઈરાન વચ્ચેની મેચ 0-0 ની બરાબરી પર રહી.

ગ્રુપ H ની મેચમાં કેપ વર્ડેએ શાનદાર રમત બતાવતા બે વખતની વિશ્વ ચેમ્પિયન ઉરુગ્વેને 2-2થી ડ્રો પર રોકી દીધું. આ પરિણામો પછી બંને ગ્રુપોમાં નોકઆઉટ રાઉન્ડમાં પહોંચવાની લડાઈ વધુ રોમાંચક બની ગઈ છે. કેપ વર્ડેએ પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન ઉરુગ્વેને 2-2ની બરાબરી પર રોકીને મોટો અપસેટ સર્જ્યો. મિયામીમાં રમાયેલી મેચમાં કેપ વર્ડેએ પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરીને એક પોઈન્ટ મેળવ્યો. આ પહેલા તેણે સ્પેનને પણ 0-0થી ડ્રો પર રોક્યું હતું. આ ડ્રો સાથે જ ગ્રુપ Hમાં નોકઆઉટની રેસ ખૂબ જ રોમાંચક બની ગઈ છે. સ્પેન 4 પોઈન્ટ સાથે ગ્રુપમાં ટોચ પર છે, જ્યારે ઉરુગ્વે અને કેપ વર્ડે બંનેના 2-2 પોઈન્ટ છે.

કેવિન પિનાએ 34 યાર્ડની શાનદાર ફ્રી-કિક પર ગોલ કરીને કેપ વર્ડેને લીડ અપાવી, પરંતુ હાફ-ટાઈમ પહેલા મેક્સી અરાઉજો અને ઓગસ્ટિન કેનોબિયોના ગોલથી ઉરુગ્વે 2-1થી આગળ થઈ ગયું. બીજા હાફમાં ઉરુગ્વેના ડિફેન્સની ભૂલનો ફાયદો ઉઠાવીને વારેલાએ બરાબરીનો ગોલ કર્યો. આ પછી ઉરુગ્વેએ જીત માટે જોર લગાવ્યું, પરંતુ પિકો લોપ્સ અને સિડની લોપ્સ કેબરલની આગેવાની હેઠળ કેપ વર્ડેના ડિફેન્સે મજબૂતીથી મુકાબલો બચાવતા મેચ 2-2થી ડ્રો કરાવી દીધી.




લોસ એન્જલસમાં રમાયેલી મેચમાં બેલ્જિયમ અને ઈરાન 0-0થી ડ્રો રહ્યો. બંને ટીમો ટુર્નામેન્ટમાં તેની પ્રથમ જીતની શોધમાં હતી, પરંતુ મજબૂત ડિફેન્સ અને ગોલકીપિંગને કારણે કોઈ ગોલ થઈ શક્યો નહીં. આ ડ્રો પછી બંને ટીમોના બે મેચમાં બે-બે પોઈન્ટ થઈ ગયા છે. બેલ્જિયમ માટે સ્ટાર સ્ટ્રાઈકર રોમેલુ લુકાકુ લગભગ એક વર્ષ પછી શરૂઆતની ઈલેવનમાં પાછો ફર્યો. જ્યારે, ઈરાનનો એક ગોલ ઓફસાઈડને કારણે રદ કરવામાં આવ્યો. બેલ્જિયમને 66મી મિનિટે મોટો ઝટકો લાગ્યો, જ્યારે સેન્ટર-બેક નાથન નગોયને રેડ કાર્ડ મળ્યો અને ટીમને છેલ્લા 24 મિનિટ 10 ખેલાડીઓ સાથે રમવું પડ્યું. ઈરાન તેનો ફાયદો ઉઠાવી શક્યું નહીં અને મેચ ગોલરહિત ડ્રો પર સમાપ્ત થઈ. ગાર્સિયાએ કહ્યું- ઘણી તકો મળી, પણ ગોલ કરી શક્યો નહીં મેચ પછી બેલ્જિયમના કોચ રૂડી ગાર્સિયાએ કહ્યું કે તેની ટીમે રણનીતિ મુજબ સારો દેખાવ કર્યો, પરંતુ ફિનિશિંગમાં કમી રહી. ગાર્સિયાએ કહ્યું, 'અમે ઈરાન સામે ત્રણ ગોલથી જીતી શક્યા હોત, પરંતુ અમે એટલા પ્રભાવી ન રહ્યા. અમે ઘણી તકો બનાવી. ફૂટબોલમાં જ્યારે તમે ગોલ ન કરો, ત્યારે મેચ જીતી શકતા નથી. રમત અને રણનીતિની દ્રષ્ટિએ અમે જેવું પ્રદર્શન કરવા માંગતા હતા તેવું જ કર્યું, પરંતુ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા.'

## ઈંગ્લેન્ડ પર ICCની કાર્યવાહી, ભારે દંડ ફટકાર્યો

દુબઈ

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2025-27 સાયકલ હેઠળ ઓવલના મેદાન પર રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ન્યૂઝીલેન્ડ સામે શરમજનક હારનો સામનો કર્યા બાદ, હવે ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ પર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ની કડક કાર્યવાહીની ગાજ પડી છે. સ્લો ઓવર રેટના કારણે ICCએ ઈંગ્લેન્ડને માત્ર આકરો આર્થિક દંડ જ નથી ફટકાર્યો, પરંતુ તેના મહત્ત્વના પોઈન્ટ્સ પણ કાપી નાખ્યા છે. આ સજાના કારણે ઈંગ્લેન્ડની ફાઈનલમાં પહોંચવાની આશાને મોટો ઝટકો લાગ્યો છે. 12 ઓવર પાછળ રહેતા ભોગવવો પડ્યો ભારે અંજામ ઓવલ ટેસ્ટ દરમિયાન નિર્ધારિત સમય કરતાં ઈંગ્લેન્ડની ટીમ 12 ઓવર પાછળ હોવાનું માલૂમ પડ્યું હતું. આ ગંભીર બેદરકારી બદલ ICC એલિટ પેનલ ઓફ મેચ રેફરીના એન્ડી પાયક્રોફ્ટે ઈંગ્લેન્ડ પર મેચ ફીના 50%નો દંડ લગાવ્યો છે. આ સાથે જ, સૌથી મોટો ફટકો આપતા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ટેબલમાંથી મહત્ત્વના 12 પોઈન્ટ્સ પણ બાદ કરી દીધા છે. આર્ટિકલ 2.22 (ખેલાડીઓ માટેની આચારસંહિતા): નિર્ધારિત સમયમાં જેટલી ઓવર ઓછી ફેંકવામાં આવે, તે દરેક ઓવર દીઠ ખેલાડીઓની મેચ ફીમાંથી 5%નો કાપ મૂકવામાં આવે છે.

આર્ટિકલ 16.11.2 (WTC પ્લેઈંગ કન્ડિશન્સ): આ નિયમ મુજબ, સમયસર ઓવર પૂરી ન કરવા બદલ પ્રતિ ઓવર 1 ચેમ્પિયનશિપ પોઈન્ટ ગુમાવવો પડે છે. ઈંગ્લેન્ડ 12 ઓવર પાછળ હોવાથી તેના ખાતામાંથી 12 પોઈન્ટ્સ ઓછા કરી દેવાયા છે. બીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે 253 રનની કારમી હાર અને ત્યારબાદ ICCના આકરા વલણને કારણે ઈંગ્લેન્ડ પોઈન્ટ્સ ટેબલમાં સાતમા સ્થાને ધકેલાઈ ગયું છે. ટીમના ખાતામાં હવે માત્ર 38 પોઈન્ટ્સ જ બચ્યા છે. એટલું જ નહીં, આ પેનલ્ટીના કારણે ઈંગ્લેન્ડનો પોઈન્ટ પર્સન્ટેજ પણ 34.72%થી સીધો ઘટીને 26.38% થઈ ગયો છે.

### મેટ હેનરીએ 11 વિકેટ લીધી

## ન્યૂઝીલેન્ડે બીજી ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે 253 રનથી જીતી:સિરીઝ 1-1થી બરાબર કરી

લોર્ડ્સ

બીજી ટેસ્ટ મેચમાં ન્યૂઝીલેન્ડે ઈંગ્લેન્ડને 253 રનથી હરાવ્યું. લંડનના ઓવલ મેદાન પર રમાયેલી સિરીઝની બીજી મેચના પાંચમા દિવસે 463 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ બીજી ઈનિંગ્સમાં માત્ર 209 રન જ બનાવી શકી. ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર મેટ હેનરીએ કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા કુલ 11 વિકેટ ઝડપી. આ જીત સાથે ન્યૂઝીલેન્ડે સિરીઝમાં 1-1ની બરાબરી કરી લીધી.

હારની સાથે ઈંગ્લેન્ડ માટે ICC તરફથી પણ ખરાબ સમાચાર આવ્યા. સ્લો ઓવર રેટને કારણે ઈંગ્લેન્ડ પર મેચ ફીના 50% દંડ ફટકારવામાં આવ્યો અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઈન્ટ્સ ટેબલમાં તેના



12 પોઈન્ટ્સ કાપી લેવામાં આવ્યા. ઈંગ્લેન્ડને જીત માટે પાંચમા દિવસે 281 રનની જરૂર હતી, જ્યારે તેની 5 વિકેટ બાકી હતી. ચોથા દિવસની રમત 5 વિકેટે 182 રનના સ્કોર પર સમાપ્ત થઈ હતી. અંતિમ દિવસે ઈંગ્લેન્ડની ઈનિંગ્સ માત્ર એક કલાકની અંદર સમેટાઈ ગઈ.

ઈંગ્લેન્ડની છેલ્લી આશા ઈન્ટરીમ કેપ્ટન જો રૂટ હતો, જે ચોથા દિવસે 75 રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. રમત શરૂ થયાના માત્ર આઠ મિનિટ પછી મેટ હેનરીના અંદર આવતા બોલ પર તે LBW આઉટ થયો. રૂટ પોતાના સ્કોરમાં માત્ર બે રન ઉમેરી શક્યો અને 77 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. રૂટના આઉટ થતા જ ઈંગ્લેન્ડનો નીચલો ક્રમ સંપૂર્ણપણે વિખેરાઈ ગયો. જોફ્રા આર્ચર, મેટ ફિશર અને જોશ ટંગ ખાતું ખોલ્યા વિના મેટ હેનરીનો શિકાર બન્યા.

## હરમનપ્રીત 200 T-20 રમનાર પ્રથમ ક્રિકેટર

### શ્રી ચરણીએ ડબલ વિકેટ મેડન ઓવર ફેંકી; સાઉથ આફ્રિકાનો વર્લ્ડકપમાં હાઈએસ્ટ રનચેઝ

લંડન

સાઉથ આફ્રિકાએ વિમેન્સ T-20 વર્લ્ડ કપમાં ભારતને 6 વિકેટે હરાવ્યું. સાઉથ આફ્રિકાએ 159 રનનો ટાર્ગેટ હાંસલ કર્યો. આ T-20 વર્લ્ડ કપનો ત્રીજો અને સાઉથ આફ્રિકાનો સૌથી મોટો રનચેઝ રહ્યો. રવિવારે ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર 200 T-20 રમનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર બની. કેપ્ટન તરીકે આ તેમની 200મી આંતરરાષ્ટ્રીય મેચ પણ હતી. 1. હરમન 200 T-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી હરમનપ્રીતે 200મી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમી. તે મેન્સ અને વિમેન્સમાં આવું કરનારી વિશ્વની પ્રથમ ક્રિકેટર બની. ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સ 184 મેચો સાથે બીજા નંબર પર છે. મેન્સમાં આયર્લેન્ડના પોલ સ્ટર્લિંગ (163 મેચ) પ્રથમ અને રોહિત શર્મા (159 મેચ) બીજા સ્થાને છે.

2. હરમનના કેપ્ટન તરીકે 200 મેચ




પૂરા હરમન કેપ્ટન તરીકે 200મી આંતરરાષ્ટ્રીય મેચ પણ રમ્યા. તેઓ આ સિદ્ધિ હાંસલ કરનાર ભારતની પ્રથમ અને વિશ્વની બીજી ખેલાડી બની ગયા. ઈંગ્લેન્ડના ચાર્લોટ એડવર્ડ્સ 220 મેચ સાથે પ્રથમ સ્થાને છે.

3. વિમેન્સ ટી-20 વર્લ્ડ કપનો ત્રીજો સૌથી મોટો ટોટલ ચેઝ સાઉથ આફ્રિકાએ વિમેન્સ ટી-20 વર્લ્ડ કપનો ત્રીજો સૌથી મોટો રનચેઝ કર્યો છે. આ તેનો ટુર્નામેન્ટમાં સૌથી મોટો રનચેઝ પણ છે. પ્રથમ સ્થાને ઈંગ્લેન્ડ છે. ટીમે 2009માં ઓસ્ટ્રેલિયા સામે 163 રનનો ટાર્ગેટ હાંસલ કર્યો હતો.

4. શ્રી ચરણીએ પૂનમ યાદવના રેકોર્ડની બરાબરી કરી શ્રી ચરણીએ ભારત માટે વિમેન્સ ટી-20 વર્લ્ડ કપની એક સિઝનમાં સૌથી વધુ વિકેટ લેવાના પૂનમ યાદવના રેકોર્ડની બરાબરી કરી. ચરણીએ આફ્રિકા સામે 3 વિકેટ ઝડપી. તે આ ટુર્નામેન્ટમાં 10 વિકેટ મેળવી ચૂકી છે. પૂનમે વિમેન્સ ટી-20 વર્લ્ડ કપ 2020માં આટલી જ વિકેટ ઝડપી હતી.

5. ભારતે પાવરપ્લેમાં 59 રન બનાવ્યા ભારતે આ મેચમાં પાવરપ્લેમાં 2 વિકેટ ગુમાવીને 59 રન બનાવ્યા. આ વિમેન્સ ટી-20 વર્લ્ડ કપમાં ભારતનો બીજો સૌથી મોટો પાવરપ્લે સ્કોર છે. આ જ વર્લ્ડ કપમાં નેધરલેન્ડ સામે ભારતે વિકેટ ગુમાવ્યા વિના 59 રન બનાવ્યા હતા.

6. શેફાલી વર્માએ મેચમાં ઓપનિંગ બેટિંગ-બોલિંગ કરી શેફાલી વિમેન્સ ટી-20 ઈન્ટરનેશનલની એક જ મેચમાં ભારત માટે ઓપનિંગ બેટિંગ અને બોલિંગ કરનારી ચોથી ખેલાડી બની ગઈ. આ મામલે ભારતની અમિતા શર્મા પહેલા સ્થાને છે. તેણે 8 વાર આવું કર્યું છે. ભારતીય ઈનિંગ્સની 15મી ઓવરમાં આફ્રિકી પેસર શબનીમ ઈસ્માઈલ ઈજાગ્રસ્ત થઈ ગઈ. ઓવરના છેલ્લા બોલ પર રિચા ઘોષે સીધો શોટ માર્યો. ઈસ્માઈલે ફોલોથ્રુમાં બોલ રોકવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન તેમના હાથમાં ઈજા થઈ. બોલ વાગતા જ તેમની આંગળીમાંથી લોહી નીકળવા લાગ્યું. તેને મેદાનની બહાર લઈ જવામાં આવી.

## બિઝનેસ

### શેરડીના રસને 'નો એડેડ સુગર' ગણાવ્યો; ભ્રામક દાવાઓ પર જવાબ માંગ્યો

# 14 ફૂડ બ્રાન્ડ્સને FSSAIની નોટિસ

મુંબઈ

આ પ્રોડક્ટના પેકેટ પર 'નો એડેડ સુગર' (ખાંડ ઉમેરવામાં આવી નથી) નો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, જ્યારે તેની ઘટકોની યાદીની તપાસ કરવામાં આવી, ત્યારે તેમાં 51% મેંગો પલ્પ અને 49% શેરડીનો રસ શામેલ હોવાનું જણાયું.

આ બ્રાન્ડે તેની પેકેજિંગ પર 'નેચરલ પનીર' નામનો ઉપયોગ કર્યો હતો. FSSAIએ તપાસમાં જાણ્યું કે આ નામ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સ 2018 ના શેડ્યૂલ V ના નિયમોનું ઉલ્લંઘન કરે છે. આ પ્રોડક્ટ પર '100% વેજ' ની ટેગલાઈનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. આ ઉપરાંત, પેકેટ પર કોઈ ચોક્કસ મૂલ્ય કે માત્રા જાહેર કર્યા વિના 'વિટામિન્સથી ભરપૂર' હોવાનો ભ્રામક દાવો કરવામાં આવ્યો હતો અને 'કેન્સર-વિરોધી ગુણધર્મો' જેવા પ્રતિબંધિત તબીબી દાવાઓ પણ લખવામાં આવ્યા હતા. કંપની પોતાની આ પ્રોડક્ટના પેકેજિંગ પર '100% નેચરલ' અને 'ફ્રેશલી મેડ' જેવા શબ્દોનો ઉપયોગ કરી રહી હતી. બજારમાં તેને 'હાઈ-ક્વોલિટી ઓર્ગેનિક ફ્લોર' માંથી બનેલું જણાવીને પ્રમોટ કરવામાં આવ્યું હતું, જ્યારે સામગ્રીની સૂચિમાં તે પરંપરાગત 'પ્રીમિયમ ક્વોલિટી વ્હાઈટ ફ્લોર' (મેંદો) હોવાનું જણાયું હતું. આ પ્રોડક્ટના પેકેટ પર 'મિલ્ક સોલિડ્સથી ભરપૂર' (રિચ ઈન મિલ્ક સોલિડ્સ) હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. નોટિસ અનુસાર, પ્રોડક્ટમાં ઉપયોગમાં લેવાયેલી સામગ્રીની બનાવટ એ વાતની પુષ્ટિ કરતી નથી કે આ કન્ફેક્શનરી આઈટમમાં મિલ્ક સોલિડ્સનો હિસ્સો સૌથી મુખ્ય કે પ્રમુખ છે. આ વે પ્રોટીન પ્રોડક્ટ પર 'પ્યોર એન્ડ હેલ્ધી' અને '100% ઓથેન્ટિક' જેવા ભ્રામક દાવા કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત, જાહેરાતમાં જણાવેલ તેના ફાયદાઓ, જેમ કે 'ઈઝી ડાયજેસ્ટ' અને 'રેપિડ રિકવરી' ના સમર્થનમાં કોઈ વૈજ્ઞાનિક પુરાવા મળ્યા નથી. આ તેલની જાહેરાત અને પેકેટ પર 'હાર્ટ પ્રો' જેવા શબ્દો અને દ્રશ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે કોઈપણ પરવાનગી વિના હૃદયના સ્વાસ્થ્યને ફાયદો પહોંચાડવાનો સંકેત આપે છે. પેકેટ પર લખેલા 'ગુડ ફેટ્સ બેલેન્સ' અને 'લોસોર્બ' જેવા દાવાઓ માટે પણ કંપની પાસેથી વૈજ્ઞાનિક પુરાવા માંગવામાં આવ્યા છે. આ પ્રોડક્ટના લેબલ પર બુરાંશ પલ્પની ટકાવારીની ફરજિયાત ઘોષણા કરવામાં આવી ન હતી જે નિયમો હેઠળ જરૂરી છે. પેકેજિંગ પર મંજૂરી વિના ઔષધીય દાવાઓ પણ લખેલા જોવા મળ્યા. ભારતીય ખાદ્ય સુરક્ષા નિયમો હેઠળ 'આલ્કલાઈન ન્યુટ્રિઅન્ટ વોટર' નામનો કોઈ પણ બ્રાન્ડ નામ કે કેટેગરી સ્ટાન્ડર્ડાઈઝ્ડ નથી. આ ઉપરાંત, પ્રોડક્ટ પર કોઈ પણ મંજૂરી વિના સ્વાસ્થ્યને ફાયદો પહોંચાડતા અનધિકૃત દાવાઓ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ ડ્રિંકના આગળના લેબલ પર લખવામાં આવ્યું છે કે તેમાં નેચરલ સુગર છે. જોકે, જ્યારે તેની પાછળ આપેલી યાદીની તપાસ કરવામાં આવી, તો તેમાં ફ્રુક્ટોઝને અલગથી 'એડેડ સુગર' તરીકે સામેલ કરવામાં આવ્યું હોવાનું જણાયું.

### ઓલ ટાઈમ હાઈથી 30 હજાર રૂપિયા ઘટ્યું સોનું

## ચાંદી ₹5,826 મોંઘી, ₹2.37 લાખ પર પહોંચી: સોનાનો ભાવ ₹1,694 વધ્યો

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં 22 જૂને તેજી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, એક કિલો ચાંદી 5,826 રૂપિયા વધીને 2.37 લાખ રૂપિયા પર પહોંચી. આ પહેલા ગુરુવારે તેની કિંમત 2.32 રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,694 રૂપિયા વધીને 1.46 લાખ રૂપિયા પર પહોંચ્યું છે. એક દિવસ પહેલા તેની કિંમત 1.44 રૂપિયા હતી. ઓલ ટાઈમ હાઈથી 30 હજાર રૂપિયા ઘટ્યું સોનું આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 30 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025ના રોજ




2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધી ચાંદી 1.49 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે. અસલી ચાંદીની ઓળખ કરવાના 4 રીત મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકથી ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો ડાઘ પડે તો અસલી છે.


### 2030 સુધી અતિ ધનિકોની સંખ્યા 26,000 સુધી પહોંચશે!

# ભારતમાં બિલિયોનેરમાં સતત વધારો

**વર્ષ 2025 માં આવા પરિવારોની સંખ્યા 16,000 હતી, જે વર્ષ 2030 સુધીમાં વધીને લગભગ 26,000 થવાની ધારણા છે. અલ્ટ્રા-હાઇ-નેટ-વર્થ લોકોની યાદીમાં નવા સભ્યો ઉમેરવાની બાબતમાં ભારત અત્યારે વૈશ્વિક સ્તરે માત્ર અમેરિકા અને ચીનથી જ પાછળ એટલે કે વિશ્વમાં ત્રીજા ક્રમે છે.**

મુંબઈ

ભારત અત્યારે આર્થિક વિકાસના એક સુવર્ણ યુગમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં અબજોપતિઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળી રહ્યો છે. 'ધ ઈકોનોમિક ટાઈમ્સ' અને '1લેટીસ' (1Lattice, વ્યવસાયિક સંશોધન અને સલાહકાર સંસ્થા) ના 'ધ ઈન્ડિયન ફેમિલી ઓફિસ રિપોર્ટ 2026' અનુસાર, ભારતમાં $30 મિલિયન (આશરે રૂ. 280 કરોડ) થી વધુ સંપત્તિ ધરાવતા પરિવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવવાનો છે. વર્ષ 2025 માં આવા પરિવારોની સંખ્યા 16,000 હતી, જે વર્ષ 2030 સુધીમાં વધીને લગભગ 26,000 થવાની ધારણા છે. અલ્ટ્રા-હાઈ-નેટ-વર્થ લોકોની યાદીમાં નવા સભ્યો ઉમેરવાની બાબતમાં ભારત અત્યારે વૈશ્વિક સ્તરે માત્ર અમેરિકા અને ચીનથી જ પાછળ એટલે કે વિશ્વમાં ત્રીજા ક્રમે છે. સમયની સાથે આ પરિવારોના રોકાણના અભિગમમાં પણ મોટો બદલાવ આવ્યો છે. અગાઉની પેઢીઓ જ્યાં પરંપરાગત રીતે સક્રિય રહીને પોતાના મુખ્ય વ્યવસાયો ચલાવતી હતી, તેનાથી વિપરીત આજની નવી પેઢી સંપત્તિના સક્રિય સંચાલન અને રોકાણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કેટલાક મોટા પરિવારોએ તો પોતાના ઓપરેટિંગ બિઝનેસનું મુદ્રીકરણ (મોનેટાઈઝેશન) કરીને તેનું સંચાલન પ્રોફેશનલ્સને સોંપી દીધું છે અને તેઓ પોતે મૂડીનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવા પર વધુ ધ્યાન આપી રહ્યા છે. સૌથી રસપ્રદ વાત એ છે



કે, હવે 50% થી વધુ ભારતીય ફેમિલી ઓફિસો પોતાના રોકાણના નિર્ણયોમાં મિલેનિયલ્સ અથવા જેન ઝી (Gen Z) ના સભ્યોને સામેલ કરી રહી છે. આ આગામી પેઢીના લગભગ 30% ભારતીય રોકાણકારો પરંપરાગત વ્યવસાયોના બદલે સ્ટાર્ટઅપ્સમાં, ખાસ કરીને હેલ્થ ટેક, ફિનટેક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા આધુનિક અને ફ્યુચરિસ્ટિક ક્ષેત્રોમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે. શાસન, કસ્ટોડિયનશિપ અને રેસિડેન્સી પ્લાનિંગ જેવી બાબતો હવે તેમની સંપત્તિ વ્યવસ્થાપન વ્યુહરચનાનો એક મુખ્ય હિસ્સો બની ગઈ છે. ભારત અત્યારે આર્થિક વિકાસના એક સુવર્ણ યુગમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં અબજોપતિઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળી રહ્યો છે. 'ધ ઈકોનોમિક ટાઈમ્સ' અને '1લેટીસ' (1Lattice, વ્યવસાયિક સંશોધન અને સલાહકાર સંસ્થા) ના 'ધ ઈન્ડિયન ફેમિલી ઓફિસ રિપોર્ટ 2026' અનુસાર, ભારતમાં $30 મિલિયન (આશરે રૂ. 280 કરોડ) થી વધુ સંપત્તિ ધરાવતા પરિવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવવાનો છે. વર્ષ 2025 માં આવા પરિવારોની સંખ્યા 16,000 હતી, જે વર્ષ 2030 સુધીમાં વધીને લગભગ 26,000 થવાની ધારણા છે. અલ્ટ્રા-હાઈ-નેટ-વર્થ લોકોની યાદીમાં નવા સભ્યો ઉમેરવાની બાબતમાં ભારત અત્યારે વૈશ્વિક સ્તરે માત્ર અમેરિકા અને ચીનથી જ પાછળ એટલે કે વિશ્વમાં ત્રીજા ક્રમે છે. સમયની સાથે આ પરિવારોના રોકાણના અભિગમમાં પણ મોટો બદલાવ આવ્યો છે. અગાઉની પેઢીઓ જ્યાં પરંપરાગત રીતે સક્રિય રહીને પોતાના મુખ્ય વ્યવસાયો ચલાવતી હતી, તેનાથી વિપરીત આજની નવી પેઢી સંપત્તિના સક્રિય સંચાલન અને રોકાણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કેટલાક મોટા પરિવારોએ તો પોતાના ઓપરેટિંગ બિઝનેસનું મુદ્રીકરણ (મોનેટાઈઝેશન) કરીને તેનું સંચાલન પ્રોફેશનલ્સને સોંપી દીધું છે અને તેઓ પોતે મૂડીનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવા પર વધુ ધ્યાન આપી રહ્યા છે.

## સેન્સેક્સ 291 પોઈન્ટ વધીને 77,094 પર બંધ

- **નિફ્ટીમાં પણ 89 પોઈન્ટનો ઉછાળો રહ્યો; મીડિયા અને ફાર્મા શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી**

મુંબઈ

સોમવારે ઘરેલુ શેરબજારમાં મજબૂત રિકવરી જોવા મળી. ઈન્ડેક્સ હેવીવેઈટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં જોરદાર ખરીદીએ પણ બજારના ઉછાળાને ટેકો આપ્યો. સિપ્લા, ઈન્ફોસિસ અને ટેક મહિન્દ્રા નિફ્ટી50 પર ટોચના ગેઈનર્સમાં હતા. લીલા નિશાનમાં બંધ શેરબજાર બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયુ. સેન્સેક્સ 291.17 પોઈન્ટના વધારા સાથે 77,094 અંકે બંધ થયો. નિફ્ટી +89.80 પોઈન્ટના વધારા સાથે 24,102 અંકે બંધ થયો. વ્યાપક બજારમાં પણ સકારાત્મક વલણ જોવા મળ્યું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે 0.48 ટકા અને 0.58 ટકાના વધારા સાથે ટ્રેડ કરી રહ્યા હતા. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી IT ઈન્ડેક્સમાં 1 ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો, જે તેને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ક્ષેત્ર બનાવ્યું. વધુમાં, નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ અને નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં નોંધપાત્ર વધારો નોંધાયો. તેનાથી વિપરીત, નિફ્ટી કેમિકલ ઈન્ડેક્સ વ્યાપક બજારની તુલનામાં નબળો દેખાવ કરતો દેખાયો. FMCG અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સિવાય, બધા સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા. મીડિયા, IT, મેટલ, ફાર્મા, ઓટો અને એનર્જી સૂચકાંકો 0.5-1 ટકા વધ્યા, જે તેજીમાં વ્યાપક ભાગીદારી દર્શાવે છે. વ્યાપક બજાર પણ મજબૂત રહ્યું, નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.3 ટકા અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.5 ટકા વધ્યો. આંતરરાષ્ટ્રીય બજારમાં, જૂન ડિલિવરી માટે બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ 1.45 ટકા ઘટીને $79.40 પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યા હતા.

# રૂપિયા 2700 કરોડની લોન માટે મ્યુનિસિપલ મિલકતો ગિરવી મૂકવાની હિલચાલથી ચર્ચા ગરમ!



**રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા દેવાના ડુંગર નીચે?**

અમદાવાદ

રાજ્યની સૌથી મોટી અને આર્થિક રીતે સક્ષમ ગણાતી મહાનગરપાલિકાને લઈને એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના નામે વર્લ્ડ બેંક (World Bank) પાસેથી આશરે ૨૭૦૦ કરોડ રૂપિયાની તોતિંગ લોન લેવાની તૈયારીઓ ચાલી રહી છે. આ લોનના સંદર્ભમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ સ્થાવર અને જંગમ મિલકતોનું વેલ્યુએશન (મૂલ્યાંકન) કરાવવા માટે એક ખાનગી એજન્સીની નિમણૂક કરવામાં આવતા જ મ્યુનિસિપલ વર્તુળો અને રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

તંત્ર દ્વારા સત્તાવાર રીતે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ મિલકતોમાંથી વધુ આવક કેવી રીતે ઊભી કરી શકાય તે માટેનો રિપોર્ટ તૈયાર કરાવવા એજન્સી રોકાઈ છે. પરંતુ, અંદરની વાત કંઈક જુદી જ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

શું મ્યુનિસિપલ મિલકતો વર્લ્ડ બેંક પાસે ગિરવી મુકાશે?

મ્યુનિસિપલ કોર્પોરેશનના આંતરિક વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, વર્લ્ડ બેંક પાસેથી ૨૭૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમની લોન મેળવવા માટે મ્યુનિસિપલ પ્રોપર્ટી ગિરવી મૂકવી પડે તેમ છે. બેંકના નિયમો અને ગેરંટીના ભાગરૂપે જ મ્યુનિ.ની તમામ નાની-મોટી મિલકતો, પ્લોટ્સ અને સરકારી ઈમારતોનું ચોક્કસ મૂલ્યાંકન કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવાના બહાને આખીય મહાનગરપાલિકાની મિલકતોને દેવાના જોખમ હેઠળ લાવી

## ■ ખાનગી એજન્સીને કામ સોંપાતા શંકા ઘેરી બની

કોર્પોરેશન પાસે પોતાનું આખું રેવન્યુ અને એસ્ટેટ ડિપાર્ટમેન્ટ હોવા છતાં, મિલકતોનું મૂલ્યાંકન કરવા અને આવકના સ્ત્રોત શોધવા માટે કરોડોના ખર્ચે ખાનગી એજન્સીને કેમ રોકવામાં આવી? તે બાબત જ શંકા ઉપજાવનારી છે. વિપક્ષ અને જનતામાં ચર્ચા છે કે ખાનગી એજન્સીના રિપોર્ટની આડમાં કરોડોની લોન પાસ કરાવવાનો રોડમેપ તૈયાર થઈ રહ્યો છે.

## ■ જનતાના ટેક્સના નાણાં ક્યાં જાય છે?

આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ જાગૃત નાગરિકોમાં પણ તીખી પ્રતિક્રિયા જોવા મળી રહી છે. લોકો સવાલ પૂછી રહ્યા છે કે જો દર વર્ષે કરોડો રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ અને અન્ય વેરા વસૂલવામાં આવતા હોય, તો પછી શહેરના વિકાસ માટે છેક વર્લ્ડ બેંક સામે હાથ લાંબો કરવાની અને મિલકતો ગિરવી મૂકવાની નોબત કેમ આવી?

જો આ લોન પાસ થશે અને ભવિષ્યમાં તેની ભરપાઈ કરવામાં તંત્ર નિષ્ફળ જશે, તો શું શહેરની સરકારી મિલકતો પર વર્લ્ડ બેંકનો કબજો થઈ જશે? વિકાસના નામે વહીવટદારો દ્વારા લેવાઈ રહેલા આ આંધળા આર્થિક નિર્ણયો મહાનગરપાલિકાને ક્યાં જઈને ડૂબાડશે તે તો સમય જ બતાવશે.

સનાથલની સીમમાં ચાલતા

# હાઇપ્રોફાઇલ જુગારધામ પર પોલીસના દરોડા : 15 લાખના મુદ્દામાલ સાથે 5 ઝડપાયા

વૉન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી




અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે જુગારના કારોબાર સામે લાલ આંખ કરી છે. ચાંગોદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સનાથલ ગામની સીમમાં એક ખેતરમાં ચાલતા મોટા જુગારધામ પર LCBની ટીમે મોડી રાત્રે માહિતીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે જુગાર રમતા 5 શખસોને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે અન્ય 8 શખસો નાસી જવામાં સફળ રહ્યા હતા.

મળતી માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય LCBની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેને બાતમી મળી હતી કે સનાથલ ગામની સીમમાં આવેલા એક ખેતરમાં મોટા પાયે જુગારધામ ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે ખેતરમાં દરોડા પાડ્યા હતા, જ્યાં પૈસાની હાર-જીતનો જુગાર રમી રહેલા કૌશીક પટેલ, દિગ્વીજયસિંહ ચૌહાણ, ચીંતન પટેલ, વિક્રમ ઠાકોર અને સિધ્ધરાજસિંહ ચૌહાણની ધરપકડ કરી હતી. આ ઉપરાંત મહાવિરસિંહ ઉર્ફે માવુ ચૌહાણ, ગોવિંદસિંહ પરમાર, જગદીશસિંહ ચૌહાણ, રોહીત પટેલ, નરેન્દ્ર ઉર્ફે ટીના ઠાકોર, અશ્વિન પરમાર, નીતેષ ઉર્ફે લાલા પ્રજાપતિ અને રસીક ઉર્ફે કાળુ ઠાકોર. ઘટનાસ્થળેથી નાસી જવામાં સફળ રહ્યા હતા. જેને વૉન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.

પોલીસે દરોડા દરમિયાન જુગારના પટમાંથી અને આરોપીઓ પાસેથી મોટી માત્રામાં મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ઘટનાસ્થળેથી રોકડા 1,75,000 રૂપિયા, 50,000 રૂપિયાની કિંમતના 6 નંગ મોબાઈલ ફોન અને 13,50,000 રૂપિયાની કિંમતના 8 વાહનો મળી કુલ 15,75,000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાય હતો. આ મામલે ચાંગોદર પોલીસ મથકે ગુનો નોંધીને પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે,

# વહેલી સવારે ઘરની બહારથી પશુની ચોરી કરતી ગેંગનો આરોપી ઝડપાયો : દોઢ વર્ષથી ફરાર હતો

મળતી માહિતી અનુસાર, વર્ષ 2025માં ચાંગોદર ગામમાં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા કેતનગીરી ગોસ્વામીની ગાયને વહેલી સવારે કારમાં આવેલા ચાર શખસો ચોરી કરીને ભાગી રહ્યા હતા



અમદાવાદ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને મોટી સફળતા મળી છે. ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત વર્ષ 2025માં થયેલી પશુ ચોરીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી કમરૂદ્દીન ઉર્ફે લાલા મીરને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર છે અને તેની સામે અલગ-અલગ જિલ્લામાં અનેક ગુનાઓ નોંધાયેલા છે.

મળતી માહિતી અનુસાર, વર્ષ 2025માં ચાંગોદર ગામમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા કેતનગીરી ગોસ્વામીની ગાયને વહેલી સવારે કારમાં આવેલા ચાર શખસો ચોરી કરીને ભાગી રહ્યા હતા. આ દરમિયાન કેતનગીરી જાગી જતાં તેણે ચોરોનો પીછો પણ કર્યો હતો, પરંતુ આરોપીઓ ગાયને કારમાં ભરીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. આ અંગે ચાંગોદરા પોલીસમાં પશુ ચોરીનો ગુનો નોંધાયો હતો.

ચાંગોદર પોલીસ આ ગુનાના આરોપીઓને શોધી રહી હતી, તે દરમિયાન અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે આ ગેંગનો મુખ્ય વોન્ટેડ આરોપી કમરૂદ્દીન ઉર્ફે લાલા મીર શહેરમાં આસપાસ ફરી રહ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો અને હવે તેને કાયદેસરની કાર્યવાહી તથા આગળની પૂછપરછ માટે ચાંગોદર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

પકડાયેલ આરોપી સામે અમદાવાદ ગ્રામ્ય, વડોદરા અને સુરેન્દ્રનગર સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં પશુ ચોરી, ચોરી, પ્રોહિબિશન અને અન્ય ગંભીર પ્રકારના કુલ 16 ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.

# અમદાવાદમાં રાયફલ ક્લબ પાસે ફૂટપાથ પરથી કપડામાં લપેટેલું મૃત બાળક મળ્યું, દુર્ગંધ આવતા લોકોએ પોલીસને જાણ કરી

અમદાવાદ

અમદાવાદ શહેરના ખાનપુર વિસ્તારમાં આવેલા રાયફલ ક્લબની પાસે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા નવજાત મૃત બાળકને મૂકી દેવામાં આવ્યું છે.આસપાસના લોકોને તીવ્ર ગંધ આવતા પોલીસને જાણ કરી હતી.પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરતા બાળકના શરીરમાંથી કીડા નીકળવા લાગ્યા હતા.બાળકને આ સ્થિતિમાં કોણ મૂકી ગયું તે અંગે શાહપુર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

રાયફલ ક્લબ પાસેથી ગઈકાલે(21 જૂન) મોડી રાતે લોકોની અવરજવર વચ્ચે તીવ્ર દુર્ગંધ આવી રહી હતી ત્યારે લોકોએ ફૂટપાથ પર ગાડીની પાછળ જઈને જોયું તો એક કપડામાં લપેટેલું નવજાત બાળક મૃત હાલતમાં હતું. સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી જેથી પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી.પોલીસે જઈને તપાસ કરી ત્યારે ફાટેલા મરૂન કલરના કપડામાં લપેટેલું મૃત બાળક હતું.

બાળકના શરીરમાં અલગ અલગ જગ્યાએથી કીડા નીકળી રહ્યા હતા.પોલીસ દ્વારા તાત્કાલિક મૃતદેહને ત્યાંથી પીએમ માટે મોકલી દેવામાં આવ્યો હતો.બાળક આ જગ્યા સુધી કેવી રીતે પહોંચ્યું અને કોણ મૂકી ગયું તે મામલે તપાસ કરવામાં આવી રહી છે.શાહપુર પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદ અ.મ્યુ.કો. તંત્રની ઘોર તાનાશાહી

# બહેરામપુરાના સંતોષનગરમાં આંગણવાડીનું કામ 6 મહિનાથી ઠપ્પ, શું તંત્ર લુખ્ખા તત્વોથી ડરી ગયું?

ફાંસીની સજાના પણ આટલા કાગળ ન બને, જેટલી આંગણવાડી માટે અરજીઓ થઈ!

અમદાવાદ

ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) એક તરફ 'કન્યા કેળવણી' અને 'શિક્ષણ'ના નામે કરોડો રૂપિયાના હોર્ડિંગ્સ લગાવીને મોટી-મોટી ગુલબાંગો પોકારે છે, તો બીજી તરફ સ્માર્ટ સિટી અમદાવાદના જ એક વિસ્તારમાં નાના બાળકોના ભવિષ્યને સરકારી બાબુઓ અને સ્થાનિક અસામાજિક તત્વો મળીને રોળી રહ્યા છે. અમદાવાદના બહેરામપુરા વોર્ડમાં આવેલા સંતોષનગર વિસ્તારમાં છેલ્લા 6 થી 7 મહિનાથી નાના બાળકો માટેની આંગણવાડી બનાવવાનું કામ અચાનક બંધ કરી દેવામાં આવ્યું છે. કોન્ટ્રાક્ટર અને એ.એમ.સી.નું તંત્ર જાણે ક્યાંક ગાયબ થઈ ગયું છે. વારંવારની લેખિત રજૂઆતો છતાં મણિનગર દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ ગાંધીજીના ત્રણ વાંદરા બનીને આંખ, કાન અને મોં બંધ કરીને બેઠા છે, જેને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. સંતોષનગરના તમામ ધર્મ અને જ્ઞાતિના સ્થાનિક નાગરિકોએ રોષે ભરાઈને સણસણતો સવાલ પૂછ્યો છે કે, 'શું અમે ભારત દેશના નાગરિક નથી? શું અમારા ગરીબ અને મધ્યમ વર્ગના નાના બાળકોને ભણવાનો અને ઉજ્જવળ ભવિષ્ય બનાવવાનો કોઈ અધિકાર નથી?' સ્થાનિકોના જણાવ્યા મુજબ, દેશમાં કોઈ ગુનેગારને ફાંસીની સજા આપવાની હોય તોય કદાચ આટલા કાગળિયા કે ફાઈલો નહીં બનતી હોય, જેટલી અરજીઓ સંતોષનગરના રહીશોએ આંગણવાડી ચાલુ કરાવવા માટે તંત્રને કરી છે. છતાં એ.એમ.સી.ના ભ્રષ્ટ અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી.

સ્થાનિકોનો સૌથી મોટો ડર અને ગંભીર આક્ષેપ એ છે કે, જો પોલીસ ચોકીની પાછળ આવેલી એ.એમ.સી.ની આ ખુલ્લી જગ્યામાં આંગણવાડીનું કામ પૂરું કરવામાં નહીં આવે અને ત્યાં પેન્ડયુઝ કે અન્ય કોઈ ગેરકાયદે બાંધકામ ઊભું થશે, તો સાંજ પડતાં જ ત્યાં અસામાજિક તત્વો દેશી-વિદેશી દારૂની મહેફિલો જમાવશે અને આખો વિસ્તાર જુગારધામ બની જશે. આ વિસ્તારમાં 100 મીટરના અંતરે હનુમાનજી મંદિર પાસે ઓલરેડી પબ્લિક ટોયલેટ બનેલા છે અને ઘરે-ઘરે પણ શૌચાલય છે, છતાં અમુક અસામાજિક તત્વો પોતાના અંગત સ્વાર્થ અને જગ્યા દબાવવા માટે આંગણવાડીના વિકાસ કામમાં અડચણ ઊભી કરી રહ્યા છે. સંતોષનગરની જનતા હવે આરપારના મૂડમાં છે. તેમણે તંત્રને સીધો પડકાર ફેંકતા પૂછ્યું છે કે, સરકાર અને એ.એમ.સી. ખરેખર બાળકોના વિકાસની સાથે છે કે પછી પોતાના મળતીયા કમિશનખોર કોન્ટ્રાક્ટરો અને લુખ્ખા તત્વો સાથે સેટિંગમાં વ્યસ્ત છે?

# અમદાવાદની શારદાબેન હોસ્પિટલ ફરી વિવાદોના વમળમાં : ડોક્ટરોની ઘોર બેદરકારીથી દર્દીના મોતનો આક્ષેપ, હોસ્પિટલમાં પરિવારે કર્યો ભારે હોબાળો

પેટમાં ગેસની તકલીફ હતી અને પૂછ્યા વગર ઓપરેશન કરી દીધું!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શારદાબેન હોસ્પિટલ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. ગરીબો અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદ સમાન ગણાતી આ હોસ્પિટલ હવે જાણે વિવાદોનું ઘર બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા માત્ર ચાર દિવસની અંદર જ હોસ્પિટલના તંત્ર અને ડોક્ટરોની બેદરકારી સામે દર્દીઓના સગા દ્વારા આક્ષેપ કરવાની આ બીજી મોટી ઘટના સામે આવી છે. આજે સવારે એક દર્દીનું મોત નિપજતા રોષે ભરાયેલા પરિવારજનોએ હોસ્પિટલ કેમ્પસમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને ન્યાયની માંગ કરી હતી. મળતી વિગતો મુજબ, મૃતક દર્દીને પેટમાં ગેસની સામાન્ય સમસ્યા હોવાને કારણે ગત શનિવારે શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારનો અત્યંત ગંભીર અને ચોંકાવનારો આક્ષેપ છે કે હોસ્પિટલના ડોક્ટરોએ પરિવારની કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી લીધા વિના કે પૂછ્યા વગર જ દર્દીનું ઓપરેશન કરી નાખ્યું હતું. ઓપરેશન કર્યા બાદ દર્દીની તબિયત વધુ લથડી હતી અને આજે સોમવારે સવારે સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું. સામાન્ય બીમારીની સારવાર માટે લાવેલા સ્વજનનું અચાનક મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હોસ્પિટલના પટાંગણમાં જ પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. મૃતકના સગાએ રોષે ભરાઈને આક્ષેપ કર્યો છે કે, 'આ કોઈ કુદરતી મોત નથી, પરંતુ હોસ્પિટલ અને ડોક્ટરોની સદંતર બેદરકારીનું પરિણામ છે. જો ગેસની તકલીફ હતી તો પૂછ્યા વગર ઓપરેશન કેમ કરવામાં આવ્યું?' ચાર દિવસમાં જ બનેલી આવી બીજી ઘટનાને પગલે હવે શારદાબેન હોસ્પિટલના વહીવટી તંત્ર અને ડોક્ટરોની કાર્યશૈલી સામે મોટા સવાલો ઊભા થયા છે.

કમિશનર કચેરીએ દોડી ગયા રહીશો

# પુનિતનગરમાં બૂટલેગરોના ત્રાસ મામલે હોબાળો : આંતરિક માથાકૂટ દારૂના મુદ્દે ડાયવર્ટ કરાયાનું પોલીસ તપાસમાં ઘટસ્ફોટ

અમદાવાદ

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલી પુનિત સોસાયટીમાં ગઈકાલે મોડી રાત્રે સ્થાનિક રહીશો અને પોલીસ તંત્ર વચ્ચે ભારે હોબાળો મચી ગયો હતો. સોસાયટીના પાછળના ભાગે ચાલતા દારૂના ગેરકાયદે અડ્ડા અને બુટલેગરોના ત્રાસથી કંટાળીને રહીશોએ દેખાવો કર્યો હતો. આ ઉપરાંત મોટી સંખ્યામાં મહિલાઓ રાત્રિના સમયે સીધા પોલીસ કમિશનર (CP) કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચી જતાં મામલો ગરમાયો હતો. બીજી તરફ પોલીસે આ મામલે આંતરિક માથાકૂટને દારૂના મુદ્દા પર ડાયવર્ટ કરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો છે. સોસાયટીના રહીશો અને ફરિયાદીના જણાવ્યા અનુસાર, રાણીપ-કાળીગામ રોડ પર આવેલી પુનિત સોસાયટીના પાછળના ગેટ પાસે દારૂનું સ્ટેન્ડ ચાલતું હતું, જેનો સ્થાનિકો લાંબા સમયથી વિરોધ કરી રહ્યા હતા. લોકોએ ગઈકાલે બપોરે રાણીપ



પોલીસ સ્ટેશનમાં PIને રજૂઆત કરી દારૂનો વેપલો બંધ કરાવ્યો હતો. પરંતુ રહીશોનો આક્ષેપ છે કે, પોલીસની કાર્યવાહીના માત્ર બે જ કલાકમાં બુટલેગરોએ સોસાયટીના બીજા ગેટ પાસે દારૂનું સ્ટેન્ડ ફરી ચાલુ કરી દીધું હતું. આ બાબતની અદાવત રાખીને સાંજે સોસાયટીની મહિલાઓ અને છોકરાઓની છેડતી કરી બુટલેગરોએ 'બહાર આવો, તમને જોઈ લઈશું' તેવી ધમકીઓ આપી હતી. રાણીપ પોલીસે છેડતી અંગે યોગ્ય રજૂઆત ન સાંભળતા રહીશોમાં આક્રોશ બેવડાયો હતો અને તેઓ રાત્રે જ મોટી સંખ્યામાં CP ઓફિસ પહોંચ્યા હતા. જ્યાંથી સૂચના મળતાં આખરે રાણીપ પોલીસે આ મામલે FIR નોંધી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. બીજી તરફ, સમગ્ર મામલે રાણીપ પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું કે, 'સોસાયટી અને પાછળની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો વચ્ચેની આંતરિક માથાકૂટ છે જેને જાણીજોઈને દારૂના મુદ્દા પર ડાયવર્ટ કરવામાં આવી રહી છે. ગઈકાલે રાત્રે આઠ વાગ્યાની આસપાસ એક ભાઈ ઓવરસ્પીડમાં બાઈક લઈને પસાર થયો, જેને સોસાયટીવાળાઓએ ભેગા થઈને માર માર્યો હતો અને જ્યારે પોલીસે ત્યાં પહોંચીને મારવાનું કારણ પૂછ્યું, ત્યારે પોતાનો બચાવ કરવા માટે આ લોકોએ દારૂના બહાના કાઢવાનું ચાલુ કર્યું હતું.'

# અમદાવાદમાં રથયાત્રા પૂર્વે પવિત્ર જળયાત્રાની આગોતરી તૈયારીઓ તેજ

અમિત શાહ અને મેયર હિતેશ બારોટે વાસણા બેરેજની લીધી મુલાકાત

અમદાવાદ

અમદાવાદની ઐતિહાસિક અને જગવિખ્યાત અષાઢી દૂજની રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર શહેરમાં ભક્તિનો માહોલ જામી રહ્યો છે. રથયાત્રા પૂર્વે યોજાનારી પરંપરાગત અને પવિત્ર જળયાત્રાની આગોતરી તૈયારીઓના ભાગરૂપે આજે વહીવટી તંત્ર અને પદાધિકારીઓ એક્શન મોડમાં જોવા મળ્યા હતા. એલીસબ્રીજ વિસ્તારના ધારાસભ્ય અમિતભાઈ શાહ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર હિતેશ બારોટ સહિતના સાથી પદાધિકારીઓએ આજે વાસણા બેરેજની ખાસ મુલાકાત લીધી હતી અને સમગ્ર વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી.

જળયાત્રા દરમિયાન સાબરમતી નદીના પવિત્ર જળથી ભગવાન જગન્નાથજીનો જળાભિષેક કરવામાં આવતો હોય છે, જે રથયાત્રાનો સૌથી મહત્વનો ઉત્સવ ગણાય છે. આ ધાર્મિક મહોત્સવમાં હજારો ભક્તો ઉમટી પડતા હોવાથી સાબરમતી નદીના કિનારે અને વાસણા બેરેજ ખાતે પાણીનું સ્તર જળવાઈ રહે, પૂરતી સફાઈ હોય અને ભક્તોની સુરક્ષામાં કોઈ ખામી ન રહી જાય તે માટે ધારાસભ્ય અને મેયરે ઝીણવટભરી તપાસ કરી હતી. તેમણે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી તમામ પગલાં સમયસર પૂર્ણ કરવા માટે કડક સૂચનાઓ આપી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથની રથયાત્રા અને જળયાત્રા એ માત્ર અમદાવાદ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતની આસ્થાનું પ્રતીક છે. આ મહોત્સવ ભવ્ય અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે કોર્પોરેશનનું આખું તંત્ર રાત-દિવસ કામ કરી રહ્યું છે. વાસણા બેરેજ ખાતે મુલાકાત દરમિયાન સુરક્ષા અને પાણીના પ્રવાહના નિયમન અંગે પણ સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે મહત્વની ચર્ચા કરવામાં આવી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI